# ગિરનારના પૃષ્ઠો

# પ્રસ્તાવના

ગીરનાર જંગલ ૧૭૯ ચો.કી.મી. વિસ્તારમાં પ્રસરેલ છે. ગીરનારના જંગલમા ૩૦૦ થી ૧૨૦૦ મી. મી. વરસાદ પડે છે. આબોહવા અને પર્યાવિરણની અનુકુળતા મુજબ ગીરનારમાં આશરે ૬૫૦ જેટલી વનસ્પતિઓ જોવા મળે છે. જેમા લીલ, દ્દિઅંગી, ત્રિઅંગી, બીજધારી અને અનાવૃત બીજધારી વનસ્પતિનો સમાવેશ થાય છે, તેમાં પણ ઘાસ, વેલા, છોડ, ઝાડી અને વૃક્ષ જોવા મળે છે. વૃક્ષ વિશેની માહિતી ગીરનારના ફોરેસ્ટ સ્ટાફ્ને મળી રહે, તે હેતુથી આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. પુસ્તકમાં નાના, મધ્ય અને મોટા એમ કુલ ૧૦૫ વૃક્ષની માહિતી છે. જેમા વૃક્ષનો વર્ગ, વિવિધ નામ, વર્ણન, ઉપયોગ, ફળ-ફૂલ આવવાનો સમય, કયા પ્રદેશમાં જોવા મળે છે તથા કેવી રીતે વૃક્ષ ઉછેર થાય તે વિશેની પ્રાથમિક માહિતી આપેલ છે અને વૃ ક્ષનો ફોટોગ્રાફ જેમા થડ, પાન, ફૂલ અને ફળ સાથે રાખેલ છે, જેથી વૃક્ષની ઓળખ સરળતાથી થઈ શકે.

**"જે સમય ચિંતામાં જાય છે, તે સમય કચરા પેટીમાં જાય છે.**
**જે સમય ચિંતનમાં જાય છે, તે સમય તિજોરીમાં જાય છે."**

**કુ. ગુલાબ.પી.સુહાગીયા**
**(વનપાલ સહાયક)**

**॥ મૂલ બ્રમા ત્વચા વિષ્ણુ શાખે રૂદ્ર મહેશ્વરમ**
**પત્ર પત્ર તું દેવસ્યભ્યમ વૃક્ષરાજ નમસ્તુભ્યમ ॥**

**અર્થાત**

"જેના મૂળમાં જગતપિતા બ્રહમાનો વાસ છે, શરીરમાં વિષ્ણુ ભગવાન,
ડાળીઓમાં શંકર ભગવાનનો વાસ છે અને દરેક પર્ણમાં દેવતાઓને
ધારણ કર્યા છે, તેવા વૃક્ષરાજને હું નમસ્કાર કરુ છું."

**સંકલનઃ**

**કુ. ગુલાબ પી. સુહાગીયા**
(વનપાલ સહાયક)

**માર્ગદર્શનઃ**

(૧) નાયબ વન સંરક્ષકશ્રી આરાધના શાહુ
(૨) મદદનીશ વન સંરક્ષકશ્રી કે. એ. ગાંધી
(૩) પરીક્ષેત્ર વન અધિકારીશ્રી ડી. જે. પંડયા
(૪) પરીક્ષેત્ર વન અધિકારીશ્રી પી. જે. મારૂ

**વૃક્ષની ઓળખઃ**

પરીક્ષેત્ર વન અધિકારીશ્રી એસ. ટી. કોટડીયા (સંશોધન રેન્જ)

**કોમ્પ્યુટર ડીઝાઈનઃ**

પગમાર્ક ક્યુમ્યુલસ કન્સોર્ટીયમ, અમદાવાદ

**કાર્ય સહયોગઃ**

(૧) શ્રી વી. એસ. ખેર (આર.એફ.ઓ.)
(૨) કુ. વી. ડી. અંટાલા (વ.પા.સ.)
(૩) શ્રી એચ. એલ. ભરડા (ફો.ગાર્ડ)
(૪) શ્રી આર. વી. ચુડાસમા (ફો.ગાર્ડ)
(૫) શ્રી બી. જી. અમરેલીયા (ફો.ગાર્ડ)
(૬) શ્રી એ. એસ. ઉદાણી (રોજમદાર)
(૭) શ્રી સી. એસ. ઉદાણી (રોજમદાર)
(૮) શ્રી ડી. પી. ચૌહાણ (રોજમદાર)

# અનુક્રમણિકા


| ગુજરાતી નામ | બોટાનીકલ નામ | પેજ નં. |
|---|---|---|
| ૧. અલીવ | *Meyna laxiflora* | ૯ |
| ૨. અંબેડા | *Spondias pinnata* | ૧૧ |
| ૩. આસન | *Briedelia squamosa* | ૧૩ |
| ૪. એકલ કાંટો | *Briedelia retusa* | ૧૫ |
| ૫. આંકોલ | *Alangium salvifolium* | ૧૭ |
| ૬. આલ | *Morinda pubescens* | ૧૯ |
| ૭. અણીયાર | *Acacia tomentosa* | ૨૧ |
| ૮. અરીઠા | *Sapindus trifoliatus* | ૨૩ |
| ૯. આસીત્રો | *Bauhinia racemosa* | ૨૫ |
| ૧૦. અરડૂસો | *Ailanthus excels* | ૨૭ |
| ૧૧. આમળા | *Phyllanthus emblica* | ૨૯ |
| ૧૨. આંબલી | *Tamarindus indica* | ૩૧ |
| ૧૩. આંબો | *Mangifera indica* | ૩૩ |
| ૧૪. અર્જુન સાદડ | *Terminalia arjuna* | ૩૫ |
| ૧૫. ઈંગોરીયા | *Balanites aegyptiaca* | ૩૭ |
| ૧૬. ઉંભ | *Miliusa tomentosa* | ૩૯ |
| ૧૭. ઉમરો | *Ficus racemosa* | ૪૧ |
| ૧૮. બીયો | *Pterocarpus marsupium* | ૪૩ |
| ૧૯. બહેડા | *Terminalia bellirica* | ૪૫ |
| ૨૦. બોરસલી | *Minusops elengi* | ૪૭ |
| ૨૧. બકામ લીમડો | *Melia azadirachta* | ૪૯ |
| ૨૨. બીલી | *Aegle marmelos* | ૫૧ |
| ૨૩. કાકડ | *Garuga pinnata* | ૫૩ |
| ૨૪. કડાયો | *Sterculia urens* | ૫૫ |
| ૨૫. કપીલો | *Mallotus philippensis* | ૫૭ |
| ૨૬. કીલાઈ | *Albizia procera* | ૫૯ |
| ૨૭. કલમ | *Mitragyna parvifolia* | ૬૧ |
| ૨૮. ઈન્દ્રજવ | *Holarrhena pubescens* | ૬૩ |
| ૨૯. કાસીદ | *Cassia siamea* | ૬૫ |
| ૩૦. કડવો સરગવો | *Moringa concanensis* | ૬૭ |
| ૩૧. કાંચનાર | *Bauhinia purpurea* | ૬૯ |
| ૩૨. કરંજ | *Pongamia pinnata* | ૭૧ |
| ૩૩. કઠ ગુંદી | *Cordia monoica* | ૭૩ |
| ૩૪. કોદારો | *Firmiana colorata* | ૭૫ |

| | | |
|---|---|---|
| ૩૫. કોઠી | *Limonia acidissima* | ૭૭ |
| ૩૬. કડવો લીમડો | *Azadirachta indica* | ૭૯ |
| ૩૭. ખટુંબો | *Bauhinia malabarica* | ૮૧ |
| ૩૮. ખાખરો | *Butea monosperma* | ૮૩ |
| ૩૯. ખજુરી | *Phoenix sylvestris* | ૮૫ |
| ૪૦. ખેર | *Acacia catechu* | ૮૭ |
| ૪૧. ખીજડો | *Prosopis cineraria* | ૮૯ |
| ૪૨. ગુંદો | *Cordia dichotoma* | ૯૧ |
| ૪૩. ગાંગેડા | *Tarminalia uliginosa* | ૯૩ |
| ૪૪. ગરમાળો | *Cassia fistula* | ૯૫ |
| ૪૫. ગોરસ આંબલી | *Pithecellobium dulce* | ૯૭ |
| ૪૬. ગોરડ બાવળ | *Acacia senegal* | ૯૯ |
| ૪૭. ગુલમહોર | *Delonix regia* | ૧૦૧ |
| ૪૮. ઘુટબોર | *Zizipus xylopyrus* | ૧૦૩ |
| ૪૯. જલ જાંબુ | *Syzygium heyneanum* | ૧૦૫ |
| ૫૦. જંગરીયો ખાખરો | *Erythrina suberosa* | ૧૦૭ |
| ૫૧. જંગલી બદામ | *Sterculia foetida* | ૧૦૯ |
| ૫૨. ચંદન | *Santalum album* | ૧૧૧ |
| ૫૩. ચરેલ | *Holoptelea integrifolia* | ૧૧૩ |
| ૫૪. ટીમરૂ | *Diospyros melanoxylon* | ૧૧૫ |
| ૫૫. ઠીકરી | *Capparis grandis* | ૧૧૭ |
| ૫૬. તણછ | *Ougeinia oojeinensis* | ૧૧૯ |
| ૫૭. તન્તાશી | *Dalbergia lanceolaria* | ૧૨૧ |
| ૫૮. દેશી બાવળ | *Acacia nilotica* | ૧૨૩ |
| ૫૯. દૂધલો | *Wrightia tinctoria* | ૧૨૫ |
| ૬૦. ધામણ | *Grewia tiliifolia* | ૧૨૭ |
| ૬૧. ધાવડો | *Anogeissus latifolia* | ૧૨૯ |
| ૬૨. ધોળો સીરસ | *Albizia labbck* | ૧૩૧ |
| ૬૩. નકટી | *Schrebera swietenioides* | ૧૩૩ |
| ૬૪. નેવરી | *Ixora parviflora* | ૧૩૫ |
| ૬૫. નગોડ | *Vitex negundo* | ૧૩૭ |
| ૬૬. નીલગીરી | *Eucalyptus hybrida* | ૧૩૯ |
| ૬૭. પુત્રંજીવા | *Putranjiva roxburghii* | ૧૪૧ |
| ૬૮. પારીજાતક | *Nyctanthus arbortristis* | ૧૪૩ |
| ૬૯. પીપર | *Ficus arnottiana* | ૧૪૫ |
| ૭૦. ખડ પીપર | *Ficus religiosa* | ૧૪૭ |
| ૭૧. પ્રાંસ | *Tamarix gallica* | ૧૪૯ |

| | | |
|---|---|---|
| ૭૨. ફણસ | *Artocarpus heterophyllus* | ૧૫૧ |
| ૭૩. ભમ્મર છાલ | *Hymenodictyon orixense* | ૧૫૩ |
| ૭૪. મોલેડી | *Lannea coromandelica* | ૧૫૫ |
| ૭૫. મહુડો | *Madhuca indica* | ૧૫૭ |
| ૭૬. માલણ | *Gardenia resinifera* | ૧૫૯ |
| ૭૭. મરડાશીંગ | *Helicteres isora* | ૧૬૧ |
| ૭૮. મીંઢળ | *Catunaregam spinosa* | ૧૬૩ |
| ૭૯. મીઠો સરગવો | *Moringa oleifera* | ૧૬૫ |
| ૮૦. મોરઢુંઢીયુ | *Dichrostachys cinerea* | ૧૬૭ |
| ૮૧. મોટી આવળ | *Cassia montana* | ૧૬૯ |
| ૮૨. રગતરોહીડો | *Tecomella undulata* | ૧૭૧ |
| ૮૩. રોચણ | *Soymida febrifuga* | ૧૭૩ |
| ૮૪ રાયણ | *Manilkara hexandra* | ૧૭૫ |
| ૮૫. રુખડો | *Adasonia digitata* | ૧૭૭ |
| ૮૬. રામફળ | *Annona  raticulata* | ૧૭૯ |
| ૮૭. લોદરી | *Flacourtia indica* | ૧૮૧ |
| ૮૮. વારંગ | *Kydia calycina* | ૧૮૩ |
| ૮૯. પારૂલ/વોક | *Stereospermum chelenoides* | ૧૮૫ |
| ૯૦. વાયવરણો | *Crataeva religiosa* | ૧૮૭ |
| ૯૧. વઢવેડીયો | *Ehretia laevis* | ૧૮૯ |
| ૯૨. વીકળો | *Maytenus senegalensis* | ૧૯૧ |
| ૯૩. વડ | *Ficus benghalensis* | ૧૯૩ |
| ૯૪. શીમળો | *Bombax ceiba* | ૧૯૫ |
| ૯૫. સીસુ | *Dalbergia sissoo* | ૧૯૭ |
| ૯૬. સીસમ | *Dalbergia latifolia* | ૧૯૯ |
| ૯૭. સાગ | *Tectona grandis* | ૨૦૧ |
| ૯૮. સવન | *Gmelina arborea* | ૨૦૩ |
| ૯૯. સાદડ | *Terminalia elliptica* | ૨૦૫ |
| ૧૦૦. સાલેડી | *Boswellia serrata* | ૨૦૭ |
| ૧૦૧. સપ્તપર્ણી | *Alstonia scholaris* | ૨૦૯ |
| ૧૦૨. સીતાફળ | *Annona squamosa* | ૨૧૧ |
| ૧૦૩. હરડે | *Terminalia chebula* | ૨૧૩ |
| ૧૦૪. હરમો બાવળ | *Acacia leucophloea* | ૨૧૫ |
| ૧૦૫. હળદરવો | *Haldina cordifolia* | ૨૧૭ |

**નામઃ**

**ગુજરાતીઃ અલુ, અલી, ફાલફડો**

**શાસ્ત્રીયઃ *Meyna laxiflora***





## ૧. અલીવ

**વર્ગ:** **Rubiaceae**

**વર્ણન:** ૫ થી ૧૦ મીટરની ઉંચાઈ ધરાવતુ નાનુ વૃક્ષ છે.

થડ: આછાં ભૂરા રંગનું હોય છે.

શાખા: આછા કાળારંગની હોય છે.

પાન: સામ-સામા રાયણના પાનની જેવા દેખાય અને શાખાની ટોચ પર ફરતા ઝુમખામાં હોય છે.

ફૂલ: લીલાશ પડતા સફેદ ચંપાના ફૂલની જેવા, સુગંધ ચંપાના ફૂલથી સારી આવે.

ફળ: કાચા હોય ત્યારે લીલા, ચળકતા, જામફળ જેવા લંબગોળ, પાકે ત્યારે રાખોડી ભૂરા રંગના દેખાય છે.

**ઉપયોગ:**

ફળ: ફળ ખવાય છે. સહેજ ખાટુ મીઠાશ લેતુ હોય છે. વન્યપ્રાણીઓ ખાય. ઘણીવાર બજારમાં વેચાય છે.

ફૂલ: ડિસેમ્બર-જૂન. ફળ: જૂન-ઓગસ્ટ

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, મધ્ય અને દક્ષિણ ગુજરાત.

ભારત: ગુજરાત, મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્ર.

વિશ્વ: ભારત, મ્યાનમાર, અને દક્ષિણ જાવા.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.


**“વન રહેશે ધરા પર જયાં સુધી, જીવન રહેશે નિરોગી ત્યાં સુધી.”**

**“સુખ સમૃધ્ધિની જેને હોય ચાહના, રાખવી એણે વૃક્ષારોપણની ભાવના.”**


**નામઃ**


**ગુજરાતીઃ અંબાડા, અંબાડી, ખાટો લીમ્બડો**

**શાસ્ત્રીયઃ *Spondias pinnata***









## ૨. અંબેડા

**વર્ગ:** **Anacardiaceae**

**વર્ણન:** ૧૦ થી૧૨ મીટર ઉંચુ થતુ લીલુ વૃક્ષ છે.

થડ: આછા પીળા ધોળા રંગનુ અંદર ભૂરા ધાબા, અને છાલની ફોતરી ઉખડતી હોય છે.

શાખા: ૩૦-૪૦ સે.મી. લાંબી, શાખાના છેડે પાનની તીરખીઓ આવેલી હોય છે, જંગલી બદામની જેમ જ ડાળખીઓ હોય છે.

પાન: એક ડાળખીમા ૭ થી ૧૧ પાન સામ-સામા હોય છે, જે વચ્ચેથી પહોળા બન્ને છેડે સાકડા થતા આગળથી અણી નીકળતા હોય છે.

ફૂલ: આછા પીળાશ પડતા રંગના થાય છે.

ફળ: આછા પીળા રંગના ધોળા હોય છે, જે ઈંગોરીયાના ફળ જેવા દેખાય છે, એક સાથે ૧૦ થી ૨૦ પણ હોય છે, કેરી જેવો ખટમીઠો સ્વાદ હોય છે.

**ઉપયોગ:**

છાલ: ઝાડામાં અને ચામડા રંગવામાં આવે છે.

ફળ: પક્ષીઓ ખાય છે, પાકે ત્યારે માનવ ખાવામાં વાપરે છે તે આલુ જેવા મીઠા હોય છે.

પાન: ઢોરનો ચારો છે, શાખા ઢોરના ચારા માટે કાપતા હોવાથી તે વાંકુચુકુ થાય છે.

ફૂલ: ફેબ્રુઆરી-એપ્રિલ. ફળ: જાન્યુઆરી- ફેબ્રૂઆરી.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, દક્ષિણ અને સેન્ટ્રલ ગુજરાત.


ભારત: ગુજરાત, કર્ણાટક, તામીલનાડુ, આન્દામાન, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાલ, આસામ, મેઘાલય, ત્રીપુરા અને સીક્કીમ.

વિશ્વ: ભારત, પાકીસ્તાન, નેપાાલ, શ્રીલંકા, મ્યાનમાર, જાવા, ફીલીપાઈન્સ, થાઈલેન્ડ અને મલાય.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**"ઉગામો ન કુહાડો વૃક્ષ જોઈને, કરવા ન દો કામ બીજા કોઈને,**
**જલ બગાડ માનવનાં પાપ દુષ્કાળ છે કુદરતનો શ્રાપ."**

**નામઃ**
**ગુજરાતીઃ આસન, મોન્જ, એકલકંટો, અસનો**
**હિન્દીઃ ખાજ, કસી, ગૌલી • મરાઠીઃ અસાના, ફથરફોડ**
**સંસ્કૃતઃ એકવીર**
**શાસ્ત્રીયઃ *Briedelia squamosa***



# 3. આસન

**વર્ગ:** **Euphorbiaceae**

**વર્ણન:** ૫ થી ૧૨ મી.ઉંચુ વૃક્ષ થાય છે.

થડ: રાખોડી રંગનું તેના પર ઉભા, ઝાડા, મજબુત શંકુ આકારના છુટા છવાયા કાંટાઓ આવેલા હોય છે.

શાખા: ટોચ પર નાની શાખાઓ નીકળેલી હોય છે. કેટલીક નીચે ઝુકતી હોય છે.

પાન: આંતરે આવેલા ઘણા ચકચકીતને લીસા. અંડાકૃત, તળીયે સાંકડા અને ટોચ પર પહોળા થતા અથવા ટોચ પર પહોળા અને તળીયે સાંકડા થતા હોય છે.

ફૂલ: સુક્ષ્મ ભુરાશ પડતા પીળા કે લીલા ધોળા રંગના હોય છે.

ફળ: પ્રથમ લીલાશ પડતા પીળા રંગના, ચળકતા અને લીસા. પાકે ત્યારે કાળા રંગના ગોળાઈ લેતા વટાણા જેવડા હોય છે. ચોમાસાને આખરે પાકે છે.

**ઉપયોગ:**

લાકડુ: ઘણુ મજબુત હોય છે.

છાલ: ચામડુ રંગવાના કામમાં આવે છે, ગ્રાહી તરીકે કામમાં આવે છે.

પાન: ચામડુ રંગવામાં અને ઢોરને ખવડાવવાથી પેટમાં પડેલી જીવાંત નીકળી જાય. પાનને એરંડીયુ લગાવી થોડુ ગરમ કરી સંધીવા અને રસવિકારના સોજા પર બાંધવામાં કામ આવે છે. એકલ કંટો ગરમ છે. વાના દર્દને મટાડે છે, પક્ષઘાતને ટાળે, પેટમાં પડખાના તથા કટીના શુળને ટાળે છે.

**ફૂલ:** જુલાઈ-સપ્ટેમ્બર. **ફળ:** ઓક્ટોબર - ડિસેમ્બર.

**જોવા મળતા પ્રદેશ:**

ગુજરાત: ડાંગ, વાસદા, વઘઈ, ખટાના, રાજપીપળા, રતનમહાલ, બરડા, ગીરનાર અને છોટાઉદેપુર.

ભારત: ગુજરાત, હિમાલય, કાશ્મીર, મેઘાલય, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન.

વિશ્વ: ભારત, મ્યાનમાર, મલેશીયા, શ્રીલંકા, સિક્કીમ, ભુતાન, દ.ચીન, થાયલેન્ડ, મલાયા પેનીન્સુલા અને સુમાત્રા.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.


**"વૃક્ષ વૃધ્ધિ એજ સમૃધ્ધિ."**

**નામઃ**

**ગુજરાતીઃ એકલકાંટો, આસનો**

**શાસ્ત્રીયઃ *Briedelia retusa***





# ૪. એકલ કાંટો

**વર્ગ:** **Euphorbiaceae**

**વર્ણન:** ૮ થી ૧૦ મી. ઉંચુ પાનખર વૃક્ષ થાય છે.

થડ: છાલ પીળા રંગની હોય છે.

પાન: ૮.૫-૩૨.૫ x ૬-૧૧ સે.મી.એક બીજાથી વિરૂધ્ધ બાજુએ આવેલા આસનના પાનની જેવા જ હોય છે.

**ઉપયોગ:**

લાકડુ: ખેતીના કામના ઓઝારો બનાવામાં વપરાય છે.

ફૂલ: ડાંડલી પર આવે છે.

ફળ: ચણીબોરથી થોડા મોટા થાય. કાચા હોય ત્યારે લીલા રંગના હોય છે.

**ફૂલ:** જાન્યુઆરી-ફેબ્રુઆરી. **ફળ:** ફેબ્રુઆરી-માર્ચ.

**જોવા મળતા પ્રદેશ:**

ગુજરાત: સેન્ટ્રલ ગુજરાત અને સૌરાષ્ટ્ર.

ભારત: ગુજરાત, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન.

વિશ્વ: ભારત, મ્યાનમાર, મલેશીયા અને શ્રીલંકા.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**"વૃક્ષ છે તો વિશ્વાસ છે, વિશ્વાસ છે તો વરસાદ છે."**
**"માનવ તું તો વૃક્ષને ઉગાડે, તો શા માટે મારો છેદ કરી ભવ બગાડે."**


**નામઃ**

**ગુજરાતીઃ આંકોલ, આંકોલી**

**હિન્દીઃ અકોલા, ઢેરા • મરાઠીઃ આંકોલ, આંકોલી**


**સંસ્કૃતઃ અંકોટ, અંકોલ્લક**

**શાસ્ત્રીયઃ** ***Alangium salvifolium***









## ૫. આંકોલ

**વર્ગ:** **Alangiaceae**

**વર્ણન:** ૩ થી ૧૦ મી. ઉચું વૃક્ષ થાય છે. બીજ ફીકા બદામી રંગના હોય છે.

થડ: થડની છાલ ભુરા રંગની તેના ઉપર ઉભા ચીરા હોય અંદરની છાલ લીલાશ પડતી ધોળી, નરમ અને બટકણી, વાસ તીવ્ર, સ્વાદ લીંબડા જેવો કડવો હોય છે.

શાખા: શાખાઓ ઘણી ચારે તરફ ફેલાયેલી હોય છે. ધોળી, લીસી કેટલીક શાખાઓ કાંટા જેવી અણીવાળી, કોમળ શાખાઓ ભુરા રંગની અને તેના પર રૂવાટી આવેલી હોય છે.

પાન: પાન લાંબા સાંકડા હોય છે.

ફૂલ: ફૂલ ક્રીમ સફેદ રંગના હોય છે.

ફળ: ફળની સુગંધ જુઈના ફૂલ જેવી મધુર હોય છે. ફળ કાચા હોય ત્યારે અને લીલા તેના પર ઉભી નસો દેખાય છે. પાકે ત્યારે કાળા થાય છે.

**ઉપયોગ:**

મુળ/થડ: મુળ/ થડનું લાકડું સંધિવા અને રસવિકારના સોજા, ઝેરી જનાવરના ડંખ ઉપર વાતરક્ત એવા જ બીજા ચામડીના દર્દોમાં મુળની છાલ વપરાય છે.

ફળ: ફળનું તેલ ઉડા ઝંખમને રૂઝવા મુળીયાનો કલ્ક, મઘ તથા ચોખાના ધોલની સાથે પીવાથી બધા અતિસાર મટે તથા વછનાગનું ઝેર દુર થાય છે.

ફૂલ: ફેબ્રુઆરી - એપ્રિલ. ફળ:- એપ્રિલ-જૂન.

**જોવા મળતા પ્રદેશ:**

ગુજરાત: દક્ષીણ ગુજરાત, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાત.

ભારત: ગુજરાત, હિમાલય, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન.

વિશ્વમાં: ભારત, શ્રીલંકા, દક્ષીણ ચીન, ફીલીપાઈન્સ, પુર્વઆફ્રિકા.

**આંકોલ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**"બગડી કાયા આ પૃથ્વીની, તુટી માયા આભની,**
**ભળ્યા ઝેરી વાયુઓ હવામાં, બન્યુ પ્રદુષિત પળવારમાં**
**ત્યારે અમ વન્ય જીવને કયાં નિકળ્યુ નિકંદન વનોનું."**

**નામઃ**

**ગુજરાતીઃ આલ, રંગારી**


**હિન્દીઃ આચ, આલ • મરાઠીઃ નાગકુરા, આસેતી**

**સંસ્કૃતઃ હેફચ્ચુફા**

**શાસ્ત્રીયઃ *Morinda pubescens***









# ૬. આલ

**વર્ગ:** **Rubiaceae**

**વર્ણન:** ૫ થી ૮ મીટરનુ થતુ વૃક્ષ છે.

થડ: પીળા કે રતાશ પડતા ભુરા રંગની છાલવાળુ હોય છે, છાલ પર ખૂબ જ ઉભા અને આડા ચીરા પડેલા હોય. છાલ પોચી બુચ જેવી અને હલકી હોય છે. લાકડુ કેસરીયા રંગનુ હોય છે.

શાખા: કોમળ શાખાઓ ચોધારી અને ફીકા કે પીળાશ પડતા અંદરથી પોલાણ ઘોરવાળી ઉપર ભુરાવાળની રુંવાટી હોય. શાખાઓમાથી કાચી આંબલી જેવી વાસ નીકળે.

પાન: સામ-સામા બંને છેડે સાકડા ઉપરની સપાટી આછા લીલા રંગની નીચેથી આછી હોય છે. બન્ને સપાટી પર ભુરાવાળની રૂંવાટી હોય છે. પાનને ચોળવાથી આ-ંગળામાં સહેજ રતાશ પડતો. પાનની જોડીની ડીટડીના થડમા બંને બાજુ એક પહોળુ ઉપ પાન હોય છે. તેને ટેરવે ટુંકી અણી હોય છે.

ફૂલ: છુટાછુટા એકબીજાની પાસે આવેલા અને મધુરી સુંગધવાળા હોય. કળી પ્રથમ લીલી અને પછી પીળી થાય. તેના પર ભુરાવાળની રૂંવાટી હોય છે.

ફળ: એક થી બે ઈચ લાંબી, ભુરાવાળથી ભરાયેલી એક જાડી ડીટી પર બેડોળ ફળ ફીકા લીલા રંગના, લીસાને ચળકતા હોય છે, તે સુકાતા ભુરાશ લેતા કાળા રંગના થઈ જાય અને તેના ઉપર કેટલીક પંચ કે ષ્ટકોણ આકૃતિઓ થયેલ હોય છે. જેથી ફળ વિચિત્ર દેખાય છે. દરેક આકૃતિમા એક નાનુ કુંડાળુ હોય છે અને કુંડાળાની વચમા એક પોપચા જેવુ સહેજ ઉચુ થઈ અવેલુ છીદ્ર કે બિંદુ હોય છે. ફળની અંદર ધોળાશ લેતો કે પીળાશ લેતો સહેજ કઠણ માવો હોય છે. તેમા બીજ હોય છે, જેમાંથી ઉગ્રવાસ નીકળ છે. બીજ ભુરા રંગના ખરબચડા અને કઠણ એક બાજુ સહેજ ચપટા તેનો એક છેડો જરા સાંકડો થતો હોય છે.

**ઉપયોગ:**

લાકડુ: પીળો રંગ બનાવાના કામમા. લાકડાની વળીને થાંભલા, ખેતીના ઓજારો અને ઓજારાઓના હાથાઓ બનાવવામાં આવે છે. લાકડુ હલકુ ગણાય છે.

મૂળ: મૂળ પાણીમા ઘસીને ઝેરી ડંખ ઉપર ચોપડવામા. તેની છાલનો ઉકાળો નહીં રૂઝાતા ગુંબડા ધોવામા વપરાય છે.

છાલ: પીળો રંગ બનાવવામાં વપરાય છે.

પાન: પાનની રાખ તેલમા મેળવી નહી રૂજાતા ચાંદાઓ ઉપર ચોપડવામાં.

ફૂલ: સુગંધીત હોવાથી ગણપતિને ચડે છે.

ફળ: ફળ ગરમ કરી બીજ કાઢી પોટીસની જગ્યાએ વપરાય છે.

**ફૂલ:-** માર્ચ - જૂન. **ફળ:** જૂન - સપ્ટેમ્બર.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત:- સૌરાષ્ટ્ર, દક્ષિણ અને ઉત્તર ગુજરાત.

ભારત:- ગુજરાત અને મહારાષ્ટ્ર.

વિશ્વ:- ભારત.

**વૃક્ષ ઉછેરની રીત:-** બીજ અને રોપથી.

**નામઃ**
**ગુજરાતીઃ અણીયાર, અંજાર**
**શાસ્ત્રીયઃ *Acacia tomentosa***





## ૭. અણીયાર

**વર્ગ:** **Fabaceae/Leguminosae**

**વર્ણન:** નાનુ વૃક્ષ થાય છે. બાવળની જાત છે.

**ઉપયોગ:**

લાકડુ: ખેતીના માટે તેમજ બળતણ તરીકે ઉપયોગી છે.

ફૂલ/ફળ: ડિસેમ્બર- માર્ચ.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: દક્ષિણ અને મધ્ય ગુજરાત.

ભારત: ગુજરાત અને મહારાષ્ટ્ર.

વિશ્વ: ભારત, નેપાલ, બાંગ્લાદેશ અને શ્રીલંકા.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**"પ્રકૃતિ વિશેની ચર્ચા જ મનુષ્યનો સૌથી મોટો દંભ છે. પ્રકૃતિ આપણાથી જળવાય તેટલી તે રાંક નથી."**

**નામઃ**

**ગુજરાતીઃ અરીઠા**

**હિન્દીઃ રીઠા • મરાઠીઃ રીટા**

**સંસ્કૃતઃ અરિષ્ટ, ફેનીલ, ગુચ્છફલ, ગર્ભપાતન**

**શાસ્ત્રીયઃ *Sapindus trifoliatus***





## ૮. અરીઠા

**વર્ગ:** **Sapindaceae**

**વર્ણન:** ૫ થી ૧૦ મીટર ઉંચુ થતુ વૃક્ષ છે.

શાખાઃ ચારે તરફ ફેલાયેલી, ભૂરા કે ઘેરાભુરા રંગની અનિયમીત છાંટણાવાળી હોય છે. શાખા બટકણી. છાલ બહારથી ખરબચડી અને તેના પર ચીરા પડેલા હોય છે.

પાનઃ પાનની મુખ્ય દાંડી પર પર્ણ ૧ થી ૩ જોડી આવેલા હોય છે. પાનની જોડીઓમાં પાન નીચા ઉંચા હોય. ઉપરની સપાટીનો રંગ પીળાશ પડતો લીલો અને નીચેનો આછો હોય છે. ઉપરની સપાટીએ આછી અને નીચે ગીચ રૂંવાટી હોય છે.

ફૂલઃ ફીકા ધોળા રંગના અને રૂછાળવાળા હોય છે.

ફળઃ ત્રણ ખાંચાવાળા હોવાથી ત્રણ ફળ ભેગા હોય તેવુ દેખાય. કાચા હોય ત્યારે પીળાશ પડતા લીલા રૂછાળવાળા અને પાકે ત્યારે ફળની સપાટી ખરબચડી કરચલીવાળી રતાશ પડતા ભૂરા રંગની થઈ જાય.

**ઉપયોગ:**

લાકડુંઃ વળી, થાંભલા, હથીયારોના હાથાઓ અને દાંતીયા બનાવવામાં.

મૂળઃ પાણીમા ઘસી ઝેરી જનાવરોના ડંખ ઉપર ચોપડવામાં.

પાનઃ ઢોરના ચારા તરીકે, પાનનો ઉકાળો ઢોરને ઝુ પડી હોય ત્યારે નવરાવવામાં. કઠણ ગુંબડા પર પાનની થેપલી બાંધવામાં આવે છે.

ફળઃ કપડા ધોવામાં, ન્હાવામાં, આધાશીશીમાં, માથાના દુઃખાવામાં, ઝેર ઉતારવા, ઉલટી કરાવવા, તેલ ઓસડ તરીકે, ઝાડા કે કોલેરાની ચુસ્તી ઉડાડવામાં, હિસ્ટરીયામાં. અરીઠા ત્રિદોષ મટાડનાર, ગર્ભને પાડનાર, પાચનશકિત વધારનાર, ફળ માથાનાવાળ, દાગીના સાફ કરવામાં, અરીઠાના રૂના પોતા બોળી યોની પર મુકવાથી સ્ત્રીને પ્રસવ ના થતો હોય તો જલ્દી થાય છે. મૂર્છા અને બેશુધ્ધીમાં પણ વપરાય છે.

**ફૂલ:** ઓકટોબર-માર્ચ. **ફળ:** ફેબ્રુઆરી-એપ્રિલ.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાતઃ સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાત.

ભારતઃ ગુજરાત, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, કર્ણાટક, કેરાલા અને તામિલનાડું.

વિશ્વઃ ભારત, પાકિસ્તાન અને શ્રીલંકા.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**નામઃ**
**ગુજરાતીઃ આસુંદ્રો, આસુંદરો, ઝેંજવો, જીન્જ**
**હિન્દીઃ આસોદ, શિરહટા • મરાઠીઃ આપટા, સોના**
**સંસ્કૃતઃ યુગ્મપત્ર, સ્વેતકાંચન, વનરાજ**
**શાસ્ત્રીયઃ** ***Bauhinia racemosa***







## ૯. આસીત્રો

**વર્ગ:** **Fabaceae/Leguminosae**

**વર્ણન:** ૩ થી ૫ મીટર ઉંચુ વૃક્ષ થાય છે.

થડ: ઘેરી કથ્થાઈ રંગની ખરબચડી છાલ હોય છે.

શાખા: આડી અવળી નીચે ઝુકતી કેટલીક શાખાઓ હોય છે.

પાન: બબ્બે ભેગા, ફેફસા આકારના, મથાળે છુટા હોય છે.

ફૂલ: પીળાશ પડતા ધોળા રંગના હોય છે.

ફળ: શીંગ લાંબી, કઠણ, કાચી હોય ત્યારે લીલી, પાકે ત્યારે કથ્થાઈ કાળી થાય છે. બીજ લંબગોળ જરા ચપટા, લીસા, ચળકતા, ઘેરા, ભૂરા કે રતાશ પડતા કાળા રંગના હોય છે.

**ઉપયોગ:**

મૂળ: પ્રમેહ, ઉનવા, વાયુ અને સોજામાં.

છાલ: સંગ્રહણી પર, છાલમાંથી નીકળતા રેસા દોરી/દોરડા અને ખાટલાના વાણ બનાવામાં, છાલનો કાઢો, ગડગુંબડા, ચાંદા અને ભાઠાઓ ધોવામાં, મોઢુ પાક્યુ હોય ત્યારે છાલનો ઉકાળો કોગળા કરવામાં વપરાય.

પાન: સુકા પાનની બીડી પીવાથી કફ અને દમ મટે છે, ઢોરના ચારામાં.

ફૂલ: રંગકામમાં.

ફળ: રંગકામમાં, કોઢ, ગુદભ્રંસ, ગંડમાલ, દાહ, તરસ, ઉલટી, ગળાના રોગ, અતિસાર એ બધા રોગને મટાડે છે.

ગુંદર: બાવળીયાના ગુંદરની જગ્યાએ.

હિન્દુઓનુ પવિત્ર વૃક્ષ. દશેરામાં પુજન થાય છે.

**ફૂલ:** જૂન - જુલાઈ. **ફળ:** ઓગષ્ટ - નવેમ્બર

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાત.

ભારત: ગુજરાત, પંજાબ, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન.

વિશ્વ: ભારત, શ્રીલંકા, મ્યાનમાર, દક્ષિણ ચીન અને ટીમોર.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**"વૃક્ષમાં રહેલી માણસાઈને આપણે ઓળખીએ,**
**માણસ થઈને થોડા વૃક્ષના ગુણ ધારણ કરીએ."**

**નામઃ**

**ગુજરાતીઃ અરડુસો, અડુસો**

**હિન્દીઃ મહારૂખ, અરૂઆ, મહાનીમ્બ • મરાઠીઃ મહારૂખ, મારૂખ, અડુસા**

**સંસ્કૃતઃ અરલુ, અટરૂષ**

**શાસ્ત્રીયઃ** ***Ailanthus excels***





## ૧૦. અરડૂસો

**વર્ગ:** **Simaroubaceae**

**વર્ણન:** ૧૦ થી ૧૫ મી. ઉંચા વૃક્ષ થાય છે.

થડ: રાખોડી કે આછો પીળો રંગ હોય છે. છાલ પાતળીને સુંવાળી હોય છે. વૃક્ષમાંથી અણગમતી વાસ આવે છે.

શાખા: બહુ ઓછી હોય છે. પાન ખરી ગયા પછી તેની નીશાની રૂપે ડાળી પર ડાઘ રહી જાય છે.

પાન: લીંમડાનાં પાન જેવા આકારના પણ તેનાથી મોટા પાન હોય છે.

ફૂલ: સફેદ આછા હોય છે.

ફળ: ૫ થી ૭ સે.મી.લાંબી પાપડી તેમાં એક જ બીજ હોય છે. ફળ વજનમા ખૂબ જ હલકા હોય છે. ફળ આવે ત્યારે આખુ વૃક્ષ પાપડીથી ભરાય ગયા પછી પાન સૂકાય ગયા હોય તેવુ લાગે છે.

**ઉપયોગ:**

લાકડું: સસ્તા પ્લાયવુડ, દીવાસળી, તલવાર અને છરીના મ્યાન માટે, ઢોલ, અમૂક જાતનાં રમકડા, સ્લેઈટની ફ્રેઈમ, ખોખા વગેરે બનાવવામાં વપરાય છે.

છાલ: છાલનો ઉકાળો તાવ, હંમેશની બદહજમી પર, શરીરની અશક્તિ, કફ્-જવરમા, સંગ્રહણી, ઝાડામાં, ઉધરસમાં, સ્ત્રીઓને પ્રસવ પછીની નબળાઈમાં શક્તિ આપવા.

પાન: વન્ય પ્રાણી તથા બકરા ખાય છે. સંધિવા, ગડગુંબડામા, દુખતા સાંધામાં, મરકીની ગાંઠમાં ઉપયોગી છે.

ફૂલ: સૂકા ફૂલ જઠરાગ્નિને પ્રદીપ કરે, તાવ પ્રમેહ પર અપાય છે.

ફળ: કાચા ફળને વાટી તેલમાં ઉકાળી તેલ ચામડીનાં રોગોમાં વપરાય છે.

**ફૂલ:** ફેબ્રુઆરી-માર્ચ. **ફળ:** મે-જૂન.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, દ. ગુજરાત, ઉ. ગુજરાત અને મધ્ય ગુજરાત.

ભારત: ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, પંજાબ, હરીયાણા, ઉ.પ્રદેશ, બિહાર, ઓરીસા, આંધ્ર પ્રદેશ, કર્ણાટક, તામિલનાડું, કેરાલા, આંદામાન અને નીકોબાર.

વિશ્વ: ભારત અને ચીન.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**નામઃ**

**ગુજરાતીઃ આમલા, આમળા, પૌન, તૌન, ચાયઆંમળા**

**હિન્દીઃ આવલા, આંમલા • મરાઠીઃ આવલી, આવલા**

**સંસ્કૃતઃ આમલક, ધાત્રી**

**શાસ્ત્રીયઃ** ***Phyllanthus emblica***





## ૧૧. આમળા

**વર્ગ:** Euphorbiaceae

**વર્ણન:** ૮ થી ૧૫ મીટરનાં વૃક્ષ થાય છે.

થડ: થડ વાંકુચુંકું, રાખોડી રંગની છાલ ઉખડતી હોય છે.

શાખા: સીધી ટુંકી ક્યારેક આડી નીકળેલી જોવા મળે છે, લીસી છેડાઓ રૂંવાટીવાળા હોય છે.

પાન: પાન આંતરે આવેલા ઘણા પાસે પાસે ગોઠવાયેલા સંયુક્તપાનમાં નાના પાન કે દલ પાન જેવા દેખાય છે. પાનના ટેરવા બુઠા ઉપપાન સુક્ષ્મ હોય છે.

ફૂલ: નર અને મદા ફૂલ જુદા જુદા આવે છે, જે લીલાશ પડતા પીળારંગના હોય છે, નર ફૂલની નીચે ડીટડી હોય છે, માદા ફૂલની નીચે ડીટડી હોતી નથી કે ઘણી સુક્ષ્મ હોય છે.

ફળ: ફળ ગોળાઈ લેતુ લીસુ, ચળકતુ ગંધકીરંગનુ ને ૬ છીંછરા ખાંચાઓવાળુ હોય છે. ફળની અંદરનો ઠળીયો બુઠો, ત્રણ ખુણા અને ત્રણ પોલ વાળો હોય છે. દરેક પોલમા બે-બે બીજ હોય છે.

**ઉપયોગ:**

મૂળ: વીંછીના ડંખ, સોજા, દાહ વગેરે ઉપર ચોપડવામાં મૂળનુ લાકડુ ચંદનની જગ્યાએ વપરાય છે. છાલ રંગના કામમાં વપરાય છે.

ફળ: શરીરને મજબુત કરનાર, ઘડપણને દુર કરનાર, પિતનાશક છે. આમળાનુ અથાણું અને મુરબો થાય જે ઝાડા અને સંગ્રહણી ઉપર ખવરાવવામાં, ફળ ત્રિફળા ચૂર્ણમાં, સૂકા ફળ પિતવીકારમાં, ચીરગુણકારી પાકોમાં વપરાય છે. સૂકા ફળ શાહી બનાવવાના કામમાં વપરાય. આમળાની બનાવટો (૧) ત્રિફળા (૨) ખંડામલકિ (૩) ચ્યવનપ્રાશાવલેહ (૪) ધાત્રીલોહ (૫) રસાયનચૂર્ણ (૬) ધાત્રીઅરિષ્ટ છે. ફળ ટાઢા સર્વ ઈન્દ્રિઓના બળને વધારે છે. દાહ, પિત, રક્તવિકાર, શ્રમ, ઉલટી, કબજીયાત, આફરો, ત્રિદોષ, મૂત્રરોગ, પ્રમેહ એ સર્વ રોગને મટાડે છે. સૂકા આમળાં કેશ વધારે, ભાંગેલા હાડકાને સાંધે છે. આમળા ધોળાકેશને કાળા કરે છે અને રંગનાકામમાં વપરાય છે.

બીજ: પ્રદર, ઉલટી, શ્વાસ અને ઉધરસને મટાડે છે.

**ફૂલ:** માર્ચ-એપ્રિલ **ફળ:** જૂન થી સપ્ટેમ્બર.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાત.

ભારત: ગુજરાત, મહારાષ્ટ્ર, હિમાલય, જમ્મુ, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાન.

વિશ્વ: ભારત, શ્રીલંકા, દક્ષિણ મલાયા અને ચીન.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ, રોપ, કલમ અને સ્ટમ્પ્રી.

**નામઃ**
**ગુજરાતીઃ આમલી, આંબલી**
**હિન્દીઃ ઇમલી • મરાઠીઃ ચિંચ**
**સંસ્કૃતઃ અમ્બિકા, ચિંચિકા, ચીંચા**
**શાસ્ત્રીયઃ** ***Tamarindus indica***







# ૧૨. આંબલી

**વર્ગ:** **Fabaceae/Leguminosae**

**વર્ણન:** ૩૦ મી. સુધીની ઉંચાઈ અને ૩૦ મી. છત્રનો ઘેરાવાનું થઈ શકે છે. તેનું વતન આફ્રિકા છે.

થડ: થડ ૧૦મી. ઘેરાવાવાળું થઈ શકે છે અને થડ ભુરા રંગનું થાય છે.

મુળ: મુળમાંથી પણ રોપ નીકળે છે.

પાન: આમલીમાં ઝીણી-ઝીણી પત્તીઓ આવે છે.

ફૂલ: ફૂલ ક્રિમથી આછા પીળા રંગના હોય છે.

ફળ: ફળ નાનું હોય ત્યારે લીલુ, પાકે ત્યારે ભુખરા રંગનું થાય છે, જે ખાટું હોય છે.

**ઉપયોગ:**

ફૂલ: ફૂલ ખાટા સ્વાદિષ્ટ રૂચીકર હોય છે.

ફળ: આમલી રૂચીકર પિતનાશક તથા વિરેચક છે. દાળ શાકમાં તથા ઉનાળામાં પિતશયન માટે તેના પાણીમાં ગોળ ભેળવી સેવન કરવામાં આવે છે. દસ્ત સાફ લાવવાવાળા હોવાથી રસોઈમાં વપરાય છે. ઝાડા થાય ત્યારે ચોખાના ઓસામણની સાથે આમલીનું પાણી મેળવી આપવાથી મટે છે. વીંછીના ડંખ પર કચુકાને ઘસીને લગાડવાથી તે ચોટી જશે અને ઝેર શોષી છુટો પડે છે. આમલીનું વૃક્ષ હવામાન સુધારે છે અને અવાજનું પ્રદુષણ અટકાવે છે.

**ફૂલ:** માર્ચ-જૂન. **ફળ:** એપ્રિલથી સપ્ટેમ્બર.

**જોવા મળતા પ્રદેશ:**

ગુજરાત: ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષીણ ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્ર.

ભારત: ગુજરાત, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન.

વિશ્વ: ભાતર અને આફ્રિકા.


**આમલી ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**નામઃ**

**ગુજરાતીઃ આંબો**

**શાસ્ત્રીયઃ** ***Mangifera indica***









# ૧૩. આંબો

**વર્ગ:** **Anacardiaceae**

**વર્ણન:** ૧૫ થી ૨૦ મી.સૂધીના ઉંચા વૃક્ષ થાય છે.

થડ: જાડી કથ્થાઈ રંગની ઉભા ચીરા પડેલી છાલ હોય છે.

પાન: લાંબા, ઘેરા લીલા, અણીદાર, ચળકતા પર્ણો હોય છે.

ફૂલ: લીલા પીળાશ પડતા અસંખ્ય ફૂલો આવે છે.

ફળ: કાચા હોય ત્યારે લીલા, પાકે ત્યારે પીળા રંગના થાય છે.

**ઉપયોગ:**

લાકડું: કબાટ, ટેબલના પાટીયા તરીકે, બાંધકામ તથા ખેતઓજારો, પેકિંગના ખોખાં બનાવવામાં.

છાલ: કલર કામમા વપરાય છે.

ફળ: પાકી કેરીના સેવનથી શરીરમા લોહી વધે છે. કાચી કેરીના જાતજાતનાં અથાણા બનાવાય છે. કાચી કેરીના રસમા ખાંડ નાખી પીવાથી ગરમીનો સંતાપ દૂર થાય છે. પાકી કેરીનો રસ ડબ્બામા મૂકી ગમે તે ૠતુમા ખવાય છે. ગોટલીનું ચૂર્ણ દહિ સાથે આપવાથી ઝાડા તથા કરમીયા મટે છે. મધ સાથે આપવાથી દુત્તા હરસ અને સફેદ પ્રદર મટે છે. નસકોરી ફૂટે ત્યારે ગોટલીનો રસ નાખવો જોઈએ. વીછીંના ડંખ પર કેરીનો ચીર લગાવાથી મટે છે. ગોટલીનો પાવડર દંતમંજન, મુખવાલ તથા આર્યુવેદીક દવામાં વપરાય છે. પાવડર પાઈલ્સમાં વપરાય છે.

**ફૂલ:** જાન્યુઆરી-માર્ચ. **ફળ:** માર્ચ-જૂન.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, કચ્છ, દ. ગુજરાત, ઉ. ગુજરાત અને મ. ગુજરાત.

ભારત: ગુજરાત, બિહાર, ઉ.પ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, આસામ અને અરૂણાચલ પ્રદેશ.

વિશ્વ: ભારત, ભૂતાન, મ્યાનમાર, નેપાલ, એશિયા અને બાંગ્લાદેશ.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**"પ્રકૃતિ કોઈ શબ્દ, દેહ કે અવતાર નથી**
**તે કેવળ અવતરણ છે."**


**નામઃ**

**ગુજરાતીઃ અર્જુન સાદડ, પાની સાદડ, સફેદ સાદડો**

**હિન્દીઃ કહુ**

**શાસ્ત્રીયઃ *Terminalia arjuna***







# ૧૪. અર્જુન સાદડ

**વર્ગ:** **Combretaceae**

**વર્ણન:** મોટુ ઝાડ ૧૫ થી ૨૫ મી. સુધીની ઉંચાઈ થાય છે, પાનખર ઝાડ છે.

થડ: સફેદ અથવા લીલાશ પડતું સફેદ જંગલનું ઝાડ છે.

પાન: પાન સાદડના પાન જેવા જ હોય છે, પાનમાં સફેદ નસો દેખાય છે.

ફળ: ફળ સાદડના ફળ જેવા જ તેનાથી થોડા મોટા થાય છે.

ફૂલ: ફૂલ સફેદ આવે છે.

**ઉપયોગ:**

છાલ: છાલનો ઉપયોગ અર્જુનારિષ્ટ બનાવવામાં થાય. હૃદયરોગના દર્દીઓને સતત આપવામાં આવે છે. હૃદયરોગમાં અર્જુનાદિઘૃત પણ વપરાય છે, અંતરછાલ સાથે બીજા વસાણાઓ દવારા ગાયના ઘીમાં પકવી તૈયાર કરવામાં આવે છે. છાલમાંથી ઓકઝેલિક એસીડ તૈયાર કરવામાં આવે છે.

**ફૂલ:** માર્ચ-એપ્રિલ. **ફળ:** મે-નવેમ્બર.

**જોવા મળતા પ્રદેશ:**

ગુજરાત: દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર.

ભારત: ગુજરાત, હિમાલય, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન.

વિશ્વ: ભારત અને શ્રીલંકા.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**“આવતી પેઢી માટે આજે જ વૃક્ષ વાવો,**
**વૃક્ષનું જતન એ જ ભાવીનું, વૃક્ષની ઉપેક્ષા ભાવિની ઉપેક્ષા.”**

**“સૌદર્ય સમૃધ્ધિકા સપના વૃક્ષ ધરતી કા ગહના.”**

**નામઃ**


**ગુજરાતીઃ ઇગુદી, ઇગોરીયા**

**હિન્દીઃ હિંગોટ, હિગુટ • મરાઠીઃ હિંગળબેટ, હિંગન**

**સંસ્કૃતઃ ઇગુદી • અંગ્રેજીઃ Delil**

**શાસ્ત્રીયઃ *Balanites aegyptiaca***







## ૧૫. ઈંગોરીયા

**વર્ગ:** **Zygophyllaceae**

**વર્ણન:** ૩ થી ૭ મીટરનું મધ્યમ કદનુ થતુ વૃક્ષ છે.

થડ: છાલ જાડી, પોચી, હલકી, બટકણી, અંદરથી પીળાશ પડતા ધોળા રંગની હોય છે.

શાખા: નાની-નાની ઘણી શાખાઓ નીકળેલી હોય છે. છેડો મોટાભાગે લાંબા તિક્ષ્ણ કાંટાવાળો હોય છે.

પાન: એક ડીટડી પર બે નાના કે વિવિધ આકારના પાન હોય છે.

ફૂલ: પીળાશ પડતા લીલા-સફેદ રંગના નાના સુગંધી થાય છે.

ફળ: ઈંડાકાર, લંબગોળ, ચીકણા, તેજસ્વીને ખૂબ જ કઠણ કાચા હોય ત્યારે લીલા અને પાકે ત્યારે પીળા રંગના થાય છે.

**ઉપયોગ:**

લાકડુ: કઠણ હોવાથી ખેતીના ઓજારાઓના હાથા બનાવવામાં.

મૂળ: ઉદર શૂળમાં મૂળ પાણીમાં ઘસી પીવડાવવુ.

પાન: ઢોરના ચારા તરીકે.

ફૂલ: કફને મટાડે છે. ફૂલનો ઉકાળો ઢોરને આફરો ચડયો હોય ત્યારે પવાય છે.

ફળ: ઈંગોરીયાનો મગજ ખીલ પર લગાવવામાં, નેત્રસ્ત્રાવમાં આંખે અંજન કરવા અને ઉદર શૂળમા ફળન ચૂર્ણ આપવુ. કુતરાનું ઝેર ચડે ત્યારે પ્રથમ ગોળ ખવરાવી ઉપરથી ફળની છાલનું ચૂર્ણ છાશમા પાવુ. કોલેરામાં ફળની છાલનું ચૂર્ણ દહીમા આપવુ. કફની ખાંસીમા ઈંગોરીયાનાં ગર્ભની ગોળી રોજ ખાવી. અગ્નિથી દાઝેલાને ઈંગોરીયાના ગર્ભથી સિધ્ધતેલ રોજ લગાવવુ. મુખની કાળાશમાં ફળનો લાલ ગર્ભ પાણીમા વાટી રોજ ચહેરા પર લગાવુ. મૈસુરમાં સૂકા મેવા તરીકે ખવાય છે. મૈસૂરમાં કાચા ફળને હરડે અને પાકા ફળને જંગલી ખારેક કહે છે.

**ફૂલ:** ડિસેમ્બર-માર્ચ. **ફળ:** માર્ચ-જુલાઈ.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાત.


ભારત: ગુજરાત, સિક્કમ, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, બિહાર, કેરાલા, ઓરિસ્સા, તામિલનાડુ, કર્ણાટક, આંધ્ર પ્રદેશ, દ. બંગાલ, કાશ્મીર, પંજાબ, રાજસ્થાન, હરીયાણા, દિલ્હી અને ઉ. પ્રદેશ.

વિશ્વ: ભારત, મ્યાનમાર અને પાકીસ્તાન.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**નામઃ**
**ગુજરાતીઃ ઉંભ, ઉમડાનું ઝાડ**
**હિન્દીઃ કુદુમી • મરાઠીઃ હુમ, વુબીન**
**શાસ્ત્રીયઃ *Miliusa tomentosa***





## ૧૬. ઉંભ

**વર્ગ:** **Annonaceae**

**વર્ણન:** ૧૫ થી ૨૦ મી.ઉંચુ થતુ વૃક્ષ છે.

થડ: સીધુને ગોળ થાય છે. તેનો રંગ ભૂરા કે ભસ્મી રંગ છાલ પર ઉભા ચીરા પડેલા હોય છે. અંતર છાલ રેસાવાળી મજબુત પીળી રાતી કે ભૂરા રંગની હોય છે.

શાખા: ફીકા કે ભૂરા ભસ્મી રંગની ઉપર ધોળા રંગના ધાબા હોય છે. કોમળ શાખાઓ પીળાશ પડતા લીલા રંગની હોય છે.

પાન: આંતરે આવેલા ભાલાકૃતિના ટેરવે મોટા ભાગે બુઠી અણીવાળા અને તળિયે ગોળાઈ ધારણ કરતા જરા સાંકડા ખાંચવાળા હોય છે. ઉપર સપાટી ઘેરા લીલા રંગની, નીચેની પીળાશ પડતા લીલા રંગની અને ઉપરની સપાટી કરતા ચળકતી હોય છે.

ફૂલ: પાનની સામી બાજુએથી પત્રકોણથી થોડા દુર નીકળેલા સુક્ષ્મ જાડી સળી પર આવે છે. જેમા ત્રણ પત્રો હોય છે. ફીકા લીલાને જાંબુડી રંગના હોય છે. ત્રણે પત્રો ફૂલ ખીલ્યા પછી નીચા વળી જાય છે, તળીયે પહોળા અને મથાળે સાંકડા હોય છે.

ફળ: એક ફૂલની ડીંટડી પર દ્રાક્ષના ઝુમખાની જેમ ફળ આવે છે. કાચા હોય ત્યારે લીલા અને પાકે ત્યારે રાયજાંબુ જેવા ઘેરા, રાતા કે કાળા રંગના, સપાટી લીસી ચળકતી અને સુક્ષ્મ બિંદુઓની બાનક હોય છે. અને અંદર રાતો માવો હોય છે. બીજ સહેજ વાક વળતા બંને છેડે ગોળાઈ લેતા. છાલ ફીકા ધોળા કે ભૂરા રંગની ચામડી જેવી અને પાતળી હોય છે.

**ઉપયોગ:**

લાકડું: મકાન બાંધકામ અને ખેતિના ઓજારો બનાવવામાં.

છાલ: અંતરછાલ વાળાના સોજા પર, ઢોરને નહી રૂજાતા કચકચતા ચાંદા અને ભાઠાઓમા બાંધવામાં અને દોરીદોરડા બનાવવામા.

પાન: વાળાના સોજા પર લગાડવામાં. પાનની થેપલી ઢોરના ભાઠાઓમા જીવાત પડેલી હોય તેમા.

ફળ: માણસો તથા પક્ષી ખાય. જે પૌષ્ટિક છે. વિશેષ ખાવાથી કફ ને ભ્રમ કરે છે.

**ફૂલ:** માર્ચ-એપ્રિલ. **ફળ:** એપ્રિલ-જુલાઈ.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાત.

ભારત: ગુજરાત, ઓરીસા, આંધ્રપ્રદેશ, મલબાર, રાજસ્થાન, બીહાર, કર્ણાટક, તામિલનાડુ, મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્ર.

વિશ્વ: ભારત, શ્રીલંકા, કેનડા અને મૈસુર.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**નામઃ**
**ગુજરાતીઃ ઉમરો, ઉંબરો**
**હિન્દીઃ ઉમર, ગુલર • મરાઠીઃ ઉમર, ઉંબર, ચુલર**
**સંસ્કૃતઃ ઉદુમ્બર**
**શાસ્ત્રીયઃ** ***Ficus racemosa***





## ૧૭. ઉમરો

**વર્ગ:** **Moraceae**

**વર્ણન:** ૧૦ થી ૧૫ મીટર ઉંચુ વૃક્ષ થાય છે.

થડ: થડ સીધા અગડગંઠા હોય છે.

પાન: વડના પાનની જેવા તેનાથી નાના સાંકડા નાના આંતરે આવેલા લંબગોળ, બંને છેડે સાકડા કે ભાલાકૃત હોય છે.

શાખા: કોમળ શાખાઓ પર રાતા રંગની ફોતરી/ છારી કે ભૂરાવાળની રૂંવાટી હોય છે.

ફૂલ: થડ અને શાખા પર ફૂલની કર્ણિકા પુષ્પધારાના ઝુમખા ૫ થી ૭ પાસે પાસે આવેલા હોય છે.

ફળ: અંજીર જેવાજ, કાચા હોય ત્યારે લીલા રંગના, ચળકતા અને પાકા રતુંબડા રંગના, તળીયે સાંકડા મથાળે પહોળા બેઠા મથાળાવાળા, વચ્ચે એક છિદ્ર હોય છે. ઉપર સુક્ષ્મ પત્રો આવેલા હોય છે.

**ઉપયોગ:**

લાકડુ: માટીવાળા કુવામા ઉમરાના લાકડાનો માંચ ઉતારી ખેડૂત તેના પર બાંધકામ, કોશના સુયા, ગરેડી, પૈડા વગેરે પણ બનાવે છે.

મૂળ: છાલ સંગ્રહણી, સંધિવા અને વિસ્ફોટકના કાઢામાં વપરાય છે.

પાન: વાળાના સોજાપર, ઢોરના ચારામાં, રંગકામમાં, શીતળાનો રોગ નીકળે ત્યારે મોઢા પર લગાવવામા આવે છે.

છાલ: છાલના કાઢાથી નહીં રૂઝાતા ગડગુંબડા અને ચાંદા ધોવામાં તથા બીલાડી કુળનુ પ્રાણી કરડયુ હોય તે ઝખમમાં ઝેર થયુ હોય તે ધોવામા વપરાય. છાલ રંગના કામમાં, દોરી બનાવવામા, ઢોરને છેરામણુ થયુ હોય તો પાવામા અને છાલનો રસ ઘી સાથે ગરમ કરી પીવાથી વછનાગનુ ઝેર ઉતરે છે.

ફળ: ઉંમરા પ્રદર તથા ચામડીના રોગમા, કાચા ફળ તરસ, પિત, ઉલટી, પ્રદર, સ્ત્રીને લોહી વહે, પાંડુરોગ, હરસ, કમળો, દાદર, લોહીનો ઝાડા, મોઢામાંથી તથા નાકમાંથી લોહી નીકળતુ હોય એ સર્વે રોગને મટાડે છે. પાકા ફળ તરસ, પ્રમેહ, ગરમી, શ્રમ, શોષને મટાડે. ઉંમરામાથી નીકળતુ પ્રવાહી પિતવિકારમાં, મધુપ્રમેહમાં, સોજાનાં દુખાવા પર ચોળવામા, છોકરાને ઘાટી પડી હોય તો માથા પર પોતુ મુકાય છે. પેટ અને છાતીના દર્દમાં, છોકરાના ઝાડામાં, ઉમરાનુ દુધ અંગ જલાય ગયુ હોય ત્યારે માથે અને બરડા પર મુકવામાં આવે છે. ગર્ભવતી સ્ત્રીના ગર્ભની રક્ષા કરવામા ગુણકારી છે. સ્ત્રીના દુધને વધારે છે. નસકોરી ફુટે તથા રકતપ્રદર, રકતાતિસાર, લોહીની ઉલટીમાં એ લોહીને જતા બંધ કરે છે.

**ફળ/ફૂલ:** ફેબ્રુઆરી થી સપ્ટેમ્બર.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર.

ભારત: ગુજરાત, હિમાલય, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશ.

વિશ્વ: ભારત અને શ્રીલંકા.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ, રોપ, કલમ બનાવી, સ્ટમ્પ અને ડાળીથી.

**નામઃ**

**ગુજરાતીઃ બીયો**

**હિન્દીઃ બીયા, બીજ, બીજસાલ • મરાઠીઃ બીબલા, હોની**

**સંસ્કૃતઃ બીજક**

**શાસ્ત્રીયઃ *Pterocarpus marsupium***





# ૧૮. બીયો

**વર્ગ:** **Fabaceae/Leguminosae**

**વર્ણન:** ૧૦ થી ૧૫ મી. સુધીનુ ઉંચુ થતુ પાનખર વૃક્ષ છે. થડ:કથ્થાઇ રંગનું હોય છે. છાલ ભૂરા રંગની ખરબચડી અને તના પર ઉભા ચીરા હોય છે. લાકડુ ઘટને ટકાઉ હોય છે, છાલ કાઢવાથી લાકડુ છાંટણા લાલ રંગનુ હોય છે.

શાખા: ફૂલ, ફળ અને પાનના ભારથી નીચી ઝુકેલી હોય છે.

પાન: સંયુક્ત ૫ થી ૭ પર્ણ હોય છે.

ફૂલ: પીળાશ પડતા ધોળા રંગના. જે ઝુમખામા હોય.

ફળ: પાતળા, ગોળ અને ચપટા હોય છે.

**ઉપયોગ:**

લાકડું: બારણાના ચોકઠામા શુભ મનાય છે. ડાયાબીટીસ અને મધુપ્રમેહમા રાહત આપે છે.

ગુંદર: બીયાના ગુંદરને "ગમકીનો" ગુંદર કહે છે, જે અતિસાર, પેઢા ફૂલી જવામા અને દાંતના દુ:ખાવામાં વપરાય છે.

પાન: ગુંબડા, ઉજરડા અને ચામડીના દર્દમા લસોટી ને વપરાય છે. બીયો ટાઢો હોવાથી દસ્ત સાફ આવે, કોઢ, ખરજ, દાદર, રતવા, પ્રમેહ, કૃમિ, કફ, પિત, રકતવિકાર વગેરે રોગને મટાડે છે. ધોળા રંગના વાળ કાળા થાય છે. રસાયન ત્વચાનો રંગ સારો કરે છે.

**ફૂલ:** જુલાઈ-ઓગષ્ટ. **ફળ:** મેં-ઓકટોબર.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાત.

ભારત: ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, ઓરિસ્સા અને ઉત્તર પ્રદેશ.

વિશ્વ: ભારત અને શ્રીલંકા.


**વૃક્ષ ઉછેરની રીત:** બીજ,રોપ અને સ્ટમ્પ્રી.

**"સંતતિ વિનાના લોકોનું ભાવી જેમ ધૂંધળુ હોય છે,**
**તેમ વૃક્ષો વિનાના રાષ્ટ્રનું ભાવિ નિરાશાજનક હોય છે."**

**નામઃ**
**ગુજરાતીઃ બહેડા, બેડા, બહેડો, હેલા**
**હિન્દીઃ બહેરા, ભેહેરા • મરાઠીઃ ભીરડા, બેલા**
**સંસ્કૃતઃ બિભીતક, વહેડક, કલિદ્રમ**
**શાસ્ત્રીયઃ *Terminalia bellirica***







# ૧૯. બહેડા

**વર્ગ:** **Combretaceae**

**વર્ણન:** ૧૫ થી ૨૦મી. ઉંચુ વૃક્ષ હોય છે.

થડ: થડ સીધુ કે વાંકુચુકુ હોય છે. અંદરની છાલ પીળાશ પડતી રંગની, વાસ ઉગ્ર અને સ્વાદ જરા કડવાશ લેતો તુરો હોય છે અને લાકડું પીળા રંગનું હોય છે.

શાખા: ભુરા રંગની શાખાઓ બદામના ઝાડની શાખાઓની જેમ છત્રાકાર પ્રસરાતી ડાંડીની ચારે તરફ આવેલી હોય. શાખાઓની છાલ ખરબચડી, તેના પર ઉભા ચીરા અને અનીયમીત નાના મોટા ધોળા છાંટણા હોય છે. કોમળ શાખા ભુરા રાતા રંગની રૂંવાટી હોય છે.

પાન: પાન મોટા ભાગે દુરદુર અનિયમિત આંતરે આવેલા હોય છે. શિયાળે ખરી જાય છે. માર્ચ- એપ્રિલમાં પાછા આવે છે. પાન વડના પાન જેવા હોય છે, ચળકતા અને રતાશ પડતા રંગના હોય તેની સાથે ફૂલોની સળી પર રતાશ ભુરા રંગના વાળની રૂંવાટી પર સુક્ષ્મ પુષ્પપત્ર આવે છે. પાન ઉપર તરફ પહોળા, ડીટડી તરફ સાંકડા હોય છે

**ઉપયોગ:**

લાકડુ: લાકડું મજબુત હોય છે. સાધારણ વરણ કરવામાં અને ગોળ પકવવામાં ઉપયોગી છે.

છાલ: છાલનું પાણી મોઢું આવી ગયુ હોય ત્યારે કોગળા કરવામાં, આંખ દુખતી હોય તો આંખે છાંટવામાં, ઝાડા સંગ્રહની, પ્રદર અને પ્રમેદ ઉપર વપરાય છે.

પાન: પાનની પતરાવડી, પાન, ફળ ઢોરનો ચારો અને કોમળ પાન સાકરીયા પ્રમેદ ઉપર ઉપયોગી છે.

ફળ: ફળની છાલ લવીંગ અને પીપર સાથે વાટી ઉધરસ અને દમ ઉપર ઉપયોગી છે. ફળની છાલ, થડની છાલ, પાન, ફૂલ રંગના કામમાં અને બીમાંથી તેલ નીકળે તે ઓસડ તરીકે વપરાય. ફળ ત્રિફળા ચુર્ણમાં અને ફળની છાલ ઘણા કવાથમાં વપરાય છે, ભીલામો ઉડે તે પર મીંજ ઘસી ચોપડવાથી આરામ થાય. ફળની છાલ ઉધરસ સારી કરવા દસ્ત સાફ લાવે સાદ ઉઘાડે, નાકના, ગળાના, કાનના રોગને મટાડે છે, બીજ ઘસી આંખમાં આંજવાથી ફૂલુ મટે અને ખાવાથી મીણો ચડે છે.

**ફૂલ:** મે-જૂન. **ફળ:** જૂન-ઓક્ટોબર.

**જોવા મળતા પ્રદેશ:**

ગુજરાત: દક્ષીણ ગુજરાત, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર.

ભારત: ગુજરાત, મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્ર.

વિશ્વ: ભારત અને શ્રીલંકા.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.


**નામઃ**


**ગુજરાતીઃ બકુલી, બોરસલી, વરસડી, મુરસાલ, બરસાલ, વાકુ**


**હિન્દીઃ મુલસરી, મૌલસર, બકુલ, મૌલસરન**


**મરાઠીઃ બકુલ, બારસોલી, બખોર, વાઓલી • સંસ્કૃતઃ બકુલ**

**શાસ્ત્રીયઃ *Minusops elengi***









## ૨૦. બોરસલી

**વર્ગ:** **Sapotaceae**

**વર્ણન:** ૩ થી ૧૦ મીટર ઉંચુ ઘટાદાર વૃક્ષ થાય છે.

થડ: છાલ બહારથી લીસી અને ભૂરા કે કાળાશ પડતા રંગની હોય છે.

શાખા: ચારે તરફ ફેલાતી ઘણી નીકળતી હોય છે. જેના છેડાઓ ઉંચા ચઢતા હોય છે, જેના મસ્તકનો મુકુટ એક ગોળાઈ લેતી સઘન ઘટાવાળો હોય છે.

પાન: પાન આંતરે આવેલા ટુંકી ડીંટડીવાળા, લંબગોળ, ટેરવેબોડા અણીવાળા, ચામડા જેવા અને લીસા, ચળકતા, ઘેરા કે કાળાશ પડતા લીલા રંગના. મોજાવાળી કોરવાળા બહુ નીચા ઝુકતા ઉપપાન નાના-નાના ભાલાકૃતિના હોડીના તળીયાની પેઠે વચમા પોલાને તપખીરીયા રંગની રુંવાટીવાળા જે તુરંત ખરી જાય છે.

ફૂલ: ફૂલની ડીંટડી પત્રકોણમાથી નીકળેલી ગદાકાર ટુકી જરા નીચી જુકતી હોય છે અને દરેક પર એક-એક ફૂલ આવે છે. મધ્યમ કદના નીચા નમતા ધોળા રંગના અત્યંત મધુર સુગંધવાળા થાય છે.

ફળ: અંડાકાર, લીસુ, ચળકત્ુ, કાચુ હોય ત્યારે લીલુ પાકે ત્યારે પીળાશ પડતુ કેસરી રંગનુ આમા જેટલા બીજ તેટલા પોલ ખાના અને ભાગ્યેજ બે બીજ નીકળે છે. બીજ લંબગોળ, લીસુ, ચળકતુ, રતાશ કે કાળાશ પડતુ ઘેર ભૂરારંગનુ હોય છે.

**ઉપયોગ:**

લાકડુ: મજબુત ફીકા કે ઘેરા રતાશ પડતા ભૂરા રંગના, તેમાંથી ઘરશૃગારની કેટલીક ચીજો બનાવામાં આવે છે.

મૂળ: લાકડુ ચંદનની જગ્યાએ, રસવિકારના સોજા પર લેપમાં.

છાલ: રંગકામમાં, છાલનો કાઢો ગુરદા, અને સંગ્રહીણીના દર્દ ઉપર ગ્રાહી તરીકે, મોઢુ પાક્યુ હોય તો છાલના ઉકાળાના કોગળા કરવામાં. છાલનો ઉકાળો પીવાથી પેશાબમા લોહી પડતુ બંધ થાય છે. સ્વાદે મધુરી ને તુરી, શીતળ, વિષનેટાળે અને આનંદ વધારે છે. છાલ સુંઘવાથી માથુ દુખતુ મટે છે.

પાન: ગ્રાહી તરીકે.

ફૂલ: ફૂલનો અર્ક નબળાઈ ઉપર અને શરદી થઈ હોય ત્યારે શરીરમા સ્ફૂર્તિ લાવવા. સૂકા ફૂલની ભૂકી સુંઘવાથી નાચા વીરેચન થાય. તાજા ફૂલની માળા પેરવાથી હદયરોગમા ફાયદો થાય છે. ફૂલ ટાઢા, ગ્રાહી છે. તથા મળનો સંગ્રહ કરે છે. ફૂલ મીઠા, તૂરા ને ટાઢા છે જે કફ અને પિતને હરે છે.

ફળ: કાચા ફળ ચાવવાથી હલતા દાંત મટી જાય છે. બીજમાથી તેલ નીકળે છે તે મીઠા તેલની જગ્યાએ વપરાય. પાકા ફળ પક્ષીઓ અને છોકરાઓ ખાય છે. પાકા ફળનો મુરબ્બો, સંગ્રહીણી ઉપર, બી તથા કાળા મરીનો ઉપયોગ હરસ, મસા માટે ખાવામાં થાય છે.

**ફૂલ:** જૂન-ઓક્ટોબર. **ફળ:** ઓક્ટોબર-માર્ચ.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાત.

ભારત: ગુજરાત, મહારાષ્ટ્ર, ભોપાલ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને આંદામાન.

વિશ્વ: ભારત, શ્રીલંકા, મ્યાનમાર, મલેશીયા.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**નામઃ**
**ગુજરાતીઃ બકાન, ઇરાની નીમ, બકામ લીમડો**
**હિન્દીઃ બકાયન • મરાઠીઃ બકાઇન**
**સંસ્કૃતઃ મહાનીમ, હિમદ્રુમ**
**શાસ્ત્રીયઃ** ***Melia azadirachta***



## ૨૧. બકામ લીમડો

**વર્ગ:** **Meliaceae**

**વર્ણન:** ૫ થી ૧૦ મીટર ઉંચુ વૃક્ષ થાય છે

પાન: કડવા લીંબડાના પાનથી મોટા પાન થાય છે.

ફૂલ: શિયાળામા આવતા ફૂલ ફીકા જાંબુડી રંગના હોય છે.

ફળ: ગોળાઈ લેતા, બંને છેડે અણીવાળા, કાચા હોય ત્યારે લીલા અને પાકે ત્યારે કાળા રંગના હોય છે. ઉપરની છાલ ભૂરા રંગની પોચી અને કરચલી વાળી હોય છે.

**ઉપયોગ:**

મૂળ: મૂળના કટકા કરી પીવાથી ગ્રુધ્રસીપાત મટે છે.

છાલ: છાલનો ઉકાળો કૃમિમાં.

પાન: રસ કૃમિઘ્ન તરીકે ગુરદાના દર્દમાં, પેશાબ લાવવામાં, ખરજવા, ગળતા કોઢમાં પાનનો રસ કે સ્વરસ દેવાય છે. પાન વાટી લુગદી ગડગુંબડા પર, માથાના દુખાવા પર બાંધવામાં આવે છે. પાન કાળીજીરી સાથે વાટી બાજરાના લોટમા ઘોડાને આપવાથી પેટમાની જીવાત નીકળી જાય. પેટમા ખટાણ દૂર કરવા પાન મરીની સાથે વાટી અપાય છે. કપડા તથા પુસ્તકમા ઉધઈના લાગે તે માટે લીંબડાના પાનની સાથે રખાય છે.

ફૂલ: ફૂલ વાટી માથાના ખોડામા લગાવામાં આવે છે. તેલ કોઢ અને ચામડીના દર્દમાં વપરાય છે. બકમ લીંબડો કફ, પિત, કોઢ, દાહ, ગુંબડા, રક્તરોગ, શીળસ, ગળાના રોગ, અર્શ એ સર્વે રોગ મટાડે છે.

**ફૂલ/ફળ:** આખા વર્ષમાં ગમે ત્યારે આવે છે.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, કચ્છ, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાત.

ભારત: ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્ય પ્રદેશ.

વિશ્વ: ભારત, પાકિસ્તાન, નેપાલ, ભૂતાન, બાંગ્લાદેશ, મ્યાનમાર અને શ્રીલકા.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**"જયારે તમે વનોની સુરક્ષા કરો છો, ત્યારે તમે વૃક્ષો જ નથી બચાવતા, પરંતુ રાષ્ટ્રના ભવિષ્યનું નિર્માણ કરો છો."**

**નામઃ**
**ગુજરાતીઃ બીલી**
**હિન્દીઃ બેલ, બેલગિરી, બિલ, સીલીફળ, સીરીફલ • મરાઠીઃ બીલી, બેલ**
**સંસ્કૃતઃ બિલવવૃક્ષ, શાંડિલવ, મહાકપિત્ય • અંગ્રેજીઃ Bael, Bengal quince**
**શાસ્ત્રીયઃ *Aegle marmelos***





# ૨૨. બીલી

**વર્ગ:** **Rutaceae**

**વર્ણન:** ૬ થી ૯ મીટર ઉંચુ વૃક્ષ થાય છે.

શાખા: ગાંઠો ગડબાઓવાળી આડી અવળી તેના પર મજબુત કાંટા હોય છે. શાખા ભૂરા કે ઘેરા રાખોડી રંગની તેના પર આછા ધોળા રંગના છાપા કે ધોળા કે કાળા ઉભા ચીરા પડેલા હોય છે. સ્વાદ કડવાશ લેતો તુરો કે કડવો હોય છે.

પાન: એક દાંડીમા આંતરે અને ત્રિશુલ આકારે હોય છે. પાનમાં સુગંધ હોવાથી સુગંધી હોય છે. શિયાળે ખરી ચૈત્ર વૈશાખે ફરી આવે છે. પાન કાંટાની જાડી વચ્ચેથી નિકળેલા હોય છે.

ફૂલ: ચોમાસાની શરૂઆતમાં તેના પર લીલાશ પડતા ધોળા રંગના મધુરી વાસવાળા ફૂલ આવે છે.

ફળ: ફળ કઠણ, લંબગોળ કે ગોળ, ઉપરથી સખત કોઠા જેવા કોચલાવાળા અને અંદર કેસરી રંગના ગર્ભવાળા હોય છે. પાકેલા બીલા ગળચટા લાગે છે. પવિત્ર વૃક્ષ શંકર ભગવાનના મંદીરમા હોય છે. બીલીથી હવા શુધ્ધ થાય છે.

**ઉપયોગ:**

લાકડુ: મજબુત પીળાશ પડતા રંગનુ સુગંધિત હોય છે. જે ખેતીના ઓજારોના હાથા બનાવવામાં વપરાય છે.

ફળ: આમ દોષમાં બીલીનો ગર્ભ ખાવો. ગુલ્મવાયુમા કાચા કુમળા બીલાનો ગર્ભ ગોળ સાથે ખાવો. કાનની બહેરાશમાં, લોહીના ઝાડામાં, મરડો થાય ત્યારે બીલી ભાંગી શેકી તેના ગર્ભમાં ગોળ નાખી વાટી, ગરમ પાણીમા શરબત કરી પીવુ. પાકા બીલા ખવાય છે. કાચા ફળનુ શાક અને અથાણુ થાય. પાકા ફળની છાલ રંગકામમાં આવે છે. બીનુ તેલ વાને ટાળે છે.

પાન: આંખના રોગમાં, સંધિવાના સોજા પર લગાવવામાં, પિતનાશક અને પાચક ગણાય છે. પાન શિવને ચડાવવામાં આવે છે. કૃમિમાં પાનનો રસ પીવો. અમ્લપિતથી કંઠના દાહમા પાનનો રસ સાકર નાખીને દિવસમા ૪ થી ૫ વખત લેવો.

મૂળ: દશમૂળમાં વપરાય છે. છાલનો ક્વાથ તાવમા, હદયના ધબકારા પર અપાય છે. મૂળ પાણીમા ઘસી ઝેરી જનાવરોના ડંખ ઉપર ચોપડવામાં આવે છે. ઉલટી, મૂત્રગુચ્છની શૂળને મટાડે છે. બધી જાતના ઝાડામા બીલી અને આંબાની છાલનો ઉકાળો કરી તેમા મધ તથા સાકર નાખી પીવુ. મેદરોગમાં  નાની બીલીના મૂળ, નાની અરણીનાં મૂળ, સિવણના મૂળ અને પાટલાના મૂળના ચૂર્ણમાં મધ મેળવી ગોળી વાળી કે ઉકાળો કરી પીવુ.

ગુંદર: ઔષધિય તરીકે.

**ફૂલ:** જાન્યુઆરી-મેં. **ફળ:** એપ્રિલ-નવેમ્બર.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, કચ્છ, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાત.

ભારત: ગુજરાત, જમ્મુકાશ્મીર, આસામ, હિમાલય, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, કર્ણાટક, કેરાલા, તામિલનાડુ, આન્દામાર નીકોબાર, ઉત્તર પ્રદેશ, પંજાબ, બીહાર, પ. બંગાલ અને આંધ્ર પ્રદેશ.

વિશ્વ: ભારત, આફ્રિકા, એશિયા, મ્યાનમાર, શ્રીલંકા અને મલેશીયા.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ, રોપ અને સ્ટમ્પ્રી.

**નામઃ**

**ગુજરાતીઃ કાકાડયો, કાડકાડો, કાકડ, કરપટી**

**શાસ્ત્રીયઃ *Garuga pinnata***







## ૨૩. કાકડ

**વર્ગ:** **Burseraceae**

**વર્ણન:** ૭ થી ૧૫ મીટર ઉંચુ થતુ સુકુ પાનખર વૃક્ષ છે.

થડ: ધોળુ મોલેડીના થડને મળતુ આવે છે.

પાન: મોલેડીના પાન જેવાજ, એક સળી પર ૧૯ થી ૨૦ પાન સામ સામા આવેલા ટોચ પર એક પાન હોય છે. આગળથી અણીવાળા ડીટડી પાસે પાન નાના ઉપર સહેજ મોટા થાય છે.

ફળ: ફળ આવે ત્યારે પાન લગભગ ખરી ગયા હોય છે. જુન માસમા ફળ આવે છે. ડાળખીના છેડે ઝુમખામાં ફળો આમળી જેવા હોય છે, જેનો સ્વાદ તુરો હોય છે. એક ઝુમખામા અંદાજે ૭૦ થી ૮૦ ફળ આવેલા હોય, તે ચળકતા લીલા રંગના, પાકે ત્યારે લીલા પીળાશ પડતા રંગના થાય છે, ફળ આવે ત્યારે ડાળીઓ નીચે તરફ ઝુકેલી હોય છે.

**ઉપયોગ:**

લાકડુ: પેકીંગમાં તથા બળતણ તરીકે.

છાલ: રંગકામમા.

પાન: ઢોરનો ચારો, હાથીનો મુખ્ય ખોરાક છે. રંગકામમાં તથા પાન અને ડાળીઓ દમની વ્યાધીમા ઉપયોગી છે.

**ફૂલ:** જાન્યુઆરી-માર્ચ. **ફળ:** જૂન-જુલાઈ.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાત.

ભારત: ગુજરાત, હિમાલય, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્ય પ્રદેશ.

વિશ્વ: ભારત, મ્યાનમાર, ફીલીપાઈન્સ, બાંગ્લાદેશ, દક્ષિણ ચીન, દક્ષિણ એશીયા અને થાઈલેન્ડ.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**"વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી,**
**પશુ, પક્ષી, પુષ્પો, વનોની છે વનસ્પતિ."**

**નામઃ**

**ગુજરાતીઃ કડાયો, કડાઇ**

**હિન્દીઃ કરાઇ • મરાઠીઃ કાઉલી, કરાઇ, સારડોલ, પન્ટક**

**સંસ્કૃતઃ કુટજ, ધવલ**

**શાસ્ત્રીયઃ *Sterculia urens***







# ૨૪. કડાયો

**વર્ગ:** **Sterculiaceae**

**વર્ણન:** ૮ થી ૧૦ મી. ઉંચુ વૃક્ષ થાય છે.

થડ: ડાળી થડનો રંગ પાનખરમાં સફેદ ગુલાબી થાય છે. છાલ ચાઠાવાળી ઉખડેલી થાય છે.

પાન: ગુલાબી લીલા રંગના લંબગોળ ૩ થી ૭ ખૂણીયાવાળા હોય છે. પાન આંતરે આવેલા ડીટડી પાસે કોર વિભાજીત હોય છે.

ફૂલ: સુક્ષ્મ પીળાશ પડતા ઝુમખામાં આવે છે.

ફળ: ફ્રાકચના ફળ જેવા તેના પર રાતાવાળની રૂછાળ હોય છે. જેને અડકતા ખંજવાળ આવે છે. પાકા ફળ લાલ રંગના કવચ સાથે જોડાયેલા હોય છે. ફળ મોટુ થાય તેમ તેના પર રાતા મખમલીવાળ આવી પાંચ વિભાગો ઉપરથી એકબીજાથી છુટા થતા જાય છે. દરેકનો આકાર બદામ જેવો હોય છે, પાકે ત્યારે વાળની રૂવાટી ભૂરા રંગની થઈ જાય. સૂકાયા પછી વચ્ચેથી ચીરાય જાય છે અને બીજ રંગે કમળ કાકડી જેવા હોય છે.

**ઉપયોગ:**

લાકડું: પોચુ બળતણ તરીકે ઉપયોગી છે.

મૂળ: કવાથ ચિરગુણકારી પૌષ્ટિ તરીકે સાકર-દૂધ સાથે અપાય છે.

છાલ: છાલનો સ્વરસ ઢોરના મુંજારામા, રેસા દોરડા બનાવવામાં.

ગુંદર: કપડાના રંગકામમાં, દવાઓ બનાવવામાં, રેચકગુણ હોવાથી ચામડી પર લગાડવામાં, ગળુ આવે ત્યારે નકલી દાંતના મસાલામાં એકજાતની મીઠી ગોળીઓ, ચટણી વગેરે બનાવવામાં ઉપયોગી છે. ગુંદરને "કતિરાનો ગુંદર" કહે છે, જે ઝાડા તથા મરડામાં દવા તરીકે મોઢા પર લગાવવાના પાવડર તથા ક્રીમ બનાવવામા, પરદેશમાં આઈસક્રીમમાં વપરાય છે.

**ફૂલ:** ફેબ્રુઆરી-માર્ચ. **ફળ:** માર્ચ-એપ્રિલ.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત, કચ્છ.

ભારત: ગુજરાત, બિહાર, આસામ, મહારાષ્ટ્ર, ભોપાલ, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન.

વિશ્વ: ભારત, શ્રીલંકા, મલેશીયા.

**વૃક્ષ ઉછેરની રીત:** રોપ અને બીજથી.

**નામઃ**

**ગુજરાતીઃ કપીલો, કુખરો, સેન્દ્રી, કમીલો, કમપીલો, કામલા, રુહીન**

**શાસ્ત્રીયઃ *Mallotus philippensis***





## ૨૫. કપીલો

**વર્ગ:** **Euphorbiaceae**

**વર્ણન:** ૫ થી ૧૧ મીટર ઉંચુ વૃક્ષ થાય છે. પાનખર પ્રકારનું વૃક્ષ છે.

થડ: ભૂખરા રંગની છાલ હોય છે.

શાખા: કોમળ શાખાઓ ઘસાયેલા રાતાશ પડતા રંગની હોય છે.

પાન: ૪-૨૯ x ૨.૫-૧૩.૫ સે.મી ના સામ-સામે આવેલા ઝુમખામાં હોય છે. પાનની કોર કરકરીયાવાળી હોય છે.

ફૂલ: ઝુમખામાં આવતા આછા પીળાશ પડતા ક્રીમ રંગના હોય છે.

ફળ: કાચા હોય ત્યારે લીલા, પાકે ત્યારે લાલ રંગના થાય છે. બીજ લીસા નાના કથ્થાઇ રંગના હોય છે.

**ઉપયોગ:** લાલચૂર્ણ.

**ફૂલ:** ઓક્ટોબર-જૂન. **ફળ:** ડિસેમ્બર-ફેબ્રુઆરી.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાત.

ભારત: ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન.

વિશ્વ: ભારત, મ્યાનમાર, સીંગાપોર, આંદામાન, પાકીસ્તાન, શ્રીલંકા અને દક્ષિણ ચીન.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**"વૃક્ષ નશ, નાતરશે સર્વ વિનાશ."**

**"વૃક્ષ છે ધરતીનો સરતાજ, ભારતને છે વન પર નાજ."**

**"વૃક્ષ આપે છાયડો, વૃક્ષ કોઇને પણ ન આપે વાયદો,**
**વૃક્ષ ઋતુએ ઋતુએ આપે ભેટ, માનવ જીવન પર વૃક્ષને છે હેત."**

**નામઃ**

**ગુજરાતીઃ કીલાઇ, કારાંગી, ધોળો સીરસ, બેલટી**

**શાસ્ત્રીયઃ *Albizia procera***

# ૨૬. કીલાઈ

**વર્ગઃ** **Fabaceae/Leguminosae**

**વર્ણનઃ** ૧૫ થી ૨૦ મીટર ઉંચુ વૃક્ષ થાય છે.

થડ: પીળાશ પડતુ સફેદ રંગનુ ખરબચડું, ઉપર મરૂન રંગના ટપકા હોય છે.

પાન: લીંમડાના પાનની જેમ સળી પર સામ-સામા, નાના નાના ૭ થી ૧૫ પાન આવે છે.

ફળ: શીંગ રતાશ પડતી સપાટ જાળીદાર. શીંગોથી ઓળખી શકાય છે.

**ઉપયોગઃ**

લાકડું: બીમ્સ, વહાણનો આડો પાટડો, વાડો બનાવવામાં. છાલ માછલી પકડવાની ઝાળના પાટીયા બનાવવામાં.

છાલ: ચામડા રંગવા તથા પકવવા માટે.

**ફૂલઃ** એપ્રિલ-જૂન. **ફળઃ** સપ્ટેમ્બર-ફેબ્રુઆરી.

**જોવા મળતા પ્રદેશોઃ**

ગુજરાત: સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત.

ભારત: ગુજરાત, બિહાર, મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્ર.

વિશ્વ: ભારત, મ્યાનમાર, ફીલીપાઈન્સ અને ચીન.

**વૃક્ષ ઉછેરની રીતઃ** બીજ અને રોપથી.

**"વૃક્ષ ધરતીનું ધન."**

**" વૃક્ષ હત્યા, જીવ હત્યા."**

**"આવતી પેઢી માટે આજે જ વૃક્ષ વાવો."**

**"જાતે નર્યા તે પહેલુ સુખ, વૃક્ષ વિના નથી બીજુ સુખ."**

**"ઉઘાડી ધરતીનો એક જ પોકાર, વૃક્ષ વાવી કરો શૃંગાર."**

**નામઃ**
**ગુજરાતીઃ નાની કદંમ, કરમ, કલમ**
**હિન્દીઃ કદંબ, કલમ • મરાઠીઃ કદંમ, હલવન**
**સંસ્કૃતઃ ધારાકદંબ**
**શાસ્ત્રીયઃ *Mitragyna parvifolia***





## ૨૭. કલમ

**વર્ગ:** **Rubiaceae**

**વર્ણન:** ૮ થી ૧૫ મીટર ઉંચુ વૃક્ષ થાય છે.

થડ: છાલ રાખોડી રંગની, થડ લીસુ તેના પર સફેદ ડાઘા જોવા મળે. છાલ કોઈવાર ખરબચડીને ભૂરા રંગની હોય છે, તેના પર ઉભાચીરા પડેલા હોય છે.

શાખા: નાની-નાની ઘણી નીકળી તેની સારી સઘનઘટા થઈ રહેલી હોય છે.

પાન: ગોળાઈ લેતા, જરા લાંબા, સામસામા, હૃદયાકૃતિના જેવા લંબગોળને અધવચ ઉપરથી સાકડો થતો તરેહવાર હોય છે. પાનનો આકાર ગુંદાના સાંકડા પાનને મળતો આવે છે. બંને સપાટી પર સુક્ષ્મવાળની રૂંવાટી હોય છે. ડીટડી પાસે કોર ગોળાઈ લેતી ટેરવા ગોળાઈલેતા, બુઠી અણીવાળા હોય છે.

ફૂલ: ફૂલની દડીઓ હલદુના ફળથી નાની, ફીકા પીળા રંગની, ચંપાના ફૂલની સુગંધને મળતી સુગંધ આવે છે. ઘણી મધુર સુગંધ ચારે તરફ મહેકતી હોય છે. ફૂલપર ભ્રમર, મધમાખી ગુંજાર કરતા હોય છે.

ફળ: ફળ ફૂલની દડીમાજ, ઘણા લાંબા સમય સુધી ઝાડ પર ટકી રહે છે, જે કાચા હોય ત્યારે લીલા અને પાકે ત્યારે ભૂરા કાળાશપડતા રંગના થાય છે. જે હોળી પર ખરી જાય છે.

**ઉપયોગ:**

લાકડુ: સાધારણ ટકાઉ અને હલકુ હોય છે, જે ખેતીવાડીના ઓજારો, રમકડા, ખાટલાના પાયા, રકાબીઓ, પ્યાલા, દાતિયા વગેરે બનાવવાના કામમાં આવે છે.

મૂળ: છાલ સંધિવાના દુખાવામાં, છાલનો કવાથ તાવ અને પેટના દુખાવામાં, છાલના કસમાં રૂ ભીંજવી છોકરાને ઘાટી પડી હોય તો તાળવે મૂકે છે.

પાન: ઢોરનો ચારો, નહી રૂજાતા ચાંદા, ગડગુંબડા પર ચોપડવામાં, કુણા પાન રકતપિત અને અતિસારને ટાળે છે અને અરૂચીને મટાડે છે.

ફૂલ: રંગનાકામમાં, નહી રૂજાતા ચાંદા, ગડગુંબડા પર ચોપડવામાં.

ફળ: વાટી તેલમા ઉકાળી તેલ ગાળી લઈ તે તેલ નહી રૂજાતા ચાંદા, ગડગુંબડા પર ચોપડવામા. વર્ણને સારો કરે છે, ગ્રાહી છે. વીર્યને પુષ્ટિ કરે છે. રકતવિકાર, મૂત્રકુચ્છ, દાહ અને ગુંબડાને ટાળે છે. સ્ત્રીના દૂધને વધારે છે. વિશેષ ખાવાથી આફરો ચડે. પાકા ફળ વાત હરે, પિત અને કફને દુર કરે છે.

**ફૂલ:** એપ્રિલ-ઓગસ્ટ. **ફળ:** આખા વર્ષમાં ગમે ત્યારે.

ગુજરાત: સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાત.

ભારત: ગુજરાત, હિમાલય, પુના, મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્ર.

વિશ્વ: ભારત, મ્યાનમાર અને શ્રીલંકા.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**"વૃક્ષ સૌદર્યની મૂર્તિ, આખા રાજ્યની સમૃધ્ધિનો તે જ આધાર."**

**નામઃ**

**ગુજરાતીઃ ખારુકડો, કુડો, ડોલાકુડા, કારુકડો**

**હિન્દીઃ કુરીયા, કરા • મરાઠીઃ કુરા, પાઠરાકુરા**

**સંસ્કૃતઃ કુટજ, ઇદ્રયવ**

**શાસ્ત્રીયઃ *Holarrhena pubescens***

# ૨૮. ઈન્દ્રજવ

**વર્ગ:** **Apocynaceae**

**વર્ણન:** ૩ થી ૬ મીટર ઉંચુ વૃક્ષ થાય છે.

થડ: થડની છાલ બહારથી ભૂરાશ પડતા રંગની અંદરથી રાતા, ધોળા, લાલ એવા મિશ્ર રંગની જરા સુકાય ત્યારે કેવળ રાતાશ પડતા રંગની થઈ જાય છે. વાસ અને સ્વાદ કડવા હોય છે. થડને કાપ મારતા તેમાથી દૂધ જેવુ સફેદ પ્રવાહી નીકળે છે.

શાખા: લાંબી ઘણી શાખાઓ નીકળેલી હોય છે.

પાન: સામ-સામા લાંબા, પહોળા, જરા પાતળા અને મોટા જે શિયાળે ખરી વસંતે પાછા આવે છે. કોમળ પાન ઉપરની બાજુ પીળાશ પડતા લીલા રંગના નીચેની બાજુ ફીકા બંને બાજુ સુક્ષ્મ રૂંવાટી હોય છે. પાકેલ પાન ઘેરા લીલા રંગના ઉપરની બાજુએ નસો પર જ રૂવાટી હોય છે જે ધોળા રંગની હોય છે.

ફૂલ: ધોળા ગુચ્છેદાર ચોમાસાની શરૂઆતમાં આવે છે. શાખાઓના છેડે પત્રકોણમાંથી ફૂલના ગુચ્છા દવીભંગી કે ત્રિભંગી સળીઓ પર આવે છે, જે જુઈ જેવી સુગંધના ઘણે સુધી સુગંધ પ્રસરાવે છે.

ફળ: શીંગો લાંબી બે-બે સાથેને ટેરવે જુદી હોય છે. તે નીચી જુલતી જુકી રહેલી હોય છે. કાચી હોય ત્યારે લીલી, પાકે ત્યારે ભૂરાશ પડતા રાતા રંગની થાય છે. જેની સપાટી પર લાંબા ભૂરા કે ધોળારંગના ચાંદલા હોય છે. ઉપરની બાજુ સળંગ નીક હોય છે. શીંગ પાકયા પછી ચીરાય જાય છે. બીજ અંદરથી પડી જાય છે. બીજ કાચા હોય ત્યારે લીલાશ પડતા રંગના પાકે ત્યારે ઘઉંવર્ણા થાય છે.

**ઉપયોગ:**

છાલ: છાલનો ઉકાળો અવલેહ કરે છે તે 'કુટજાવલેહ' કહે છે, જે અતિસાર સંગ્રહણી વગેરેમાં વપરાય. કડાછાલની સાત બનાવટ (૧) કુટજાવલેહ, (૨) કુટજાવિષ્ટ, (૩) ઘનમિશ્રિત કવીનાઈનની ગોળી, (૪) કુટજાષ્ટક, (૫) ઘન, (૬) કુટજપુટપાક અને (૭) કુટજાદિ ચૂર્ણ. આ સાતેય બનાવટોનો ઉપયોગ અતિસાર, રક્તતિસાર, પિતાતિસાર અને આમાતિસારમાં થાય છે. મરડા તથા રક્તાતિસારમાં છાલ બરાબર એકપણ આર્ય ઔષધ નથી. કમળામાં અને પ્રમેહમાં ફાયદો થાય છે. કરમિયા ઉપર મૂળ સાથે વાવડીંગ મેળવી અપાય છે. પ્રારી ઉપર છાલ દહીમાં ઘસી પીવડાવાથી ફાયદો થાય છે.

ફૂલ: શાક અને કઢી થાય છે.

ફળ: શીંગને કડાફળી કહે છે તેનુ શાક, સંભારો, અથાણુ વગેરે થાય છે. એનાથી ઝાડા, મરડો, અરૂચી મટે છે. હરસમાં ઉપયોગી છે અને ઝાડો, તાવ, અતિસાર, કૃમી, રતવા, વાતરતવા, કફ, દાહ, શૂળ વગેરે રોગને મટાડે છે. કાચી શીંગ વાટી સર્પદંશ પર ચોપડવામાં આવે છે.

પાન: ઢોરના ચારો.

**ફૂલ:** મે-જૂન. **ફળ:** જુલાઈ-ડિસેમ્બર.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાત.

ભારત: ગુજરાત, હિમાલય, રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્ર.

વિશ્વ: ભારત અને હિમાલય.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**નામઃ**
**ગુજરાતીઃ કાસીદ, કાસોદ**
**શાસ્ત્રીયઃ *Cassia siamea***







# ૨૯. કાસીદ

**વર્ગઃ** **Mimosaceae**

**વર્ણનઃ** ૧૦ થી ૧૫ મીટર ઉંચુ વૃક્ષ થાય છે.

થડઃ કલર આછો કાળાશ પડતો રતાશલેતો હોય છે.

પાનઃ શીરીષના પાનની જેમજ સળી પર બાર્ક નાના-નાના આવે છે. પાનનો આકાર આમલીના પાન જેવા પાનનુ કદ મોટુ હોય છે.

ફૂલઃ શરૂઆતમાં ગુલાબી રંગના શીરીષના ફૂલની જેવાજ ગુચ્છાદાર આવે છે, વૃક્ષમાં અલગ અલગ ફૂલો આવે છે.

ફળઃ શીંગો અડધાથી એક ફુટ લાંબી, એકથી બે ઈંચ પહોળી અને ચપટી હોય છે, શીંગો સુકાઇ જાતા પીળા રંગની થાય છે, શીંગોને હલાવતા ઘુઘરા જેવો અવાજ આવે છે. ઝાડમાંથી ખૂબ જ પ્રમાણમાં ચીકણો પદાર્થ નીકળે છે.

**ઉપયોગઃ**

લાકડુઃ હલકુ ને પોચુ હોય છે.

મૂળઃ શીરી રોગમાં મૂળ કે ફળોની પોટલી બનાવી નશ્ન આપવુ.

છાલઃ પાણીમા વાટી રસવીકારના સોજા પર ચોપડવામાં આવે છે, પ્રદર છાલનો રસ સમભાવે ગાયનુ ઘી પાવુ.

ફૂલઃ સર્પદંશ પર ફુલના રસમા મરીને સાત દીવસ ખરલ કરી, ભાવના આપી તેનુ સેવન અને અંજન કરવું.

**ફૂલઃ** એપ્રિલ-જુલાઈ. **ફળઃ** શિયાળામાં.

**જોવા મળતા પ્રદેશોઃ**

ગુજરાતઃ સૌરાષ્ટ્ર અને વઘઈ.

ભારતઃ ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશ.

વિશ્વઃ ભારત, અમેરીકા અને કેનારા.

**વૃક્ષ ઉછેરની રીતઃ** બીજ અને રોપથી.

**"પંખી સદા મુકત વિહરશે, ગીતો ડાળે ડાળે ગુંજશે,**
**કાગના વાઘ સામે ડરીને, પંખી તેનાં ગાન ન મુકશે."**

**નામઃ**

**ગુજરાતીઃ કડવો સરગવો, ડુંગરાઉ સરગવો**

**હિન્દીઃ સબના • મરાઠીઃ મુવા, સજના**

**સંસ્કૃતઃ તિલશિંગુ, સ્વતશિંગુ**

**શાસ્ત્રીયઃ** ***Moringa concanensis***





## ૩૦. કડવો સરગવો

**વર્ગ:** **Moringaceae**

**વર્ણન:** ૮ થી ૧૦ મીટર ઉંચા વૃક્ષ થાય છે.

શાખા: આડી અવળી કે સીધી ઘણી શાખાઓ નીકળેલી હોય છે.

છાલ: બુચ જેવી રાખોડી કથ્થાઈ રંગની છાલ હોય છે.

પાન: નાના, ગોળાકાર સંયુકત પર્ણ હોય છે.

ફૂલ: પીળાશ પડતા, લાલ જાંયવાળા, ધોળા રંગના હોય છે.

ફળ: લાંબી, નળાકાર શીંગો, કાચી હોય ત્યારે લીલી અને પાકે ત્યારે ભૂખરા પીળાશ પડતારંગની થાય. બીજ લીલાશ પડતા પીળા રંગના હોય છે. જેના પર ત્રણ પાતળા છેડા હોય છે. શીંગમાં એક બીજાના છેડા ઉપર તળે આવી થોડા દબાયેલા હોય છે. બીજ નરમ અને પોચા હોય છે.

**ઉપયોગ:**

છાલ: ગરમ છે. વાના સોજામાં, વાથી જલાયેલા ભાગ પર લગાડવાથી ફોલા ઉઠે છે. છાલમાંથી નીકળતા રેસાઓ ચટાઈ, કાગળ કે દોરડા બનાવવામાં, યકૃતોદર, પ્લીહોદર મૂળ મિત્રલ છે. પિતનો સ્ત્રાવ વધારે. દમમાં ઉપયોગી છે. પેશાબમાં પડતી રેતી પર વરણી સાથે ઉપયોગી છે. અપચાનાંરોગમાં, બરોલમાં, કળતા દાંત બંધ કરવામાં.

મૂળ: પેશાબ વધારવામાં, લકવા, તાવ, વાઈ, હિસ્ટીરીયા, શિરોવિરેચનમાં વપરાય છે. છાલ પાણીમાં વાટીને કેન્થારીડીસ' દવાની જગ્યાએ વપરાય છે.

ગુંદર: દુખતી દાઢમાં રખાય છે. ગુંદર મીઠા તેલમા મેળવી ટીપુ નાખવાથી કર્ણશૂલ બેસે. દૂધમાં વાટી માથા પર ચોપડવાથી માથાનો દુઃખાવો મટે છે.

પાન: પાનનું શાક, કઢીમા નાખવામાં, સંધિવાના સોજામાં, વાના દુઃખાવામાં, પાન બાફી વાયુથી ગોઠણ સોજી જાય ત્યા બાંધવામાં, આંખો ઉઠે તે પર ચોપડાય છે તેમજ આંખમા તેનુ ટીપુ નાખવાથી ફાયદો થાય. પાન લસણ સાથે વાટી તેમા હળદર, મીઠુ અને મરી ભેળવીતે કુતરાના કરડવા ઉપર બહારથી લગાડવામાં આવે. તેમજ પેટમા ખવરાવામાં પણ આવે આથી પાંચ-છ દહાડામાં આરામ થાય છે. પાન ચારામાં વપરાય છે.

ફૂલ: ફૂલનુ શાક થાય છે. કઢીમાં નખાય છે. ગુણ પાન અને શીંગ જેવાજ છે. ફૂલ ગરમ, તીખા તથા કૃમિનો નાશ કરનાર છે. ફૂલથી શરદીના ર્દદ મટે છે. સોજા ઉતરે છે અને પાચન શકિત વધે છે.

ફળ: શીંગોનુ શાક અને કઢી બને. શાક સંધિવા, જળોદર, અર્જીણ અને આફરામાં ગુણકારી છે. બીજના તેલને બર્નઓઈલ' કહે છે. માથાના રોગોને મટાડે છે. શીંગનુ અથાણુ થાય છે.

**ફૂલ/ફળ:** ઓકટોબર-ડિસેમ્બર.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાત.

ભારત: ગુજરાત, ગોવા, આંધ્ર પ્રદેશ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન.

વિશ્વ: ભારત, ઉત્તર આફ્રિકા, ઈરાન અને પાકીસ્તાન.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ, રોપ અને કટીંગથી.

**"વન ખીલે તો જગ ખીલે."**

નામઃ

ગુજરાતીઃ કાંચનાર, કાઠીચંપા, ડોલીયાર, દેવકચનાર

શાસ્ત્રીયઃ *Bauhinia purpurea*







# ૩૧. કાંચનાર

**વર્ગ:** **Fabaceae/Leguminosae**

**વર્ણન:** ૬ થી ૧૦ મીટર ઉંચુ વૃક્ષ થાય છે.

થડ: ભૂખરા આછા કથ્થાઈ રંગની છાલ હોય છે, જેમાથી લાલ રંગ નીકળે છે, જે સ્વાદે તુરી હોય છે.

શાખા: પાતળી અને નીચે ઝુકેલી હોય છે.

પાન: ૩-૧૭★૩.૫-૧૭ સે.મી અર્ધ ગોળ હોય છે, જે આસીત્રાના પાનથી ઘણા મોટા હોય છે. ફેફસા આકારના મથાળે છુટા હોય છે. જે શિયાળામાં, પાનખર અને ફાગણ જેઠમાં નવા પાન આવે છે.

ફૂલ: ઘાટા ગુલાબી જાંબુડી રંગના ૩-૪ પુંકેસરવાળા, પાંચ પાંખડીના, પહોળા અને સુંદર દેખાવના હોય છે.

ફળ: ૬ થી ૧૦ ઈંચ લાંબી, ૦૧ થી ૧ ઈંચ પહોળી અને ચપટી ફળી (શીંગ) થાય છે. દરેકમાં ૬ થી ૧૨ ગોળ ચપટા નાના તૈલી બીજ હોય છે.

**ઉપયોગ:**

લાકડું: ટકાઉ હોય છે, જે ખેતીના ઓજારો બનાવામાં આવે છે.

છાલ: રંગકામમાં, દોરી -દોરડા બનાવામાં વપરાય છે.

પાન: કુમળા પાનની ભાજી બને. ઢોરના ચારા તરીકે, પહાડી લોકો પાનમાં તમાકુ ભરી બીડી બનાવી પીવે છે.

બીજ: બીજમાથી નીકળતુ તેલ વારનીશ તથા બાળવાના કામમાં આવે છે. શરીરમાં થતી કોઈપણ જાતની ગાંઠ તથા લોહી વિકારમાં તે વધુ ઉપયોગી છે.

**ફૂલ/ફળ:** સપ્ટેમ્બર-ફેબ્રુઆરી.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાત.

ભારત: ગુજરાત, હિમાલય, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન.

વિશ્વ: ભારત, શ્રીલંકા અને દક્ષિણ ચીન.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ, અને રોપથી.

**"પ્રકૃતિએ દીધી આપણને વનસહી શોભા અપાર,**
**દુનિયાના લોકો સમજી લો વૃક્ષનો આ મહા ઉપકાર."**

**નામઃ**
**ગુજરાતીઃ કરંજ, કણજી, કણજ**
**હિન્દીઃ કરંજ, કરજક, કંજા • મરાઠીઃ કરંજ, ધાણેરા, કરંજ**
**સંસ્કૃતઃ કરંજ, નલમાલ**
**શાસ્ત્રીયઃ *Pongamia pinnata***







# ૩૨. કરંજ

**વર્ગ:** **Fabaceae/ Leguminosae**

**વર્ણન:** ઉંચાઈ ૧૮ મી. સુધીની થાય છે. ૧૦૫ મી. સુધીનો ઘેરાવો થાય છે.

થડ: મધ્યમ કદનું સદાહરીત વૃક્ષ નદીના કાંઠે અને કોતરોમાં ઉગેલુ જોવા મળે છે, થડ ભસ્મી રંગના છાપા હોય છે.

શાખા: શાખાઓ જે ભુરા રંગની, તેના પાન પર સફેદ છાંટણા હોય છે, રાખોડી અને આછી છાલ હોય છે. કોમળ શાખાઓ નીચે ઝુકેલી, તેના પર ચળકતા ઘેરા લીલા રંગના કાચ જેવા પાન આવી રહેલા હોય છે.

પાન: પાન ૫ થી ૯ કાયમી લીલા, ચળકતા અને અંડાકાર હોય છે.

ફૂલ: ગુલાબી સફેદ, સફેદમાં જાંબલી જાંય વાળા ફૂલો આવે છે.

ફળ: બદામ જેવા ચપટી શીંગો ઝુમખામાં લટકી રહેલ હોય છે, આગળના વર્ષોની શીંગો પણ હોય છે.

**ઉપયોગ:**

લાકડું: લાકડું બોબીન બનાવવામાં, દાતણ અને દાંતના રોગોમાં વપરાય છે.

છાલ: છાલ લોહી ટપકતા મસામાં.

પાન: પાન વાટીને લેપ જખમમાં.

મુળ: મુળરસ સોજામાં, ચાંદા સાફ કરવામાં વપરાય છે.

બીજ: બીજમાંથી તેલ કાઢવામાં આવે છે, જે ચામડીનાં રોગામાં, સંધીવા મટાડવામાં તેમજ સાબુ ઉદ્યોગમાં વપરાય છે. બીજમાંનું તેલ ડીજલ જેવુ કામ આપે.

**ફૂલ:** એપ્રિલ -મે. **ફળ:** મે-જૂન.

**જોવા મળતા પ્રદેશ:**

ગુજરાત: દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર.

ભારત: ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને આંદામાન - નીકોબાર.

વિશ્વ: ભારત, શ્રીલંકા અને મ્યાનમાર.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ, રોપ અને સ્ટમ્પ વાવીને. કુદરતી ઉગાવો પણ સારો થાય છે.

નામઃ
ગુજરાતીઃ કટગુંદી, કઠગુંદી, કરપતિ
હિન્દીઃ છોટા લીસોડા • મરાઠીઃ મોકરી
સંસ્કૃતઃ લઘુશ્લેષ્માંતક
શાસ્ત્રીયઃ *Cordia monoica*





# ૩૩. કઠ ગુંદી

**વર્ગ:** **Boraginaceae**

**વર્ણન:** ૪ થી ૫ ફૂટ ઉંચુ થતુ મધ્યમ કદનુ વૃક્ષ છે.

શાખા: નાની-નાની ઘણી શાખાઓ હોય છે.

પાન: આંતરે આવેલા ગુંદાના પાનથી નાના, બંને સપાટી ખરસટ અને ઉભી ત્રણ નસો હોય છે. ટેરવા બુઠા કે અણીવાળા હોય છે. પાન શિયાળ ખરી ઉનાળે ફરી આવે.

ફૂલ: પુષ્પધારણ કરનારી સળીઓ વિભાજીત હોય છે. કોમળ શાખાઓના ગાળામાથી ગુચ્છાની પેઠે ઉનાળે આવે છે, તે ધોળા સુવાસિત એક કે બહુજાતિય હોય છે.

ફળ: ચોમાસે આવે છે. કાચા હોય ત્યારે લીલા અને પાકે ત્યારે પીળા રંગના લીસા, ચળકતા અને મથાળે અણીવાળા હોય છે, તેમા ચીકણો રસ અને ઠળીયો હોય છે. ઠળિયામાં ચાર ખંડ હોય જેમા માત્ર એક ખંડમાજ બીજ હોય છે.

**ઉપયોગ:**

લાકડું: હલકુ અને પોચું હોય છે. બળતણ અને સુથારી કામમાં વપરાય છે.

છાલ: રતવાના સોજા ઉપર, દોરી બનાવવામાં અને ઉદરશૂલમાં વપરાય છે.

ફૂલ: સાકર સાથે પેશાબની બળતરામા વપરાય છે.

ફળ: પેશાબની બળતરામાં, કંઠમાળા અને નાસુરવાળા રોગમાં, સૂકી ખાસીમાં, ઝાડામાં, ન્યૂમોનીયામાં,પિતની કે રકતની ગરમીમાં, દુજતા હરસમાં ઉપયોગી છે.

પાન: જખમમાં, બદગાંઠમાં, સંગ્રહણી અને પ્રમેહમાં ઉપયોગી છે.

**ફૂલ:** માર્ચ - એપ્રિલ. **ફળ:** મે - જૂન.

**જોવા મળતા પ્રદેશ:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત, કચ્છ.

ભારત: ગુજરાત, છોટા નાગપુર, પશ્ચિમ ભારત અને પંજાબથી આસામ સુધી.

વિશ્વ: ભારત.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ,રોપ અને કલમથી.

**"વૃક્ષ વાવો-દેશ બચાવો, એ જ આપણું સુત્ર રહે,**
**પ્રકૃતિના જેમ સૌને, વૃક્ષ પ્રતિ અતિ પ્રેમ રહે."**

**નામઃ**
**ગુજરાતીઃ કોદારો, કેદારો, ખુવાસ**
**હિન્દીઃ બોડલ • મરાઠીઃ ખોશી, મતલીગ**
**સંસ્કૃતઃ ખાઓસી, ભાઈકોઈ**
**શાસ્ત્રીયઃ *Firmiana colorata***





# ૩૪. કોદારો

**વર્ગ:** **Sterculiaceae**

**વર્ણન:** ૧૬ થી ૧૮ મી. ઉંચુ વૃક્ષ થાય છે.

શાખા: શાખા પ્રતિશાખાઓ ઉપર ચઢતી તેમજ આડી અવળી પ્રસરાતી હોય છે. છાલ રાખોડી રંગની અને અંતરછાલ ધોળા રેસાવાળી હોય છે.

પાન: ૩ થી ૫ ખૂણીઆ, તળીયે હૃદયાકૃતિના, ડીટડી લાંબી હોય છે. ઉપપાન સાંકડા ભલ્લાકૃતિના અને ઉભા હોય છે.

ફૂલ: નારંગી રંગની છારીથી આચ્છાદીત હોય છે.

ફળ: શીંગ જેવા દેખાય છે, ૨ થી ૩ ઈંચ લાંબા અને પાતળા હોય છે. ફળ કાચા હોય ત્યારે ચીરાય જાય છે. બીજ ફળની કોરે ચોટેલા દેખાય છે. જે કાળા રાખોડી રંગના કરચલીવાળા ચણા જેવડા કે તેનાથી નાના હોય છે.

**ઉપયોગ:**

છાલ: છાલનો કાઢો પ્રમેહ તથા જીર્ણ તાવમાં, છાલમાંથી નીકળતા રેસા દોરી બનાવવામાં.

પાન: વન્ય પ્રાણી ખાય છે.

**ફૂલ:** ફેબ્રુઆરી-મે. **ફળ:** માર્ચ-જૂન.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાત.

ભારત: ગુજરાત, મહારાષ્ટ્ર, કેરાલ, આન્દામાન, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન.

વિશ્વ: ભારત, મ્યાનમાર, શ્રીલંકા, બાંગ્લાદેશ, ભૂતાન, થાઈલેન્ડ અને ઈન્ડોનેશિયા.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**"પંખી જંગલને જગાડો, પંખી વૃક્ષોને જગાડો,**
**પંખીના રૂંધાતા સ્વરને, એક બનીને આજ બચાવો."**

**"પંખી સદા મુક્ત વિહરશે ગીતો ડાળે ડાળે ગુંજશે,**
**કાગના વાઘ સામે ડરીને, પંખી તેનાં ગાન ન મુકશે."**

**નામઃ**
**ગુજરાતીઃ કોઠા, કોઠી, કોઠુ, કવાથ**
**હિન્દીઃ કૈથ, કઠબેલ, કવીથ • મરાઠીઃ કૌઠા, કવિત**
**સંસ્કૃતઃ કપિપ્રિય, કપિત્થ • અંગ્રેજીઃ Wood apple**
**શાસ્ત્રીયઃ *Limonia acidissima***





# ૩૫. કોઠી

**વર્ગ:** **Rutaceae**

**વર્ણન:** ૮ થી ૧૦ મીટરનું થતુ સદાહરીત વૃક્ષ છે.

થડ: ગોળ, સીધુ વધેલુ હોય છે.

શાખા: શાખામાં મજબુત કાંટા હોય છે.

પાન: સંયુક્ત, આંતરે આવેલા, મુખ્ય ડીટડી પર સુક્ષ્મ પાન સામ-સામા આવેલા હોય છે. ડીટડી બહુધા પાનની કોર જેવા છેડા વાળી હોય છે. પાનની ઉપરની સપાટી ઘેરા લીલા રંગની હોય છે, તેને ચોળતા તેમાથી વરીયાળી જેવી સુગંધ આવે છે.

ફૂલ: ઉનાળાની શરૂઆતે આવે. નર અને માદા એકજ પુષ્પમંડળ ઉપર આવેલા હોય છે. પુષ્પ ધારણ કરનારી શાખાઓ ફૂલની ડીટડીઓ ઉપર સુક્ષ્મ વાળની રૂંવાટી હોય છે.

ફળ: ફળ ગોળ દડા જેવા ભૂરા રંગના ને કઠણ છાલવાળા હોય છે, તેમા ખટમધુરો માવો તથા ઘણા બીજ હોય છે. ચોમાસાના આંતમાં તે પાકે છે જે ઘણો લાંબો સમય સુધી ઝાડ પર રહે છે અને ફીકા રાતા રંગના બહુજાતીય રંગના હોય છે.

**ઉપયોગ:**

લાકડુ: મજબુત, પીળાશ પડતા ધોળા રંગનુ હોય છે, જે ખેતિવાડીના ઓજારો બનાવવામાં ઉપયોગી છે.

મૂળ: મૂળની છાલ ઝેરી જનાવરના ડંખ ઉપર ચોપડવામાં આવે છે.

ગુંદર: ઠંડક માટે તેનો ગુંદર બાવળીયાના ગુંદરની પેઠે વપરાય છે.

પાન: મીઠાની સાથે અર્જીણ અને ઝાડામાં, પેઢા અને ગળુ સોજી ગયુ હોય, હેડકી, અતિસકરમાં અને કમળામાં ઉપયોગી છે.

ફૂલ: ઉદરના વિષને ટાળે છે.

ફળ: કોઠાનો માવો ચટણી તથા શરબત બનાવવામાં, ફળની છાલ સંગ્રહણીમાં, પાકા ફળનો માવો વા, કફ, ઉલટી, શ્રમ, ખેદ, હેડકી વગેરે ને મટાડે છે. બી વિષને ટાળે છે. છાલ રતવાને મટાડે. સવારના પહોરમાં પાકા કોઠાના ગર્ભ સાથે ગોળ તથા પાણી મેળવી શરબત ૧૫ દિવસ પીવાથી હરસ મસા નાબૂદ થાય છે.

તેલ: તેલ વિષ, કફ, પિત, હેડકી, ઉલટી વગેરે રોગને મટાડે છે.

**ફૂલ:** માર્ચ - જુલાઈ. **ફળ:** માર્ચ -ડિસેમ્બર.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાત.

ભારત: ગુજરાત, હિમાલય, સીમલા, બિહાર, આસામ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, પંજાબ, કેરાળા, ઉત્તર પ્રદેશ, પ.બંગાલ, આંધ્રપ્રદેશ, કર્ણાટક અને તામીલનાડુ.

વિશ્વ: ભારત, શ્રીલંકા, મ્યાનમાર, થાઈલેન્ડ અને ચીન.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**નામઃ**

**ગુજરાતીઃ લીંમડો, નીમ**

**હિન્દીઃ નિંબ, કડુનીબ • મરાઠીઃ નિંબ, કડુનિંબ**

**સંસ્કૃતઃ નિંબ, પિચમર્દ, પિચમંદ, પારીભદ્ર**

**શાસ્ત્રીયઃ *Azadirachta indica***










## ૩૬. કડવો લીમડો

**વર્ગ:** **Meliaceae**

**વર્ણન:** ૧૦ થી ૧૫ મીટર ઉંચુ વૃક્ષ થાય છે.

થડ: સીધુ, ઝાડુ ઉપરની છાલ ખરબચડી ઘેરા ભૂરા રંગની જેની ઉપર ઉભા ચીરા અને અંદરની છાલ ઘેરા લીલા, રાતા કે ધોળા મિશ્ર રંગની હોય છે.

શાખા: કોમળ શાખાઓ લીલી કે રતાશ પડતા રંગની નીચી ઝુકતી અને બટકણી હોય છે.

પાન: સંયુકત, એકભગ્ન, સળી પર નાના પાન આવેલા હોય છે. અર્ધચંન્દ્રાકાર, દાતાદાર, છેડે અણીવાળ હોય છે. કોમળ પાન રતાશ પડતા સોનેરી રંગના ચળકતા તેમાં ચકચકીત સુક્ષ્મ છાંટણા આવેલા હોય છે.

ફૂલ: ઝીણા ફૂલોની લોળો નવા પાનની સાથે લટકતી હોય છે.

ફળ: લીંબોળી લંબગોળ, લીસી અને ચળકતી, કાચી હોય ત્યારે લીલી, કડવી પાકે ત્યારે પીળી, મીઠી થાય છે.

**ઉપયોગ:**

લાકડુ: મજબુત, ખેતીવાડીના ઓજારો, નાની પેટીઓ, ઘરશૃંગારનો સામાન, દેવદેવીઓની મુર્તિ બનાવવામાં.

મૂળ: છાલનો કવાથ ટાઢીયા તાવમાં, ઝેરી જનાવરોના ડંખ ઉપર, દોરી, દોરડા, કાગળો બનાવવામાં, ગાંઠ, ગુંબડામાં, મોઢુ પાકે ત્યારે, ખરજવામાં અને રંગકામમાં.

પાન: માથામાં ઝુ પડયા હોય ત્યારે, અર્જીણ, ઝાડામાં, મરકીમાં, કાનના દુખાવામાં, સાંધાના દુખાવામાં સડતા ચાંદામાં, ગુંબડા ફોડવામાં, કઠોળમાં જીવાત ના પડે એટલે કઠોળમાં નાખવામાં, પાચક છે, દુખતી આંખ પર બાંધવામાં, શીતળા, ઓરી, અછબડા, ઢોરના પડતા ચાંદા કે જખ્મમાં, ભેંસને શીળીમાં, ઢોરનોચારો, ચામડીના દર્દમાં, "લીંબડાનો મલમ" ગડગુંબડામાં, સ્તન પરલગાવાથી દુધ ઘટે, ગળતા કોઢમાં, માથાના ખોડામાં, ઘોડાની પીઠ પરના ભાઠામાં, પેટના કૃમિમાં, કમળામાં, અમ્લપિતમાં, દરેક જાતના વિષમાં પાન ઉપયોગી છે.

ફૂલ: ફૂલ મીઠા સાથે અર્જીણ અને ઝાડામાં, ફૂલ, આંબલી અને મીઠા સાથે ખાવાથી પિતનુ શમન થાય છે.

ફળ: પ્રમેહ અને જવરમાં, ફળનો મલમ અર્શ પર લગાડમાં, માથાના ખોડો, ઝુ માં ઉપયોગી છે. બીજ જવર, કફ અને જન્તઘ્ન ગણાય છે.

ગુંદર: કેટલાક પૌષ્ટિક પાકોમાં અને રંગકામમાં વપરાય છે.

તેલ: બીમાંથી નીકળતુ તેલ સ્ત્રીને પ્રસવમાં, આંચકી બેસારવામાં, કોલેરા, તાવથી થતી બેશુધ્ધી, આંચકીમાં, સંધિવામાં, માથાના ખોડામાં, શીતળાના દાણા પર, ચાંચડ પડેલ હોય અને ખરજવામાં ઉપયોગી છે. લીંબડાનો ગોળ ખાતર તરીકે, ઝાડમાથી ઝરતો સફેદ રસ ચિરગુણકારી, પોષ્ટીક, ટાઢીયા તાવમાં, પિત, કમળા, લીંબડાનું દાતણ કરવાથી મોઢું/મોઢાની વાસ સારી રહે છે. લીમડાની હવા ગુણકારી છે.

**ફૂલ:** ડીસેમ્બર - માર્ચ. **ફળ:** જાન્યુઆરી - મે.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને કચ્છ.

ભારત: ગુજરાત, મધ્ય પ્રદેશ, કર્ણાટક અને રાજસ્થાન.

વિશ્વ: ભારત, અમેરીકા, એશિયા, ઓસ્ટ્રેલીયા, ફીલીપાઈન્સ, મ્યાનમાર અને શ્રીલંકા.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**નામઃ**

**ગુજરાતીઃ ખટુંબો, ખાટી આમલી, ખટમુ, અમલી, માનાજાબુ, ખટાજાબુ**

**શાસ્ત્રીયઃ *Bauhinia malabarica***






## ૩૭. ખટુંબો

**વર્ગ:** **Caesalpiniaceae**

**વર્ણન:** ૯ થી ૧૪ મીટર ઉંચુ વૃક્ષ થાય છે.

થડ: આછા કોફી રંગનુ ખરબચડી છાલવાળુ હોય છે.

શાખા: નાની તીરખીઓ રતાશ પડતા રંગની કોફી ડાંડલીવાળી હોય છે.

પાન: આસીત્રાના પાન જેવાજ હોય છે. રાતાશ પડતા રંગના હોય છે. સ્વાદ ખાટો હોય છે.

ફૂલ: આછા ફિક્કા ગુલાબી રંગના, ચળકતા ૫-૧૦ સે.મી. લાંબા હોય છે.

**ઉપયોગ:**

લાકડું: બળતણ તરીકે ઉપયોગી છે.

**ફૂલ:** ઓક્ટોબર-ડિસેમ્બર **ફળ:** જાન્યુઆરી-એપ્રિલ.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાત.

ભારત: ગુજરાત અને રાજસ્થાન.

વિશ્વ: ભારત, મ્યાનમાર, દ. મલાય અને ટીમોર.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**"વનના વૃક્ષો, વેલીઓ, ખીણોને પર્વતોને,**
**રાની પશુઓ, પ્રાણીઓ અને પક્ષીઓને,**
**સહભાગી વન જીવનનાં છે ખરાં જ સાથી,**
**વનવાસી અને વન રક્ષક સૌ વનપ્રેમીઓને."**

**"પ્રદુષણથી છોડવા ને કાના, આતમ ક્યારે જાગશે,**
**માનવીની આ સ્વાર્થ લીલામાં, શું યમુના પ્રાણ જ ત્યાગશે."**

**નામઃ**
**ગુજરાતીઃ ખાખરો, કેસુડો**
**હિન્દીઃ પલાસ, ઠાક, ટેસુકા ઝાડ • મરાઠીઃ પલસ**
**સંસ્કૃતઃ પલાસ, કિશુક • અંગ્રેજીઃ Bastad teak**
**શાસ્ત્રીયઃ *Butea monosperma***





# ૩૮. ખાખરો

**વર્ગ:** **Fabaceae/Leguminosae**

**વર્ણન:** ૫ થી ૧૦ મીટર ઉંચુ વૃક્ષ થાય છે.

થડ: ભુરા રંગનુ, છાલ પોચી, ઝાડી અને ખરબચડી તેના પર ઉભા અને આડા ચીરા હોય છે. વાંકુચુકુ કથ્થાઈ રંગનું ગાઠા ગબડાવાળુ હોય છે, ક્યારેક સીધુ થડ થાય છે.

શાખા: લાંબી, ઝાડી અને થોડી હોય છે, નાની-નાની આડીઅવળી ઘણી શાખાઓ હોય છે. કોમળ શાખાઓ પર ધોળાશ પડતા ભૂરા વાળ હોય છે.

પાન: ત્રણ-ત્રણ પાનના ત્રેખડા હોય છે. વચ્ચેનું પાન મોટુ બાજુના બન્ને પાન નાના વળાંક લેતા અંડાકાર. વચલુ પાન વચ્ચે પહોળુ, ટેરવે ગોળાઈ લેતુ કે અંદર બેસતી ખાંચવાળુ અને તળીયે સાંકડુ થતુ હોય છે, જેના પર મોટી શીરાઓ હોય છે. પાન શિયાળે ખરી, ફાગણ ચૈત્રમાં ફરી આવે છે.

ફૂલ: નારંગી રાતા રંગના પતંગીયા જેવા આકારના, કળી પોપટની ચાંચ જેવી વાંકી, છેડે ટોપી કાળા રંગની હોય છે. ફૂલને કેસુડા કહે છે, તેમા સુગંધ હોતી નથી.

ફળ: શીંગો ભૂરા મખમલી રંગના વાળથી ભરાયેલી, લાંબી, ચપટી અને પહોળી હોય છે, જેના છેડે એક જ બીજ હોય છે.

બીજ: ચપટા, ચળકતા અને લંબગોળ હોય છે. પડ રાતુ હોય છે, અંદરથી બીજ ધોળા સલેતા પીળા હોય છે.

ગુંદર: પ્રથમ રાતો, પાછળથી રાતાશ પડતો થઈ જાય છે.

**ઉપયોગ:**

લાકડું: બળતણ તથા ઓજારોના હાથા બનાવવામાં, તેને દંડ કહે છે. યજ્ઞ સમીધમાં વપરાય છે.

મૂળ: સંગ્રહણીમાં, ઝાડામાં, મોઢુ પાક્યુ હોય ત્યારે, છાતીમાથી કફમા લોહી પડતુ હોય તો તાજી છાલનો રસ પવાય, સડતા ચાંદા, ભાઠા અને ગુંબડા ધોવાથી તે રૂજાવા લાગે છે.

છાલ: દોરડા અને ખાટલા ભરવાનુ વાણ બનાવવામાં આવે છે.

પાન: કૃમિ, હરસ, પેશાબ ન ઉતરતો હોય તો, વા તથા રસવીકારના સોજા પર બાંધવામાં, ખરજવા, ઢોરના ભાઠા કે સડતા ચાંદામાં, રાખ રંગકામમાં, પાનના પતરાળા, પાનની ડીટડીનુ દાતણ, ઢોરના ચારામાં. પાનમાં પાણી ભરી પીવાથી ત્રિદોષ મટે છે.

ફૂલ: ફૂલ થાળીમાં ગરમ કરી પેડુ પર બાંધવાથી બંધ પેશાબ તરત છુટે છે અને રંગકામમાં.

બીજ: બીજને 'પીતપાપડા' કહે છે. જે દાદર, વીછીંના ડંખમાં, પીતપાપડાને બાળી ભસ્મ કષ્ટાતર્વ, નષ્ટાતર્વ કે કસુવાવડ વાળી સ્ત્રીને અપાય છે.

ગુંદર: ગુંદરને "ચુનિયો" ગુંદર કમરકસ ગુંદર કહે છે. તેની ભુકી સંગ્રહણી, અતીસાર અને છાતીમાંથી પડતા લોહી પર અપાય છે. શરીરના દુ:ખાવા પર એ ગુંદરનો લેપ કરાય છે.

**ફૂલ:** માર્ચ-એપ્રિલ. **ફળ:** મે.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: ઉત્તર પ્રદેશો, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર.

ભારત: ગુજરાત, હિમાલય, પંજાબ, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન.

વિશ્વ: ભારત, મ્યાનમાર અને શ્રીલંકા.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**નામઃ**
**ગુજરાતીઃ ખજુરી, ખલેલા, તાડી, શીન્ડી**
**હિન્દીઃ સેંધી, ખજુર, થભમા • મરાઠીઃ સીવી, ખજુર**
**સંસ્કૃતઃ ખજુરિકા**
**શાસ્ત્રીયઃ *Phoenix sylvestris***





## ૩૯. ખજુરી

**વર્ગ:** **Arecaceae/Palmae**

**વર્ણન:** ૮ થી ૧૫ મીટર ઉંચા વૃક્ષ થાય છે.

થડ: કપાઈ ગયેલ કે પડી ગયેલ પાનની ડીટડીઓથી ઘણુ કરી આચ્છાદીત થયેલ હોય છે.

પાન: વિભાગિત હોય છે. જેના વિભાગોની અણી કાંટા જેવી તીક્ષ્ણ અને પાનની ડીટડીને તળીયે ઘણુકરી લાંબા તીક્ષ્ણ કાંટા હોય છે.

ફૂલ: ફૂલની પોટી ૧ થી ૧.૧/૨ ઈંચ લાંબી હોય છે. પુષ્પધારણ કરનારી સળી ઘણી શાખાઓ વાળી હોય છે.

ફળ: કાચા હોય ત્યારે પીળા કે નારંગી રંગના અને પાકે ત્યારે કાળાશ પડતા થાય છે. જે લંબગોળ હોય છે.

**ઉપયોગ:**

લાકડુ: ખેડૂત વરણ અને થાંભલાની જગ્યાએ વાપરે છે. ખેડૂત થડને ખોલી પાણી જવાની નીક બનાવે છે. રબારી ઢોરને પાણી કે છાશ પીવાની કુંડીઓ બનાવે છે.

પાન: પાનમાંથી ચટાઈ, ટોપલીઓ, પંખા અને સાવરણીઓ બનાવવામાં, પાનની ડીટડીઓને કુટેડી તેમાંથી કાઢેલા રેસાઓમાંથી દોરી, દોરડાઓ અને ખાટલાનુ વાણ બનાવવામાં, કાગળ બનાવવામાં, પાનનો કોમળ માવો ગરીબ લોકો ખાય છે. જે માવો પ્રમેહ અને અશકિત ઉપર વપરાય છે.

ફળ: ફળને 'ખલેલા' કહે છે જે ખવાય છે. ખલેલાના ઠળીયાને અઘેડાના મૂળ સાથે વાટી ટાઢીયા તાવમાં, પાનની સાથે ખવરાવવામાં. ઝાડમાથી જે માદક રસ કાઢવામાં આવે છે તેને ખજુરીની તાડી કહે છે. તે ગરમ છે, જલ્દી ખાટી થઈ જાય છે. તાડીમાંથી ગોળ અને ખાંડ બનાવવામાં આવે છે, એક ઝાડમાંથી એક કલાકમાં પાંચ શેર તાડી નીકળે છે. દસ શેર તાડીમાંથી એક શેર ગોળ બને છે. ખજુરીનો રસ પીવાથી નશો ચડે છે, ગરમ છે, વા, કફ અને અરૂચી ટાળે, બળ, પુષ્ટિ કરે છે.

**ફૂલ:** જાન્યુઆરી - માર્ચ. **ફળ:** માર્ચ - જૂન.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાત.

ભારત: ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાન.

વિશ્વ: ભારત અને મ્યાનમાર.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**નામઃ**
**ગુજરાતીઃ ખેર, ખેરીયો, ખેરયો બાવળ**
**હિન્દીઃ ખેર, ખેરબબુલ • મરાઠીઃ ખૈર, ખદેરી**
**સંસ્કૃતઃ ખદીર**
**શાસ્ત્રીયઃ *Acacia catechu***





## ૪૦. ખેર

**વર્ગ:** **Fabaceae/Leguminosae**

**વર્ણન:** ૧૫ થી ૨૦ મીટર ઉંચાઈના થડ મોટાભાગે ઉંચુ હોય છે.

છાલ: છાલ રતાશ પડતા રંગની જાડી અને તેમા ઉભા અને આડા ચીરા પડેલા હોય છે.

શાખા: કુમળી ડાળીઓ રાતા કે લીલાશ પડતા રંગની હોય છે. પાસે પાસે જોડાયેલા કાંટા ડાળીઓ ઉપર હોય છે. જે તળીયે પહોળા અને મથાળે તીક્ષ્ણ, વાંકી અણીવાળા હોય.

પાન: પાન અંતરે આવેલા અને તેની મુખ્ય ડીટડી પર ૧૦ થી ૨૦ જોડીમાં હોય છે. મુખ્ય ડીટડી પર પાનની પહેલી જોડી નીચે રસ કુપ્પી હોય છે. પાન મોટા સંયુક્ત ચળકાટ મારતા જાડા હોય છે.

ફળ: પાપડી ૫ થી ૧૦ સે.મી. લાંબી અને તેમા ૩ થી ૬ બીજ આવે. પાપડી શરૂઆતમાં લીલા રંગની હોય છે, પરીપક્વ થાય ત્યારે બદામી કે રાતા રંગની થાય છે.

**ઉપયોગ:**

લાકડુ: લાકડુ ખુબજ કઠણ અને ટકાઉ હોય છે. શેરડી અને તેલીબીયા પીસવાનાં ઘાણામાં, ખેતીના ઓજારો બનાવવામાં, ગાડાની ધરીઓ બનાવવામાં, બળતણ અને કોલસા પાડવામાં માટે લાકડુ સારુ ગણાય છે. લાકડામાંથી પાનમાં ખાવાનો કાથો અને તબલા બનાવાય છે.

ગુંદર: ખેરનો ગુંદર દવામાં વપરાય છે.

કાથો: કેટેચીન નામના ગૌણ રસાયણો પણ તેમાંથી નીકળે છે, જે રંગકામમાં વપરાય છે. કાથો ઉતમ પ્રકારના "એસ્ટ્રીજન્ટ" તરીકે, ઘા રૂજવવામાં તથા વહેતુ લોહી બંધ કરવામાં ઉપયોગી છે.

**ફૂલ:** જુલાઈ - ઓગષ્ટ. **ફળ:** સપ્ટેમ્બર -ઓક્ટોમ્બર.

**જોવા મળતા પ્રદેશ:**

ગુજરાત: દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર.

ભારત: હિમાલય, પંજાબ, સિક્કીમ, ગુજરાત, બિહાર, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન.

વિશ્વ: ભારત, શ્રીલંકા અને મ્યાનમાર.

**વૃક્ષ ઉછેરની રીત:** રોપ અને કૂટેલા સ્ટમ્પથી.

**"વૃક્ષો કાપતાં શાને શ્વાસ તમારા જ કાપો, વાતાવરણમાં પ્રમાણ પ્રાણવાયુનું માપો."**

**નામઃ**
**ગુજરાતીઃ ખીજડો, શમી**
**હિન્દીઃ મંગલ્વા, સમી • મરાઠીઃ શમી**
**સંસ્કૃતઃ શમ • અંગ્રેજીઃ Spung tree**
**શાસ્ત્રીયઃ *Prosopis cineraria***







## ૪૧. ખીજડો

**વર્ગ:** **Fabac/Leguminosae**

**વર્ણન:** ૫ થી ૧૫ મીટર ઉંચુ વૃક્ષ થાય છે.

થડ: છાલ રાખોડી રંગની ખરબચડી, તેના ઉપર ઉભા આડા ચીરા પડેલા હોય છે જે સુકા કડપલાની જેમ ઉખડી જાય છે, તેના ઉપર કાંટા ક્યારેક જોવામા આવે છે.

શાખા: કોમળ શાખાઓની છાલ ખાખી રંગની તેના પર કાંટા ભૂરા કે ઘેરા ભસ્મીરંગના હોય છે. છાલમાંથી પાતળા પડ ઉતરતા હોય છે. વાસ શેરડીની વાસને મળતી, સ્વાદે સહેજ ગળહાટી લાગે છે.

પાન: આંતરે આવેલા, કોમળ શાખાઓના છેડે, બે જોડી જોવામાં આવે છે. સુક્ષ્મ પાન દલ કે પર્ણ સામ-સામા આવેલા, બંને સપાટી લીસી, લીલા રંગની ઉપર સુક્ષ્મ વાળની રૂંવાટી અને ટેરવા બુઠા એક બાજુ સુક્ષ્મ અણી હોય છે.

ફૂલ: પત્રકોણમાંથી શાખાઓના છેડે, ફૂલની કલગીઓ એક જગ્યાએથી એક થી ચાર પાસે પાસે નીકળેલી હોય છે, જેના ઉપર ઝીણા ધોળાશ પડતા પીળા રંગના ફૂલો હોય છે.

ફળ: શીંગ ચળકતી, લીસી, ફીકા પીળા રંગની અને સુકાય ત્યારે ભૂરા રંગની ચોળાફળી જેવી જાડી બીજ ચળકતા, લીસા અને જરા ચપટા અને એક છેડે અણી વાળા હોય છે.

**ઉપયોગ:**

લાકડુ: કઠણ અને મજબુત હોવાથી ખેડૂત કુવા બાંધવામાં, માચડો બનાવવામાં, બળતણમાં, કોલસ સારા થાય. યજ્ઞમાં લાકડુ પવિત્ર સમીધ તરીકે વપરાય છે.

મૂળ: સંગ્રહણી તથા ઝાડા ઉપર વપરાય છે.

છાલ: થડની છાલ સંગ્રહણીમાં, ઝાડામાં, નહી રૂજાતા ચાંદા ધોવામાં, સંધિવામાં, ચામડું રંગવામાં તથા દોરી બનાવવામાં વપરાય છે.

પાન: ખરજવામાં, ઝાડા પર, રતવામાં પાન દહીં સાથે વાટી લેપ કરવો. નાના છોકરુ ભરાણુ હોય ત્યારે ઉપયોગી છે.

ફૂલ: પ્રમેહમાં, નહી રૂજાતા ગડ ગુંબડા ઉપર અને ઝાડામાં, રંગકામમાં, વપરાય છે.

ફળ: શીંગોનુ અથાણુ, રાયતુ તથા શાક બને છે. કફ, ઉધરસ, દમ, કોઢ, હરસ, કૃમિ, રક્તપિત, અતિસાર, ધોળોકોઢ એ સર્વે રોગને મટાડે છે. પશુના ચારમાં, ગુંમડું ફોડવામાં ઉપયોગી છે.

ગુંદર: બાવળના ગુંદરની જગ્યાએ વપરાય છે.

**ફૂલ:** ઓક્ટોબર - માર્ચ. **ફળ:** માર્ચ - ઓગષ્ટ.

**જોવા મળતા પ્રદેશ:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને કચ્છ.

ભારત: ગુજરાત, પંજાબ, રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્ર.

વિશ્વ: ભારત, પાકીસ્તાન, અફ્ઘાનિસ્તાન અને બલુચિસ્તાન.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**નામઃ**

**ગુજરાતીઃ ગુંદો, વડ ગુંદો**

**શાસ્ત્રીયઃ *Cordia dichotoma***







# ૪૨. ગુંદો

**વર્ગ:** Ehretiaceae

**વર્ણન :** ૭ થી ૧૦ મીટરના વૃક્ષ થાય છે.

**ઉપયોગ:**

લાકડુ: નાના બાંધકામમાં આવે છે.

ફળ: પક્ષીઓ ખાય છે. કાચા ગુંદાનો સંભારો તથા અથાણુ બને છે.

**ફૂલ:** જૂન-જુલાઈ. **ફળ:** જુલાઈ-ઓગષ્ટ.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત:સૌરાષ્ટ્ર, પંચમહાલ, છોટા ઉદેપુર, ઈન્દ્રોડાપાર્ક અને ગાંધીનગર.

ભારત: ગુજરાત અને મહારાષ્ટ્ર.

વિશ્વ: ભારત.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.


**"વૃક્ષો નીચે સંસ્કૃતિના વેદમંત્રો ગુંજ્યાં,**
**વૃક્ષો ને તેથી જ શ્રધ્ધાથી આપણે પુજ્યાં."**

**"વૃક્ષો ઉછેરીએ ને વનો બનાવીએ, વન્ય પશુ-પક્ષીઓને તેમાં વસાવીએ,**
**વનની જીવ સૃષ્ટિને અભયદાન આપીએ,**
**ત્રિરંગાની હરિયાળીને આવો બચાવીએ."**

**"પ્રદુષણથી છોડવા ને કાના, આતમ ક્યારે જાગશે,**
**માનવીની આ સ્વાર્થ લીલામાં, શું યમુના પ્રાણ જ ત્યાગશે."**

**નામઃ**
**ગુજરાતીઃ ગંગડા, પેન્ઢારા, પાન્ડરો**
**હિન્દીઃ પિડાલુ • મરાઠીઃ પેન્ઢરુ**
**સંસ્કૃતઃ ગંગાટી**
**શાસ્ત્રીયઃ *Tarminalia uliginosa***









# ૪૩. ગાંગેડા

**વર્ગ:** **Rubiaceae**

**વર્ણન:** ૩ થી ૮ મીટરનું ઉંચુ વૃક્ષ થાય છે.

શાખા: શાખાઓ કે પાનનો જાજો વિસ્તાર હોતો નથી. જે સીધી વધેલી મથાળે થોડી આડી અવળી, કાંટાવાળી શાખાઓ વાળા હોય છે. આના ઉપર ભૂખરા રંગના કાંટાઓ આવેલા હોય છે. શાખા પરની છાલ ઘેરી ભૂરા રંગની, ખરબચડી તેના ઉપરથી કડપલા ઉતરતા દેખાય છે. અંદરની છાલ લીલી તેથી અંદરની ભુરી રાતી દલદારને પોચી સ્વાદ તુરો બોરડની છાલની વાસને મળતી વાસ આવે છે.

પાન: લીસા મીંઢળના પાન કરતા મોટા ડીટડી પાસે સાંકડા અને ટેરવે પહોળા હોય છે. પાનની નીચેની સપાટી બહાર નીકળેલી હોય છે.

ફૂલ: સફેદ રંગના, મધુરી સુગંધવાળા અને મીંઢળના ફૂલથી મોટા થાય છે, જે ચૈત્ર વૈશાખ કે જેઠ માસ સુધીમાં આવે છે.

ફળ: કાચા હોય ત્યારે લીલા, પાકે ત્યારે પીળા રંગના, લીસા અને ચળકતા હોય છે. સુકાયા પછી એના ઉપર કરચલી પડી કઠણ થઈ જાય. બીજ મેથીના દાણાથી કંઈક મોટા, ચળકતા, લીસા અને કઠણ હોય છે.

**ઉપયોગ:**

લાકડું: પાણીમાં ઘસી સોજા ઉપર ચોપડવામાં આવે છે.

છાલ: સડતા ચાંદા અને ઘારા ધોવાના કામમાં, સંગ્રહીને ઝાડા પર અપાય છે.

પાન: ગરમ કરી વાળાના સોજા ઉપર બાંધવામાં, પાન ઢોરનો ચારો છે.

ફળ: ફળને ગાંગેડા કહે જે ઝાડા અને સંગ્રહણીમાં, કઠણ ગડ ગુંબડામાં, કાચા ગાંગેડાનુ અથાણુ અને શાક કરે છે. શાક કાચા કેળાના શાક જેવુજ થાય છે. વન્ય પ્રાણી ખાય છે.

**ફૂલ:** એપ્રિલ-જૂન. **ફળ:** જૂન-સપ્ટેમ્બર.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત.

ભારત: ગુજરાત, સિક્કીમ, આસામ, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન.

વિશ્વ: ભારત, અને દક્ષિણ જાવા.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**"વૃક્ષને છોડમાં વસે ભગવાન, સૌને આપે તે જીવન દાન."**

**નામઃ**

**ગુજરાતીઃ ગરમાળો, ભાવુ • હિન્દીઃ અમલતાસ, ગીરમાલા**

**મરાઠીઃ બાહાવા, ગરમાલ, ગીરીમાલા, ચીમકની**

**સંસ્કૃતઃ રાજવૃક્ષ, કૃતમાલક, સ્વર્ણવૃક્ષ, આરમ્વધ, રાજતરૂ**

**શાસ્ત્રીયઃ *Cassia fistula***







# ૪૪. ગરમાળો

**વર્ગ:** **Fabaceae/Leguminosae**

**વર્ણન:** ૬ થી ૧૨ મી. સુધીનું ઉંચુ, મધ્યમ કદનું, પાનખર વૃક્ષ છે.

થડ: ઘેરી ભુખરી છાલ હોય છે.

શાખા: શાખાઓ ધોળાશ પડતા રંગની, તેના પર ધોળા છાપા પડેલા હોય છે.

પાન: ૪ થી ૮ પર્ણિકાઓ વાળુ સંયુક્ત પર્ણ, પર્ણીકાઓ મોટી, લંબગોળ, છેડેથી સાંકડી, પાન શિયાળે ખરી ચૈત્ર વૈશાખ મહિનામાં આવવાનું ચાલુ થાય છે.

ફૂલ: પીળા ગુચ્છેદાર ફૂલો આવે છે.

ફળ: લાંબી ભુંગળી કાચી હોય ત્યારે લીલી અને સુકાઈ ત્યારે કાળી ચોકલેટ જેવા રંગની શીંગોથી ઓળખી શકાય. ગરમાળાના ગુંદરને 'કમરકસ' કહે છે.

**ઉપયોગ:** સુશોભન વૃક્ષ તરીકે તેનો ઉપયોગ થાય છે.

મુળ: સોજામાં, ખસમાં, કોઢમાં, દાધર જેવા ચામડીના રોગ મટાડે છે.

છાલ: કાકડા વધે, દુખાવો થાય ત્યારે છાલને પાણીમાં ઉકાળી કોગળા કરવાથી રાહત થાય. વિરેચનમાં, દોરી બનાવવામાં, રંગકામમાં, છાલ ચામડા રંગવામાં ઉપયોગી છે.

ફૂલ: ફૂલનો ગુલકંદ આંતરડાના દર્દમાં ઉપાય છે.

ફળ: શીંગોની અંદરનો ગર્ભ પેટના વિવિધ દર્દોમાં બાળકોને પાવામાં આવે છે. સંધિવામાં છાતી તથા હૃદયના દર્દોમાં વપરાય. બાળક તથા સગર્ભા સ્ત્રીને હલકો પણ સારો જુલાબ લાવી પેટ સાફ કરે છે.

ગુંદર: ગુંદર દાઢ દુખતી હોય ત્યારે મુકાય છે.

**ફૂલ:** માર્ચ-એપ્રિલ. **ફળ:** એપ્રિલ-મે. **બીજ:** મે-જૂન.

**જોવા મળતા પ્રદેશ:**

ગુજરાત: દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત.

ભારત: ગુજરાત, હિમાલય, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન.

વિશ્વ: ભારત, શ્રીલંકા, દક્ષિણ ચીન અને મ્યાનમાર.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**“જે ધરતી પર હોય ગાઢ જંગલ, તેનું ન થાય ક્યારેય અમંગલ.”**

**નામઃ**

**ગુજરાતીઃ વીલાયતી આંબલી, ગોરસ આંબલી, એકાદસી**

**હિન્દીઃ વીલાતી આંબલી • મરાઠીઃ વીલાયતી ચિંચ**

**અંગ્રેજીઃ Blackbeed**

**શાસ્ત્રીયઃ *Pithecellobium dulce***







## ૪૫. ગોરસ આંબલી

**વર્ગ:** **Fabaceae/Leguminosae**

**વર્ણન:** ૫ થી ૧૦ મીટર ઉંચુ વૃક્ષ થાય છે.

થડ: રાખોડી-કથ્થાઈ રંગનુ ખડબચડુ ઉભા ચીરાવાળુ હોય છે.

પાન: દ્વીભંગી દલ ૧ થી ૨ ઈંચ લાંબા હોય છે.

ફૂલ: પીળાશ પડતા લીલા રંગના હોય છે.

ફળ: શીંગો કુંડાળા કે સ્ક્રુની પેઠે અમળાયેલી અને કાચી હોય ત્યારે લીલી અને પાકે ત્યારે રાતાશ પડતી ધોળી કે ગુલાબી રંગની થાય છે અને ૪” થી ૫” લાંબી હોય છે. તેમાં ૬ થી ૮ કાળા ચળકતા લીસા બીજ હોય છે, જે ચપટા હોય છે.

**ઉપયોગી:**

લાકડું: કઠણ, ખેતીના ઓજારો બનાવામાં, ખેતરની વાડ કે બાગોની વાડ બનાવામાં.

મૂળ: મૂળની છાલ રંગકામમાં.

પાન: રંગકામમાં, પાન વાટીને મુંઢ ઘા કે પછાડ લાગે તેના પર, ઢોરનો ચારો.

ફૂલ: રંગકામમાં.

ફળ: કાચી શીંગ રંગકામમાં, પાકેલી શીંગોમાં ધોળો કે ગુલાબી માવો લોકો મેવા તરીકે ખાય. પ્રમેહવાળા કે પિતવીકારવાળને સાકરની સાથે ખવરાવવામાં આવે છે. બીમાથી તેલ નીકળે.

**ફૂલ:** નવેમ્બર - એપ્રિલ. **ફળ:** ડિસેમ્બર - જાન્યુઆરી.

**જોવા મળતા પ્રદેશ:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાત.

ભારત: ગુજરાત, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન.

વિશ્વ: ભારત અને અમેરીકા.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**“જંગલમાં જ્યારે જ્યારે મારો મુકામ થતો,**
**પશુપંખીઓ સાથે બંધાતો પ્રેમનો નાતો,**
**વૃક્ષો વરસાવતાં ફૂલો કરતાં મારું સ્વાગત,**
**જંગલનો એ પ્રેમ એમ મને બાંધતો જાતો.”**

**નામઃ**

**ગુજરાતીઃ ગોરડ, પાલપાલ, ગોરડીઓ બાવળ**

**સંસ્કૃતઃ સ્વેતખદીર**

**શાસ્ત્રીયઃ *Acacia senegal***







# ૪૬. ગોરડ બાવળ

**વર્ગઃ** **Fabaceae/Leguminosae**

**વર્ણનઃ** ૨ થી ૭ મીટર ઉંચુ વૃક્ષ થાય. સૌરાષ્ટ્ર કચ્છનુ કાટાળુ વૃક્ષ છે.

થડઃ છાલ ફીકા ધોળા રંગની હોય છે, તેના પરથી પાતળી ફોતરી ઉતરતી જોવા મળે છે, ખેર જેવા વાંકા પણ ત્રણ-ત્રણ કાંટા હોય છે. અંતરછાલ લાલ રંગની હોય છે.

શાખાઃ કોમળ શાખાઓ લીલા રંગની ને તેના પર વખતે ફીકા કે, ઘેરા જાંબુડા રંગની છાયા અને ઘેરા વાળની રૂંવાટી તથા ઉભી ટીશીઓ હોય છે. ડાંડીની છાલ રેસાવાળી મજબુત હોય છે.

પાનઃ ખેરની પેઠે ઝીણા સળી પર આવે છે.

ફૂલઃ કલગી લાંબી પીળી કે ધોળા રંગની હોય છે.

ફળઃ શીંગ ચપટી, પહોળી અને નાની હોય છે. ડાંડી ફીકા કે ધોળા રંગની હોય છે.

**ઉપયોગઃ**

લાકડુંઃ બળતણ, ખેતીઓજારોના હાથા બનાવવામાં.

શાખાઃ કાંટાળી ડાળીઓ ગોળની ભઠી નીચે વારી તરીકે તથા વાડ કરવામાં.

મૂળઃ પ્રમેહમાં, પેશાબની બળતરામાં, રેસા દોરી તથા બળદની રાશ બનાવવામાં.

પાનઃ ગડગુંબડા, સોજામાં, કમળામાં, રંગકામમાં અને ઢોરના ચારામાં.

ફળઃ પાપડી રંગકામમાં અને ચારામાં.

ગુંદરઃ સ્ત્રીઓ ખાય છે, તે ઉપલેપક તરીકે, ઉદરરસ, સંગ્રહણી અને મુખપાકમાં વપરાય છે.

**ફૂલઃ** ઓગષ્ટ - ઓકટોબર. **ફળઃ** ઓકટોબર-એપ્રિલ.

**જોવા મળતા પ્રદેશોઃ**

ગુજરાતઃ સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાત.

ભારતઃ ગુજરાત, પંજાબ, રાજસ્થાન, મહારષ્ટ્ર અને મધ્ય પ્રદેશ.

વિશ્વઃ ભારત, પાકીસ્તાન, આફ્રિકા અને ઈરાન.

**વૃક્ષ ઉછેરની રીતઃ** બીજ અને રોપથી.

**"ધરતીમાતા મુંગા મોંએ બધું સહન કરે,**
**સુર્ય પિતાના તાપથી બચાવવા નીજ વસ્ત્ર ધરે,**
**બાળક તોફાની ઘણું છે આ એક માનવી,**
**તેની છાતીમાં પગ ભરાવી માતાને ખુલ્લી કરે."**

**નામઃ**

**ગુજરાતીઃ ગુલમહોર**

**હિન્દીઃ ગુલતુર્રા • અંગ્રેજીઃ Peacock glower**

**શાસ્ત્રીયઃ *Delonix regia***





# ૪૭. ગુલમહોર

**વર્ગ:** **Fabaceae/Leguminosae**

**વર્ણન:** ૭ થી ૧૨ મીટરનુ ઉંચુ થતુ પાનખર વૃક્ષ છે.

થડ: છાલ ભુરા રતાશ પડતા. કથ્થાઈ રંગની હોય છે.

પાન: ૮.૩૦ સે.મી. લાંબા, લંબગોળ, અણીરહિત એક સળી પર ૬ થી ૯ જોડ પાન આવેલા હોય છે.

ફૂલ: ફૂલની ડીટડી આછા પીળા રંગની, લીલાશ પડતી, ફૂલ કેસરી રતાશ પડતા રંગના સફેદ જાયવાળા ત્રણ થી ચાર પાંદડીવાળા હોય છે. જે ઉનાળે આવે ત્યારે ઝાડ દુરથી ઓળખાય જાય છે.

ફળ: લાંબી, ચપટી અને મોટી શીંગો થાય છે, કાચી હોય ત્યારે લીલી અને પાકે ત્યારે રાખોડી કથ્થાઈ રંગની થઈ જાય. બીજ લાંબા, બંને છેડે સાકડા થતા, ગોળાઈ લેતા રાખોડી રંગના, આછા ધોળારંગના, ક્રીમ, ચળકતા, મજબુત અને લીસા હોય છે.

**ઉપયોગ:** સુશોભન માટેનુ વૃક્ષ છે.

છાલ/પાન: છાલનો ઉકાળો કરી થોડો ગોળ નાંખી સવાર - સાંજ પીવાથી અલ્પ માસીકસ્ત્રાવ કે અટકેલુ માસીક નિયમીત થાય છે.

ફૂલ: ખાંસી, શ્વાસ, ફેફસાના દર્દમાં અને મલેરીયાના તાવમાં ઉકાળો કરી મધ નાખી રોજ પીવુ.

**ફૂળ:** માર્ચ - જુલાઈ. **ફળ:** એપ્રિલ- ઓગષ્ટ.

**જોવા મળતા પ્રદેશ:**

ગુજરાત: બધે જોવા મળે છે.

ભારત: ગુજરાત, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન.

વિશ્વ: ભારત, આફ્રિકા અને એશિયા.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**"નીચે બેસી ગયા તે બુધ્ધ થઈ ગયા,**
**ઉપર ચડી ગયા તે નેતા થઈ ગયા,**
**વૃક્ષ તો કપાઈને માત્ર ખુરશી થયું,**
**પણ બેસનારા તેના કેવા કેવા થઈ ગયા."**

**નામઃ**
**ગુજરાતીઃ ઘુટબોર, બોરગાંઠ, ગુટબોરડી, ગુટવેલ**
**હિન્દીઃ ઘૌટ, ઘોટી, કટબેર, સીતાબેર**
**મરાઠીઃ ગુટી, મુરગુટી, કાટેગુટી • સંસ્કૃતઃ ઘોટા**
**શાસ્ત્રીયઃ *Zizipus xylopyrus***





# ૪૮. ઘુટબોર

**વર્ગઃ** **Rhamnaceae**

**વર્ણનઃ** ૭ થી ૧૦ મીટરના નાના વૃક્ષ થાય છે.

શાખાઃ વેલાઓની જેમ બીજા ઝાડવાઓની ઉપર બંધાય છે. ડાંડી ભૂરા રંગની, ઉભા ચીરા અને ભસ્મી રંગના છાપા હોય છે. કાંટા થોડા કે ભાગ્યે જ દેખાય છે. જેમા બે કાંટામાં એક સીધો અને બીજો વાંકો હોય છે. તેના કોમળ ભાગ પર ભૂરા કે તપખીરીયા રંગની રૂંવાટી ગીચ હોય છે.

પાનઃ ગોળાઈ લેતા, પહોળા અને લાંબા, કંટકીય ઉપપર્ણને સમાંતર શિરવાળા પર્ણથી ઓળખી શકાય છે.

ફૂલઃ ગુચ્છીઓ લીલાશ પડતા ધોળા પીળા રંગની હોય છે.

ફળઃ ગોળાઈ લેતા બોરની જેવાજ, કાચા હોય ત્યારે લીલા અને પાકે ત્યારે રતાશ પડતા ભૂરા રંગના થાય છે.

**ઉપયોગઃ**

લાકડુંઃ લાકડામાંથી ખાટલાની ઈશ અને કોદાળી પાવડાના હાથાઓ બનાવવામાં આવે છે.

મૂળઃ મુળની છાલનો કાઢો ચાંદા અને ગુંબડાઓ ધોવામાં, છાલ કપડા રંગવામાં.

ફળઃ રંગકામમાં, કાચાફળ ઢોરના ચારા તરીકે.

પાનઃ ઢોરના ચારામાં.

**ફૂલઃ** એપ્રિલ-જુલાઈ. **ફળઃ** મે-ઓગષ્ટ.

**જોવા મળતા પ્રદેશોઃ**

ગુજરાતઃ સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાત.

ભારતઃ ગુજરાત, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, બિહાર, ઓરિસ્સા અને કર્ણાટક.

વિશ્વઃ ભારત, નેપાલ અને શ્રીલંકા.

**વૃક્ષ ઉછેરની રીતઃ** બીજ, રોપ, સ્ટમ્પ અને કલમથી.

**"ધરતીમાતા મુંગા મોંએ બધું સહન કરે,**
**સુર્ય પિતાના તાપથી બચાવવા નીજ વસ્ત્ર ધરે,**
**બાળક તોફાની ઘણું છે આ એક માનવી,**
**તેની છાતીમાં પગ ભરાવી માતાને ખૂલ્લી કરે."**

**નામઃ**

**ગુજરાતીઃ જલ જાંબુની**

**શાસ્ત્રીયઃ *Syzygium heyneanum***





# ૪૯. જલ જાંબુ

**વર્ગ:** **Myrtaceae**

**વર્ણન:** ૪ થી ૫ મીટરનું થતુ સદાહરિત વૃક્ષ છે.
થડ: ક્રીમ રાખોડી રંગનું, ઉપર કોફી રંગના ડાઘ પડેલ હોય છે.
પાન: ૭ સે.મી. લાંબા હોય છે.
ફૂલ: જાંબુ જેવું જ હોય છે, તેનાથી થોડુ નાનુ હોય છે.
ફળ: કાચા હોય ત્યારે લીલા અને પાકે ત્યારે રતાશ પડતા કાળા રંગના નાના થાય છે, જે ખૂબ જ ખાટા હોય છે.

**ઉપયોગ:**
ફળ: પક્ષીઓ અને માણસો ખાય છે. ફળનો રસ પથરીના દર્દમાં વપરાય છે.
**ફૂલ:** જાન્યુઆરી - એપ્રિલ. **ફળ:** ફેબ્રુઆરી - મે.

**જોવા મળતા પ્રદેશ:**
ગુજરાત: સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાત.
ભારત: ગુજરાત, બિહાર, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન.
વિશ્વ: ભારત.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**"ગોપીઓના વસ્ત્રો જેમ કાના જાય હેરી,**
**પાનખરમાં વૃક્ષોના પાન ગયાં ખરી,**
**આપો વસંતના વાઘા, નટખટ નટવર,**
**વનરાવને જાણે ગોપીઓ યાચતી."**

**"જંગલના વૃક્ષોની શીળી છાંયને કેમ ભુલાવું,**
**મીઠાં ફળને સુગંધી ફૂલો જોઈ રંગતમાં આવું,**
**જંગલના જેવો પ્રેમ ક્યાં છે શહેરમાં કે આવું,**
**જંગલમાં ખીલે વસંત ત્યારે હું લહેરમાં આવું.**

**નામઃ**

**ગુજરાતીઃ જંઘરીયો ખાખરો, ભોન્ગારો, ટેટાર ખાખરો**

**હિન્દીઃ ડોલઢાક, રંગરા, પંગરા**

**શાસ્ત્રીયઃ *Erythrina suberosa***







## ૫૦. જંગરીયો ખાખરો

**વર્ગ:** **Fabaceae (Papilionaceae)**

**વર્ણન:** ૫ થી ૬ મીટરનું થતુ નાનુ વૃક્ષ છે. ઝાડ કાંટાવાળા હોય છે.

શાખા: ડાંડી ઉપરની છાલ ખડબચડી, પોચી, ભૂરા, ધોળા કે પીળા રંગની ઝાડી છાલ હોય છે. જેના ઉપર ઉંડા ઉભા ચીરા હોય છે. અંતરછાલ મજબુત રેસાવાળી હોય છે.

પાન: ખાખરાના પાનની પેઠે ત્રણ-ત્રણ પાનના ત્રેખડા આવે છે, જે શિયાળે ખરી જાય છે.

ફૂલ: રાતા રંગના, વસંતમાં આવે છે. પુષ્પધારણ કરનારી સળી રાતારંગની હોય છે, જે સ્લેટપેનથી પેન્સીલ જેવી જાડી હોય છે. સળીના છેડે પાસે-પાસે ઘણા ફૂલો આવે છે. ફૂલ એક પછી એક નીચેથી ઉપર તરફ ઉઘડતા જાય જે સુંદર હોય છે સુગંઘ હોતી નથી.

ફળ: શીંગો નાની હોય છે. કાચી હોય ત્યારે તેના પર ભૂરા રંગની રૂવાટી હોય છે. મોટી થતા રૂવાટી ખરી લીસી થઈ જાય. રંગ ભૂરાસ લેતો કાળો બન્ને છેડે સાકડી થતી વચમાં ગોળ અને પહોળી હોય છે. બીજ લંબગોળ ચોળાના બીજ જેવા કાચા હોય ત્યારે પીળાશ પડતા લીલા રંગને રાતી પટીવાળા, પાકે ત્યારે ભૂરા લીલા રંગના થઈ જાય છે.

**ઉપયોગ:**

લાકડુ: પોચુ અને હલકુ છે, તે તલવારના મ્યાન, છબીના ચોગઠા, રમકડા, કાગળમાં અને બળતણમાં વપરાય છે.

થડ: થડની છાલ વાટી ઢોરને લેપ કરવાથી લાણ ખરી જાય છે.

મૂળ: ઢોરને લાણ લાગે ત્યારે.

પાન: વાળાના સોજામાં, અર્જીણ અને કફ ઉપર પાનનો રસ મધમાં અપાય છે.

ફૂલ: રંગકામમાં.

ફળ: કાચી શીંગો રંગકામમાં અને શીંગો ઢોર ખુબ ખાય છે.

**ફૂલ/ફળ:** એપ્રિલ-નવેમ્બર.

**જોવા મળતા પ્રદેશ:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, બરડા, છોટા ઉદેપુર, વીજયનગર, વઘઈ અને સાબરકાંઠા.

ભારત: ગુજરાત, હિમાલય, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન.

વિશ્વ: ભારત અને શ્રીલંકા.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**નામઃ**
**ગુજરાતીઃ જંગલી બદામ, પુન**
**શાસ્ત્રીયઃ *Sterculia foetida***







# ૫૧. જંગલી બદામ

**વર્ગ:** **Sterculiaceae**

**વર્ણન:** ૨૦ થી ૩૦ મી.ઉંચા વૃક્ષ થાય છે.

થડ: સીધુ અને સફેદ રંગનુ હોય છે.

પાન: સપ્તપર્ણી કરતા નાના તેના જેવા આકારના હોય છે. પાનની ડાંડલી લાંબી અને છેડે ૭ થી ૧૦ પાન હોય છે, જે ડાંડલી સાથે છેડે જોઈન્ટ હોય છે. ડાળખીમાં આવી અનેક ડાંડલીઓ હોય છે.

ફૂલ: ઝુમખામાં આવે છે. ગાંગેડા હોય ત્યારે કેસરી લાલ રંગના થાય છે. એક ડાળખીમાં એકસાથે ૮ થી ૧૦ ફળ આવે. એક ફળમા ૧૦ થી ૧૫ બીજ હોય છે જે કમળ કાકડી જેવાજ દેખાય છે. તેનાથી થોડા મોટા હોય છે. ખાવાથી સ્વાદિષ્ટ્ર લાગે છે. ફળ ઝાડ પર પાકી ગયા પછી ખૂલ્લી, બીયા નીચે ખરી જાય.

**ઉપયોગ:**

ફળ: ફળમાંથી તેલ નીકળે છે, કાચા ફળ બજારમાં વેંચાય છે.

**ફૂલ:** ફેબ્રુઆરી-માર્ચ. **ફળ:** એપ્રિલ-જુલાઈ.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાત.

ભારત: ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશ.

વિશ્વ: ભારત, મ્યાનમાર, બાંગ્લાદેશ, શ્રીલંકા, મલેશીયા, આફ્રિકા, ઉત્તર ઓસ્ટ્રેલિયા.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**"જનતા એટલે જંગલ, જંગલ એટલે વૃક્ષો,**
**પેપર એટલે પંખી, પંખી એટલે કલશોર."**

**"જનતાનો અવાજ પેપર, પેપરનો અવાજ પંખી,**
**જંગલને લગાડી કોણે આગ, એ વાત ફેલાવી દેશે પંખી."**

**નામઃ**

**ગુજરાતીઃ ચંદન, સુખડ**

**હિન્દીઃ ચંદન**

**શાસ્ત્રીયઃ *Santalum album***





## ૫૨. ચંદન

**વર્ગઃ** **Santalaceae**

**વર્ણનઃ** ૧૦ થી ૨૦ મી.સુધીની ઉચાઈ ધરાવતુ મધ્યમ કદનું વૃક્ષ થાય છે.

થડઃ થડ કાળુ હોય છે. પાકટ લાકડા તથા મુળના ભાગમાં સુગંધીત દ્રવ્ય સંગ્રહાયેલ હોય છે. છાલ કાળી, ખરબચડી હોય છે. ઝાડ અર્ધ પરોપજીવી છે.

શાખાઃ ડાળીઓ નીચે તરફ ઝુકેલી હોય છે.

પાનઃ પાન સામ-સામે, ચળકતા, પ્રથમ જૂનમાં અને ઓકટોબરમાં નવા પાંદડા ફુટે.

ફૂલઃ આછા જાંબલી રંગના થાય છે.

ફળઃ કાચા હોય ત્યારે લીલા અને પાકે ત્યારે જાંબલી કાળા રંગના થાય છે. ચંદન ૧૫ વર્ષે પરીપકવ થાય છે. ૪૦ વર્ષનું ચંદન ઉત્તમ. ૩૫ વર્ષે કાપવા લાયક થાય.

**ઉપયોગઃ**

લાકડુંઃ લાકડુ પાણીમાં ઘસી, માવો બનાવી માથાના દ્ઃખાવામાં, તાવમાં અને સોજોમાં. તેલ પ્રમેહમાં, કોથળીના સોજામાં, પ્રારીના દર્દમાં વપરાય છે. લાકડુ ખુબ જ કિંમતી, ધાર્મીક વિધી, શૃંગાર પ્રસાધનો તથા અતરમાં, દવાઓ અને કોતરણીકામમાં વપરાય.

**ફૂલઃ** મે-જૂન અને ફેબ્રુઆરી. **ફળઃ** ઓકટોબર-ડિસેમ્બર.

**જોવા મળતા પ્રદેશઃ**

ગુજરાતઃ મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર.

ભારતઃ ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન.

વિશ્વમાંઃ ભારત અને શ્રીલંકા.

**ઉછેરની રીતઃ** બીજ અને રોપથી.

નામઃ
ગુજરાતીઃ કણજો, ચરલ, પાપડી, કણજી, ચરેલ
હિન્દીઃ ચિરમીલ, ચિલબીલ, ચિરબીલ, પાપરી, કરજી
મરાઠીઃ વાવકા ચિરબિલવ
શાસ્ત્રીયઃ *Holoptelea integrifolia*





# ૫૩. ચરેલ

**વર્ગ:** **Ulmaceae**

**વર્ણન:** ૫ થી ૧૬મી. સુધીની ઉંચાઈ થાય છે.

થડ: છાલ રાખોડી સફેદ રંગની.

પાન: ઘેરા લીલા, લંબગોળ પાનથી ઓળખી શકાય છે.

શાખા: શાખાઓ ચારે તરફ પ્રસરતી, રાખોડી રંગની હોય છે. નાની શાખાઓ નીચી ઝુકતી, કોમળ શાખાઓ ઉપર ભુરાવાળની રૂંવાટી હોય છે. ડાંડી અને શાખાઓની છાલ ઘણી મજબુત અને રેસાવાળી હોય છે.

ફળ: ફળ પાતળા, ચકરડા જેવા, સફેદ, ચળકતા, લીસા અને ઘઉવર્ણ હોય છે.

**ઉપયોગ:**

લાકડું: લાકડું ઈમારતી કામમાં, પેકીંગમાં, દિવાસળીમાં, પ્લાયવુડમાં તેમજ ખેતીના ઓજારો બનાવવામાં વપરાય છે.

છાલ: દોરી તથા ખાટલાનું વાણ બનાવવામાં.

પાન: પર્ણ તેલમાં કાલવી ઢોરના જીવાતવાળા ચાંદાને રૂઝવવામાં ઉપયોગી થાય છે.

ફૂલ: રંગકામમાં.

ફળ: કાચા ફળ રંગકામમાં, બીજ ઘસીને ધાધર પર લગાવવામાં અને ખાવામાં. ચિરબિલવ, કૃમી, કૃષ્ઠ, અર્શને મટાડે છે.

**ફૂલ:** ડિસેમ્બર-ફેબ્રુઆરી. **ફળ:** જાન્યુઆરી-માર્ચ.

**જોવા મળતા પ્રદેશ:**

ગુજરાત: દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્ર.

ભારત: ગુજરાત, હિમાલય, જમ્મુ, ઉત્તર પ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન.

વિશ્વ: ભારત, મ્યાનમાર, શ્રીલંકા અને ચીન.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**"ખાણો ખોદીએ ભલે, રસ્તા બનાવીએ, ખનિજ તેલ, ધાતુઓ,**
**રસાયણો કાઢીએ, કુદરતના તત્વોનું પણ ખૂબ ધ્યાન રાખીએ,**
**ત્રિરંગાની હરિયાળીને આવો બચાવીએ."**

**નામઃ**

**ગુજરાતીઃ ટીમરૂ, ટીમ્બરૂ, ટીમરાજ, ટીંકરવો**

**હિન્દીઃ ટેન્દુ, ગાબ • મરાઠીઃ ટીમુરકી**

**સંસ્કૃતઃ તિન્દુક**

**શાસ્ત્રીયઃ *Diospyros melanoxylon***





## ૫૪. ટીમરૂ

**વર્ગ:** **Ebenaceae**

**વર્ણન:** ૧૨ થી ૧૫ મી.ઉંચુ નાનુ કે મધ્યમ કદનું થતુ પાનખર વૃક્ષ છે.

થડ: છાલ કાળાશ પડતી કે સીસમના જેવી ભૂખરા રંગની, ખરબચડી મગરના ચામડી જેવી હોય છે. થડ પરથી પોપડી ઉખડતી હોય છે.

પાન: લંબગોળ, પ્રથમ રાતાશ પડતા રંગના, નરમ અને પાછળથી ઘેરાલીલા કાળાશ પડતા રંગના અકકડ થઈ જાય છે.

ફૂલ: સુક્ષ્મ પીળાશ પડતા રંગના શિયાળે આવે છે.

ફળ: બોર જેવા ગોળ, કાચા હોય ત્યારે લીલા અને પાકે ત્યારે પીળા રંગના થાય છે. એક ફળમાં બે થી ત્રણ બીયા હોય છે. ફળ ખાવાથી ચીકુ જેવો સ્વાદ આવે છે. ૧ થી ૧૦ ફુટ રૂટ સકરમાં થાય છે.

**ઉપયોગ:**

લાકડુ: ખાટલાના પાયા, ખેત ઓજારો, નાની ચીજ વસ્તુઓ અને બળતણમાં ઉપયોગી છે.

મૂળ: છાલમાંથી ભૂકી બનાવી ક્વાથ, સંગ્રહણી, પ્રમેહ અને કફમાં ઉપયોગી છે.

પાન: બીડી બનાવવામાં.

ફૂલ: ગ્રાહી તરીકે.

ફળ: પ્રાણીઓ તથા માનવી ખૂબ જ ખાય છે, તે સ્વાદિષ્ટ હોય છે, કાચા ફળ ગ્રાહી તરીકે, કાચા ફળનો રસ જખમ ઉપર, ફળની સૂકી છાલ તમાકુ પીવાની ચલમમાં પીવાથી દમ અને હેડકી મટે છે. કાચા ફળની ભૂકીનો ઉકાળો સ્ત્રી પ્રદરમાં પીચકારી દેવામાં. રંગકામમાં. પાકા ફળ પ્રમેહ, લોહીવિકાર, પિત અને ગરમીની આજાર મટે છે.

**ફૂલ:** જાન્યુઆરી- ફેબ્રુઆરી. **ફળ:** ફેબ્રુઆરી- માર્ચ.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, કચ્છ, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાત.

ભારત: ગુજરાત, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન.

વિશ્વ: ભારત અને શ્રીલંકા.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ, રોપ, રુટ સકર અને કોપીસથી.

**"વાદળની વાનર સેના આકાશે આવશે, તરસી ધરાને એ જળથી ભીંજાવશે, રણનો રાવણ આગળ વધે તે પહેલાં ચેતુ, મારે બાંધવો છે વૃક્ષોનો સેતુ."**

**નામઃ**

**ગુજરાતીઃ ઠીકરી, ઘુટી, ડુમરો, ડુમરેજો**

**હિન્દીઃ પાડારીડોર, પડર**

**શાસ્ત્રીયઃ *Capparis grandis***





# ૫૫. ઠીકરી

**વર્ગ:** **Capparaceae**

**વર્ણન:**

થડ: મરડાયેલુ, કુટિલ જેવુ, પીળાશ પડતુ ભૂખરા રંગનું, ઉભી તીરાડો વાળુ હોય છે.

પાન: ૨.૨-૮ X ૨-૬ સે.મી. લાંબા, મખમલી સપાટીવાળા, ગોળ આગળથી ખાંચવાળા હોય છે.

ફૂલ: ૧.૫ - ૨.૫ સે.મી. ના તેમાં ક્રોસ આરપાર હોય છે.

ફળ: ગોળ, કાચા હોય ત્યારે લીલા થઈ પીળાશ પડતા પાકે ત્યારે લાલ રંગના થઈ જાય છે. જેમાથી પીળા રંગનો માવો નીકળે છે.

**ઉપયોગ:**

ડાળી: વાડ કરવાનાં કામમાં આવે છે.

ફળ: પક્ષીઓ ખાય છે.

**ફૂલ:** નવેમ્બર-જુલાઈ. **ફળ:** માર્ચ - જૂન.

**જોવા મળતા પ્રદેશ:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, કચ્છ, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાત.

ભારત: ગુજરાત અને કર્ણાટક.

વિશ્વ: ભારત, શ્રીલંકા, મ્યાનમાર અને થાઈલેન્ડ.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**"વન સંવર્ધનથી જન કલ્યાણ,**
**વન વિનાશથી દુ:ખ મહાન."**

**"બુધ્ધને વૃક્ષ નીચે જ્ઞાન લાધ્યું,**
**નેતા એ ખુરશી પર ધ્યાન સાધ્યું,**
**કઠીયારા એ કાપી કાપી માથે બાંધ્યું,**
**વૃક્ષે તો તોય સૌને ઈચ્છીત ફળ આપ્યું."**

**નામઃ**

**ગુજરાતીઃ તણછ**

**હિન્દીઃ સંદન, તીનસ, તીમ્સા**

**શાસ્ત્રીયઃ *Ougeinia oojeinensis***





## ૫૬. તણછ

**વર્ગ:** **Fabaceae/Leguminosae**

**વર્ણન:** ૧૫ થી ૨૦ મી. સુધીની ઉંચાઈનાં વૃક્ષો થાય છે.

થડ: ઘણીવાર થડ વાંકુચુકુ હોય છે. છાલ સાજડના વૃક્ષ જેવી કાળાશ પડતી ભુખરા કે આછી રાખોડી રંગની હોય છે જે સાજડની છાલ કરતા પાતળી હોય છે. જેમાં આડા અને ઉભા ચીરા હોય છે. છાલ કાપવાથી લાલ રંગનું પ્રવાહી નીકળે છે.

પાન: પાન એકી સાથે ત્રણ હોય. નાના રોપાનાં પાન તાંબા જેવા રંગનાં હોય છે. તણછ કાપવાથી પીલા સારા ફુટ છે.

ફૂલ: ફેબ્રુઆરીથી માર્ચમાં, સફેદ રંગના જાંબલી ઝાંય લેતા હોય છે.

ફળ: એપ્રિલ-મેમાં પાકી જાય. પાપડી ૫ થી ૭ સે. લાંબી હોય છે. રંગે આછી પીળી, બદામી હોય. જેમા બે થી પાંચ બીજ હોય છે.

**ઉપયોગ:**

લાકડુ: લાકડુ કઠણ, મજબુત અને ટકાઉ હોય છે. ખેતીના ઓજારો અને ગાડાની ધરીઓ તથા ગાડા બનાવવામાં ઉપયોગી થાય. ફર્નીચર પણ સારૂ બને છે.

**ફૂલ:** ફેબ્રુઆરી-માર્ચ. **ફળ:** એપ્રિલ- મે.

**જોવા મળતા પ્રદેશ:**

ગુજરાત: દક્ષિણ ગુજરાત, કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત.

ભારત: ગુજરાત, મહારાષ્ટ, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન.

વિશ્વ: ભારત અને પાકીસ્તાન.

**વૃછ ઉછેરની રીત:** બીજથી.

**“વૃક્ષોથી સોહામણા ડુંગરા, વૃક્ષોથી સોહામણુ ગામ,**
**વૃક્ષ લાવે મેહુલો, વૃક્ષ એક દેવદૂત સમાન.”**


**“પાંદડે પાંદડે પુલકિત થાય મન,**
**ડાળીએ ડાળીએ ડોલેરે પવન,**
**એવા ઉછેરવા મારે લીલા લીલા વન.”**

**નામઃ**

**ગુજરાતીઃ પતરાળી, ધાંડુ, ઘારાન, હારાની**

**શાસ્ત્રીયઃ *Dalbergia lanceolaria***





# ૫૭. તન્તોશી

**વર્ગ:** Fabaceae/Leguminosae

**વર્ણન:** ૧૦ થી ૧૫ મીટર ઉંચુ વૃક્ષ થાય છે.

થડ: પીળાશ પડતા ધોળા રંગનું, છાલ ઉપરથી ઉખડતી હોય છે.

પાન: લીંબડાના પાનની જેમ ડાળખીમાં સામ-સામા, લંબગોળ, ચળકતા લીલાશ પડતા રંગના હોય છે.

ફળ: સીસમના બીજ જેવા, ફળમાં બન્ને બાજુ સાંકડુ, વચ્ચેથી પહોળુ, એક થી બે બીજ, કાચુ હોય ત્યારે લીલી અને બીજની જગ્યાએ પીળાશ પડતા સફેદ રંગનું તથા પાકે ત્યારે ભુરુ થઈ જાય છે. અંદર બીજ ગરમાળાના બીજ જેવા ચળકતા બીજ હોય છે.

**ઉપયોગ:**

**ફૂલ:** નવેમ્બર- માર્ચ. **ફળ:** જૂન - ઓગષ્ટ.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર.

ભારત: ગુજરાત, હિમાલય, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન.

વિશ્વ: ભારત અને શ્રીલંકા.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**"સુખ સમૃધ્ધિની તાનમાં ભૂલ્યો તને આ માનવી,**
**વસુંધરાની લીલી ચાદરનો નાશ કર્યો તે માનવી."**

**"પાંદડું સ્વતંત્ર અને આગવી યાંત્રિક રચના ધરાવતું,**
**પ્રકૃતિનું એક સુંદર નાનું કારખાનું છે."**

**નામઃ**

**ગુજરાતીઃ દેશી બાવળ**

**શાસ્ત્રીયઃ *Acacia nilotica***







# ૫૮. દેશી બાવળ

**વર્ગ:** **Fabaceae/Leguminosae**

**વર્ણન:** ૧૦ થી ૧૫ મી.ઉંચુ વૃક્ષ થાય છે. સૂકા પ્રદેશનુ વૃક્ષ છે. મથાળાનો ઘેરાવો ગોળ હોય છે.

થડ: છાલ જાડી, કાળી અને ખરબચડી હોય છે જેના ઉપર ઉભા ચીરા પડેલા હોય છે. નાના રોપની છાલ લીલી અને સુવાળી હોય છે. લાકડું લાલ રંગનુ હોય છે.

શાખા: શાખા ઉપર ૫ થી ૭ સે.મી.લાંબા, ઘણી તીક્ષ્ણ અણીવાળા સફેદ રંગના બબ્બે કાંટા ભેગા આવેલા હોય છે.

ફૂલ: પીળા રંગની ગોટીઓ થાય છે.

ફળ: પરડીયા કાચા હોય ત્યારે લીલા અને પાકે ત્યારે ઘેરા તામ્ર વર્ણના થઈ જાય. દરેક પરડીયામાં ૮ થી ૧૦ બીજ આવે છે.

**ઉપયોગ:**

લાકડું: કઠણ ને ટકાઉ હોય છે. મકાન બાંધવામાં, ગાડાના પૈડા અને ધરી બનાવવામાં, ખેતીના ઓજારો બનાવવામાં, કુવા બાંધતી વખતે નીચે ચક્કર નાખવામાં, તેલ પીલવાની ઘાણી અને શેરડી પીલવાના ચીંચડો બનાવવામાં, બળતણમાં. કોલસા બીજા વૃક્ષો કરતા સારા થાય છે. છાલમાંથી ટેનીન નીકળે છે.

પાન: વન્ય પ્રાણી ખાય છે. ઘેટા બકરાનો ખોરાક છે. કુમળી ડાળી દાતણ તરીકે ઉપયોગી છે.

ફળ: વન્ય પ્રાણી ખાય છે. ઘેટા બકરાનો ખોરાક છે.

ગુંદર: દવા, રંગકામમાં, કાગળ બનાવવામાં, વૈદકીય મીઠાઈ બનાવવામાં વપરાય છે.

**ફૂલ:** ઓગસ્ટ-ડિસેમ્બર. **ફળ:** એપ્રિલ-જૂન.

ગુજરાત: બધે જોવા મળે છે.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**"રામ જયાં વિચર્યા એ દંડક વન કયાં છે,**
**કૃષ્ણે કરી રાસલીલા એ વૃંદાવન કયાં છે,**
**બુધ્ધ ને જયાં લાધ્યું જ્ઞાન બોધી વૃક્ષ નીચે,**
**ખુરશી બની ગયાં છે, વનમાં હવે વૃક્ષ કયાં છે."**

**નામઃ**

**ગુજરાતીઃ કડવો ઇન્દ્રજવ, દૂધી, નાનીકુડી, કધૌદૂધી, રુછાલો, દૂધલો**

**હિન્દીઃ કુડાછાલ • મરાઠીઃ કાલાકુરા, ગોડાઇન્દ્રજવ**

**સંસ્કૃતઃ કુટજત્વક, સ્તેતકુટજ, મધુઇન્દ્રયવા • અંગ્રેજીઃ Kurchibark**

**શાસ્ત્રીયઃ *Wrightia tinctoria***





# ૫૯. દૂધલો

**વર્ગ:** **Apocynaceae**

**વર્ણન:** ૬ થી ૧૨ મીટર ઉંચા વૃક્ષ થાય છે.

થડ: ભસ્મી કે ફીકા ધોળા રંગનુ હોય છે. તેમા ધોળા કે ભસ્મી રંગના છાપા હોય છે. થડમાં કાપ મારતા દૂધ જેવુ પ્રવાહી નીકળે છે.

શાખા: નાની-નાની ઘણી શાખાઓ હોય છે. કોમળ શાખા ધોળા રંગની તેમા ભૂરા રંગના છાંટણા હોય છે.

પાન: ઘેરા લીલા કે કાળાશ પડતા રંગના સાંકડા અને અણીવાળા હોય છે.

ફૂલ: ધોળા રંગના સુંદર ફાગણ ચૈત્ર માસમાં આવે છે.

ફળ: શીંગો ઘણી લાંબી, ગોળ, બે ભેગી, નીચી જુકતી, નીચેથી જોઈન્ટ, ઘેરાલીલા રંગની પાકે ત્યારે કાળાશપડતા રંગની થાય છે. પાકી ચીરાય જાય છે. બીજ કાળકડાના બીજ જેવા જ હોય છે.

**ઉપયોગ:**

લાકડુ: સાધારણ કઠણ, ધોળુ, લીસુ હોય. પોલીસ થતા હાથીદાંત જેવુ સૂવાળુ બને છે. લાકડામાંથી લાઠીઓ, રમકડા, દાંતીયા અને ખેતીના ઓજારો તથા તેના હાથા બનાવવામાં આવે છે.

મૂળ: સુકીછાલ સંધિવાના સોજા પર.

પાન: રંગકામમાં.

ફૂલ: હનુમાન અને શીવને ચડે છે.

ફળ: ઈન્દ્રજવની પ્રમેહ અને સંગ્રહણી ઉપર ફાકી ભરાવે છે. દૂધ માણસના ખાવામાં આવે તો મૃત્યુ થાય તેવુ ઝેરી છે તેમ કહેવાય છે.

**ફૂલ:** ફેબ્રુઆરી-મેં. **ફળ:** જૂન-સપ્ટેમ્બર.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, કચ્છ, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાત.

ભારત: ગુજરાત, હિમાલય, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન.

વિશ્વ: ભારત, પાકીસ્તાન અને મ્યાનમાર.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**"વૃક્ષ અને વનોની કરો સુરક્ષા,**
**તે કરશે તમ જીવનની રક્ષા."**

નામઃ
ગુજરાતીઃ ધામણ, ખાટી, ગન્ગની, થડસાલ
હિન્દીઃ ધામની • મરાઠીઃ દામન, કરકરની
સંસ્કૃતઃ ધનુર્વક્ષ, ધન્વન
શાસ્ત્રીયઃ *Grewia tiliifolia*





# ૬૦. ધામણ

**વર્ગ:** **Tiliaceae**

**વર્ણન:** ૬ થી ૧૫ મીટર ઉંચુ વૃક્ષ થાય છે.

શાખા: સીધી શાખાઓ નીકળેલી હોય છે, જે ટુકી હોય છે. ડાંડી ભૂરાશ લેતા ધોળા રંગની તેના પર સમય જતા ભસ્મી રંગના છાપા આવેલા હોય છે.

પાન: લાંબા અને પહોળા હોય છે. ઉપરની સપાટી લીલા રંગની તથા ઉપરની ફીકા ધોળા રંગની હોય છે, તેના પર ગીચોગીચ વાળની રૂંવાટી આવેલી હોય છે. પાનની કોર પર કરવત જેવા દાંતા હોય છે. ડીંટડી પાસે કોર વીષમ હોય છે, તે જગ્યાએ દાતા હોતા નથી. પાનના ટેરવે અણી હોય છે. પાનની ડીંટડીના થડમાં બે પહોળા થોડા વળેલા અણીયાળા ઉપપાન હોય છે.

ફૂલ: ખૂલ્લા, પીળા રંગના આવે છે.

ફળ: પ્રથમ લીલા રંગના, પાકે ત્યારે રતાશ લેતા રંગના મરીથી મોટા દાણા હોય છે.

**ઉપયોગ:**

લાકડુ: ભૂકી અફીણના ઝેર ઉપર ઉલટી કરાવામાં, ખેતી ઓજારોના હાથા બનાવવામાં, કુબાના થાંભલા, ખાટલા, વગેરે બનાવવામાં વપરાય છે.

છાલ: છાલનો રસ લોટમાં નાખી સંગ્રહણી પર, છાલ વાટી બળતરા થતી હોય તે સોજા પર, છાલમાંથી નીકળતા રેસા દોરી તથા ખાટલાનુ વાણ બનાવવામાં, અંતરછાલ લાકડાના ભારા બાંધવામાં.

પાન: પાન પર તેલ લગાવી ગરમ કરી સંધિવા પર મુકે છે.

ફળ: પાકા ફળ ખટમધુરા હોય છે જે પક્ષીઓ ખાય છે. લાકડુ, છાલ, પાન વગેરે ઢોરના ચારા તરીકે ખવરાવે છે. તેથી ભેંસનુ દુધ વધે છે તેવુ કહેવાય છે.

**ફૂલ:** માર્ચ-એપ્રિલ. **ફળ:** મે-જૂન.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાત.

ભારત: ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, હિમાચલ પ્રદેશ, બિહાર, પ.બંગાલ, આસામ, કેરાલા, તામીલનાડુ, ગોવા, આંધ્ર પ્રદેશ અને કર્ણાટક.

વિશ્વ: ભારત, શ્રીલંકા અને પૂર્વ આફ્રિકા.

**વૃક્ષ ઉછેર:** બીજ અને રોપથી.

**"વૃક્ષ અને વનોની કરો સુરક્ષા, તે કરશે તમ જીવનની રક્ષા."**

**નામઃ**

**ગુજરાતીઃ કાળો ધાવડો, ધૌ, કાળોધવ, ધાનકરા**

**શાસ્ત્રીયઃ *Anogeissus latifolia***



## ૬૧. ધાવડો

**વર્ગ:** **Combretaceae**

**વર્ણન:** ૩ થી ૫ મીટરનું થતુ પાનખર વૃક્ષ છે.

થડ: કડાયાના થડને મળતુ આવે છે, ક્રીમ પીળાશ પડતા રંગનું અને તેના પર ઘાબા હોય છે.

પાન: લંબગોળ હોય છે. મથાળું પીળાશ પડતુ, ૦.૪-૦.૬ સે.મીના થાય છે.

**ઉપયોગ:**

લાકડું: ખેતીના ઓજારાઓ બનાવામાં અને બળતણમાં.

પાન: ઢોરના ચારામાં.

**ફૂલ:** મેં-સપ્ટેમ્બર. **ફળ:** જૂન-જુલાઈ.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાત.

ભારત: ગુજરાત, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન.

વિશ્વ: ભારત.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**"વૃક્ષ બચાવી, દેશ બચાવો, વૃક્ષો વાવીને, વિકાસ વધારો."**

**"રામ જયાં વિચર્યા એ દંડક વન કયાં છે,**
**કૃષ્ણે કરી રાસલીલા એ વૃંદાવન કયાં છે,**
**બુધ્ધને જયાં લાધ્યું જ્ઞાન બોધી વૃક્ષ નીચે,**
**ખુરશી બની ગયાં છે, વનમાં હવે વૃક્ષ કયાં છે."**

**નામઃ**

**ગુજરાતીઃ ધોળો સીરસ, ધોળીઓ સરસ, ધોળો કાસીકો, ધોળો શિરીષ**

**હિન્દીઃ શિરીષ • મરાઠીઃ રાનશિરીષ, પાન્ઢાશિરીષ**

**સંસ્કૃતઃ ખેતશિરીષ**

**શાસ્ત્રીયઃ *Albizia labbck***





# ૬૨. ધોળો સીરસ

**વર્ગ:** **Fabaceae/Leguminosae**

**વર્ણન:** ૧૫ થી ૨૦ મીટર ઉંચા વૃક્ષ થાય છે.

થડ: છાલ પીળાશ પડતા ધોળા રંગની.

પાન: કાળા શિરીષ કરતા મોટા.

ફૂલ: કાળા શિરીષ કરતા નાના.

ફળ: કાળા શિરીષ કરતા શીંગો નાની, પીળાશ પડતા રંગની અને પહોળી હોય છે.

**ઉપયોગ:**

મૂળ: પાણીમાં ઘસી સ્ત્રીઓ માથું ધોવામાં વાપરે છે.

લાકડું: ખૂબ કઠણ હોવાથી ગાડાનાં પૈડા બનાવામાં ઉપયોગી.

ફૂલ: એપ્રિલ-જૂન. ફળ: જુલાઈ- નવેમ્બર.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત.

ભારત: ગુજરાત, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ, રાજસ્થાન.

વિશ્વ: ભારત, શ્રીલંકા, ચીના, ભૂતાન, નેપાલ, મ્યાનમાર અને થાઈલેન્ડ.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**"વન સંવર્ધનથી, જન કલ્યાણ, વન વિનાશથી, દુ:ખ મહાન."**

**"ખાણો ખોદીએ ભલે, રસ્તા બનાવીએ, ખનિજ તેલ, ધાતુઓ, રસાયણો કાઢીએ, કુદરતના તત્વોનું પણ ખુબ ધ્યાન રાખીએ, ત્રિરંગાની હરિયાળીને આવો બચાવીએ."**

**નામઃ**
**ગુજરાતીઃ મોખ, નકટી, મરખો**
**હિન્દીઃ મોકો, ગોકી, ઘંટા • મરાઠીઃ નકટી, મોકા, મોકાડી**
**સંસ્કૃતઃ મોક્ષક, ઘટાપાટલી**
**શાસ્ત્રીયઃ *Schrebera swietenioides***



# ૬૩. નકટી

**વર્ગ:** **Oleaceae**

**વર્ણન:** ૧૨ થી ૧૮ મીટર સુધીનું ઉંચુ વૃક્ષ થાય છે.

થડ: ભૂરાશ પડતા રંગની ખરબચડી છાલ જતા ઉપર ભૂરા ખરબચડાં ટપકાં આવેલા હોય છે.

શાખા: નાની શાખાઓ ચારે તરફ ફેલાયેલી હોય છે.

પાન: પાન લાંબી મુખ્ય ડીંટડી પર સંયુક્ત આવે છે. એક સળીમાં ૭ થી ૮ પાન આવે છે. પાન સામ સામે બંને છેડે સાકડા, વચ્ચે પહોળા, આગળથી અણી કાઢેલ હોય છે.

ફૂલ: શાખાઓનાં છેડે પુષ્પધારણ કરનારી સળીઓ ફીકા લીલા રંગની હોય છે. બે બાજુએ અને બે વચ્ચે એમ ત્રણ-ત્રણ ફૂલો આવે છે.

ફળ: ફળ ડીંટડી તરફ સાંકડા ને ટેરવે પહોળા હોય છે. કાચા ફળ લીલા ને નરમ હોય છે. પાકે ત્યારે પીળાશ પડતાં ભુરા રંગના કઠણ થઈ જાય છે. જે ચળકતા અને તેની ઉપર ધોળા ઝીણાં બહાર નીકળતા છાંટણા હોય છે, ફળ પાકે ત્યારે આપો આપ ટેરવાની વચ્ચેથી ઉભું ઉઘડે છે. બીજ પોલવાળુ તેમાં ઘણા બીજ કે જે ઘેરા ભૂરા રંગના હોય છે.

**ઉપયોગ:**

લાકડું: લીસુ થાય છે. તે રમકડા, દાતિયા, બલોયા, ખાટલાનાં પાયા, ઘોડીયાઓ વગેરે બનાવવામાં આવે છે.

મૂળ: છાલ રસવીકારમાં અને સંધિવાનાં સોજા પર.

ફૂલ: કુષ્ઠ, વા, ગરમી અને કફને ટાળે છે.

ફળ: કાચા ફળનું શાક, અથાણું થાય જે ખાવાથી અજીર્ણ અને અરૂચી મટે છે. કાચા ફળ ખાવાથી હરસ, કબજીયાત અને આંતરડાની નબળાઈ મટે. ફળ જઠારાગ્નિને દીપાવે છે. પ્રમેહ, પાંડુરોગ, હરસ, પાણવી, ઉદરવ્યાધીએ વગેરે રોગને મટાડે છે.

પાન: ગરમ કરી વરાળીયા સોજા પર બંધાય, બરોળ મોટી થઈ હોય તો પાનનો ઉકાળો પવાય. મરખો પાચક, ગ્રાહી અને ગરમ છે. બરલ, ગુલ્મ, ઉદરરોગ, વિષ, કફ, વા, મેદ,શૂળ, શુક્રરોગ, કાનનાં રોગ, ખરજ, કૃમિ વગેરે રોગને મટાડે છે.

**ફૂલ:** જૂન-માર્ચ. **ફળ:** એપ્રિલ-ડિસેમ્બર.

**જોવા મળતા પ્રદેશ:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાત.

ભારત: ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્ય પ્રદેશ.

વિશ્વ: ભારત, મ્યાનમાર અને હિમાલય.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**નામઃ**
**ગુજરાતીઃ નેવરી, રાચ-કેડી**
**હિન્દીઃ નેવારી • મરાઠીઃ નેવાલી, રાઈકોરા, લોખડી, કુરટ**
**સંસ્કૃતઃ નેમાલી**
**શાસ્ત્રીયઃ *Ixora parviflora***



# ૬૪. નેવરી

**વર્ગ:** **Rubiaceae**

**વર્ણન:** ૨ થી ૮ મીટરનું નાનું થતુ વૃક્ષ છે.

થડ: થડની છાલ ખરબચડી ઘેરા ભૂરાં રંગની તેના ઉપરથી છાલ ઉતરતી દેખાય છે. અંદરની છાલ ભૂરા, રાતા રંગની જાડી અને બટકણી હોય છે.

શાખા: ઘણી નીકળેલી હોય છે.

પાન: રાયણના પાન જેવા સામ-સામા આવેલા બંને સપાટીએ ચળકતા અને લીસા. ઉપરની સપાટીનો રંગ લીલો કે ઘેરો લીલો, નીચેનો ફીકો હોય છે. ડીટડી પાસે પાનની કોર ખાંચવાળી સાંકડી થતી, ટેરવા તરફ સહેજ પહોળી અણીદાર હોય છે.

ફૂલ: સુક્ષ્મ સળીઓ પર મોતીની ઝુમખીઓ જેવી ફૂલોની ઝુમખીઓ આવેલી હોય છે. સુગંધીત, બારીક, સફેદ ફૂલોના ગુચ્છાઓ શાખાઓ પર હોય છે.

ફળ: કાચા હોય ત્યારે પીળાશ પડતા લીલા રંગના અને પાકે ત્યારે ઘેરા જાંબુડી/ કાળા રંગ ના ગોળાઈ લેતા ટેરવું અંદર બેસતું ચારેબાજુ ચાર રતાશ પડતા ચાંદલા હોય છે. ફળ ઉપરની છાલ નરમ હોય છે. વાસ અણગમતી, સ્વાદ મીઠાશ પડતો હોય છે. બીજ ભૂરા રંગનુ ગોળાઈ લેતું, એક બાજુ ચપટુ, નરમ અને સફેદ મગજવાળું હોય છે.

**ઉપયોગ:**

લાકડુ: મજબુત હોવાથી ખેતીનાં નાના ઓજારો બનાવવામાં ,ખાટલાનાં પાયા, સાધારણ ઘરોનું વરણ બનાવવામાં.

મૂળ: પાણીમાં ઘસી સોજા ઉપર ચોપડવામાં, છાલ રંગકામમાં, છાલનો કાઢો નહી રૂજાતા ચાંદા અને ગડગુંબડા ધોવામાં આવે છે.

પાન: વાળાના સોજા પર તથા ઢોરનો ચારો.

ફૂલ: ફૂલ સુંઘવાથી મગજ તર થાય, વધુ સુંઘવાથી નશો ચડે, ફૂલની સુગંધથી શ્રમ મટે છે.

ફળ: રંગકામમાં, પાકા ફળ પક્ષીઓ ખાય છે. તેમાંથી કાળો રંગ નીકળે છે. નેવરી સ્વાદે કડવી છે. તે ટાઢી, ત્રિદોષને ટાળે. આંખ, મોઢુ તથા કાનના રોગને મટાડે છે.

**ફૂલ:** માર્ચ-એપ્રિલ. **ફળ:** એપ્રિલ-જૂન.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને પાવાગઢ.

ભારત: ગુજરાત, બંગાળ, બિહાર, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, કેરાળા અને રાજસ્થાન.

વિશ્વ: ભારત, બાંગ્લાદેશ, મ્યાનમાર અને શ્રીલંકા.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**નામઃ**

**ગુજરાતીઃ નગોડ, નગદ, નગોટ**

**હિન્દીઃ નર્ગુંડી, શવાલી, સંભલસંભલુ • મરાઠીઃ નિર્ગુંડી, નિર્ગુંડ**

**સંસ્કૃતઃ નિર્ગુંડી, શેફાલી, સિંદુવાર**

**શાસ્ત્રીયઃ *Vitex negundo***





# ૬૫. નગોડ

**વર્ગ:** **Verbenaceae**

**વર્ણન:** ૪ થી ૫ મીટર ઉચું થતું નાનુ વૃક્ષ છે.

શાખા: પાતળી અને ઝીણી ઝીણી ઘણી શાખાઓ હોય છે. શાખાઓ ફીકી, ધોળી, ભસ્મી રંગની હોય છે.

પાન: પાન સંયુકત, તેમા ત્રણથી પાંચ પાન ભેગા હોય છે. દરેક પાન ભાલાકૃતીના, સાંકડા તથા લાંબી અણીવાળા, ઉપરની બાજુ ઘેરા લીલા કે કાળાશ લેતા લીલા રંગની સપાટી નીચેની ધોળા રંગની સપાટી, ધોળી રૂવાટીં વાળા હોય છે.

ફૂલ: પુષ્પધારણ કરનારી સળીઓ શાખાનાં છેડે પત્રકોણમાંથી નીકળેલી ઘણી લાંબીને ધોળી રૂંવાટીંવાળી હોય છે. તેના પર જાંબુડી છાંયા લેતા અથવા ફીકા આસમાની રંગના સુક્ષ્મ ફૂલો આવે છે.

ફળ: વટાણાથી નાના અને વટાણાની સાઈઝના કાળા રંગના હોય છે.

**ઉપયોગ:**

મુળ: તાવ, કફ અને શકિતનાં કાઢાઓ અને પાકોમાં.

પાન: વાયુ, કૃમી, કાન દુખતો હોય, આંખના દુખાવામાં, સંધીવાના અને વાળાના સોજામાં, ગળગુમડામાં, ચામડીંના ઘણા રોગમાં, તેમજ ઘારા, ચાંદા, નાસુર અને ભગંદર ઉપર લગાડવામાં, વા થી શરીર ઝલાયુ હોય તો, માથાનાં દુખાવામાં, નહીં રૂઝાતા ગડ ગુમડાં, ઢોરનાં ભાઠામાં જીંવાત થયેલી હોય, સુકા પાનના ભરેલા ગાદલા અને ઓશીકા પર વાના દર્દીને સુવડાવવાથી, માથું દુખતુ ત્યારે હોય માથાં નીચે બંધાય છે. આધાશિશી, ઉન્માદ, વાયુ અને મરકીવાળા દર્દીના ઓરડામાં હવા સ્વચ્છ કરવા બાળે છે. પાનની ભુકી, અજમા અને મીઠાંની સાથે પેટની ચુંક પર અપાય છે.

ફૂલ/ફળ: કૃમી ઉપર ખવડાવવામાં, ફૂલ અને ફળ પોષ્ટીક અને ઉતેજક પાકોમાં વપરાય છે. નગદ, સુતીકાંરોગ અને આંચકી ઉપર કવાથમાં અપાય છે. કચર, લચક વગેરે પર નગદના પાંદડા વરાળીયા બાંધવામાં આવે છે.

**ફૂલ/ફળ :** આખા વર્ષમાં ગમે ત્યારે.

**જોવા મળતા પ્રદેશ:**

ગુજરાત: દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર.

ભારત: ગુજરાત, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન.

**નામઃ**

**ગુજરાતીઃ નીલગીરી**

**હિન્દીઃ નીલગીરી • અંગ્રેજીઃ Eucalyptus**

**શાસ્ત્રીયઃ *Eucalyptus hybrida***





# ૬૬. નીલગીરી

**વર્ગ:** **Myrtaceae**

**વર્ણન:** ૧૫૦ થી ૨૦૦ મીટર ઉંચાં સદાહરિત વૃક્ષ થાય છે.

થડ: ખુબગોળ, સીધું અને લાંબુ હોય છે. છાલનો રંગ ફીકો, સફેદ પીળાશ પડતો/રાખોડી હોય છે. તેમજ સુવાળી અને પાતળી હોય છે.

પાન: પાતળા, લાંબા અને ભાલાકૃતિ જેવા અણી આકારના હોય છે. તેને ચોળવાથી યુકેલીપ્ટસ તેલ જેવી વાસ આવે છે.

ફૂલ: સફેદ ક્રીમ, નાની નાની ઝૂમખીમાં આવે છે. ફૂલને હાથમાં ચોળવાથી બામ જેવી સુગંધ આવે છે.

ફળ: ફળ ઝૂમખામાં આવે છે. કાચા હોય ત્યારે લીલા, પાકે ત્યારે ભૂખરા રંગના થાય જે ઉપરથી અણીવાળા હોય છે. કાચા ફળમાં સરસ સુગંધ આવે છે.

**ઉપયોગ:**

લાકડું: બળતણ તરીકે, ઈલેક્ટ્રીક કે ટેલીફોનના થાંભલા તરીકે, મકાન બાંધકામમાં, વળીઓ તરીકે, કાગળ અને રેયોન કાપડ માટેનો માવો સારો થાય છે.

પાન: પાનમાંથી તેલ નીકળે જે દવામા વપરાય. સંધિવા, સ્નાયુઓનો દુ:ખાવો, શરદી, કફ વગેરે રોગોમાં ઉપયોગી છે. વધ જલ્દી થતી હોવાથી કાપવાથી જોરદાર ફુટતુ હોવાથી આર્થીક રીતે ઉછેર ઘણો ફાયદા કારક છે. સામાજીક વનીકરણમાં પ્લાન્ટેશન કરવામાં આવે છે.

**ફૂલ:** એપ્રિલ-મે. **ફળ:** ઓક્ટોબર-મે.

**જોવા મળતા પ્રદેશ:**

ગુજરાત: જુનાગઢ, છોટા ઉદેપુર, નારાયણ સરોવર, શામળાજી, વિજયનગર અને સાબરકાઠા.

ભારત: ગુજરાત અને રાજસ્થાન.

વિશ્વ: ભારત, ઓસ્ટ્રેલિયા, પોર્ટુગલ, સ્પેન, ચીલી, દ. આફ્રિકા અને યુ.એસ.એ.

**વૃક્ષ ઉછેરની રીત:** રોપ અને પોલીથીન બેગથી.


**"ગોપીઓના વસ્ત્ર જેના કાન જાય હેરી,**
**પાનખરમાં વૃક્ષોના પાન ગયાં ખરી,**
**આપો વસંતના વાઘા, નટખટ નટવર,**
**વનરાવને જાણે ગોપીઓ યાચતી."**


**નામઃ**

**ગુજરાતીઃ જીયાપોટો, પુત્રંજીવા**

**શાસ્ત્રીયઃ *Putranjiva roxburghii***







# ૬૭. પુત્રંજીવા

**વર્ગ:** **Euphorbiaceae**

**વર્ણન:** ૫ થી ૨૦ મી.ઉંચુ સદાહરીત રહેતુ વૃક્ષ છે.

થડ: કથ્થાઇ રંગની સુંવાળી છાલ વાળુ.

પાન: ૪-૧૬ X ૧.૮-૬.૬ સે.મી. અંડાકાર, લંબગોળ, એક બીજાથી વિરૂધ્ધ આવેલા, નીચે ઝૂકતી ડાળખીઓ વાળુ હોય છે.

ફૂલ: લીલાશ પડતા પીળા રંગના એક ડાંડલી ઉપર અસંખ્ય ફૂલો આવેલા હોય છે. નર અને માદા ફૂલો અલગ અલગ આવે છે. માદા ૧-૧.૫ સે.મી.લાંબા, લંબગોળ/અંડાકાર, લીલાશ પડતા ધોળા રંગના ભુખરા કથ્થાઇ રંગના હોય છે.

**ઉપયોગ:**

લાકડુ: રંગકામમાં, હાથાઓ બનાવવામાં, ઝાડ રસ્તાની બન્ને બાજુએ સુશોભીત વૃક્ષો તરીકે, બગીચામાં સારૂ થાય છે.

ફળ: પક્ષીઓ, વાંદરાઓ, હરણ ખાય છે. ઠળીયાવાળા ફળમાં ભારત અને શ્રીલંકામાં સંશોધનમાં ઉપયોગમાં લે છે.

**ફૂલ:** ફેબ્રુઆરી-માર્ચ. **ફળ:** જૂન-જુલાઈ.

**જોવા મળતા પ્રદેશ:**

ગુજરાત: ખાનગી માલીકીની જમીનમાં, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર.

ભારત: હિમાલય, કેનાડા, મધ્ય પ્રદેશ, ગુજરાત અને રાજસ્થાન.

વિશ્વ: ભારત, મ્યાનમાર, શ્રીલંકા, હિમાલય અને નેપાળ.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**"વૃક્ષો વાવો દુષ્કાળ હટાવો."**

**"કારખાના ઉદ્યોગોને ભલે વધારીએ,**
**પર્યાવરણનું પણ ધ્યાન રાખીએ,**
**વાતાવરણમાં પ્રદુષણો ન ફેલાવીએ,**
**ત્રિરંગાની હરિયાળીને આવો બચાવીએ."**

**નામઃ**
**ગુજરાતીઃ પારીજાતક, ચેડી**
**હિન્દીઃ હારસીંગાર**
**શાસ્ત્રીયઃ *Nyctanthus arbortristis***







## ૬૮. પારીજાતક

**વર્ગ:** **Nyctanthaceae**

**વર્ણન:** ૩ થી ૮ મીટરનું ઉંચુ થતુ પાનખર વૃક્ષ છે.

થડ: રતાશ પડતા ભૂરા રંગનું ખરબચડુ હોય છે.

પાન: ખરબચડા, ડીંટડીથી પહોળા આગળ જતા સાકડા અણીવાળા થઈ જાય છે. પાન સામ-સામા હોય છે.

ફૂલ: શ્રાવણ અથવા ચોમાસામાં ફૂલ બેસે છે. જે સફેદ કેસરી દાંડીવાળા ઘણા સુગંધીત હોય છે. જે રાત્રે ખીલી વહેલી સવારે ખરી જાય છે.

ફળ: શિયાળામાં ચપટા બટન જેવા, કાચા હોય ત્યારે લીલા અને પાકે ત્યારે રાતાશ પડતા કાળા રંગ જેવા થાય છે.

**ઉપયોગ:**

પાન: પાનના પાલાનો લેપ દાધર પર લગાવવાથી મટે છે.

ફૂલ: દેવી દેવતાની માળામાં.

ફળ: બી વાટીને ખોડા ઉપર લેપ કરવામાં.

**ફૂલ:** ઓગષ્ટ - ફેબ્રુઆરી. **ફળ:** આખા વર્ષમા ગમે ત્યારે.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાત.

ભારત: ગુજરાત, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્ય પ્રદેશ.

વિશ્વ: ભારત.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**“શહાદતના સ્મરણો જીવંત બનાવીએ,**
**હરિયાળાં સ્મારકોથી ધરતી સજાવીએ,**
**શહિદોની યાદમાં એક એક વૃક્ષ વાવીએ,**
**ત્રિરંગાની હરિયાળીને આવો બચાવીએ.”**

**નામઃ**
**ગુજરાતીઃ પીપળ**
**હિન્દીઃ પીપળ**
**શાસ્ત્રીયઃ *Ficus arnottiana***



# ૬૯. પીપર

**વર્ગ:** **Moraceae**

**વર્ણન:** ૧૦ થી ૧૨ મી.ઉંચા વૃક્ષ થાય છે.

પાન: ૪-૬ ઈંચ લાંબા, ૩ થી ૬ સંયુક્ત, શિરાયુક્ત હોય છે. પાન તોડતા સાધારણ દૂધ નીકળે છે.

ફૂલ: શાખાઓની સંધિમા સુક્ષ્મ, ડિંબાકૃતિ, એક પુંકેસરવાળા હોય છે.

ફળ: પીપળાના ફળ જેવા નાના, ગોળ જેમાં સુક્ષ્મ સખત બીજ હોય છે.

**ઉપયોગ:**

છાલ: રક્તપ્રદરમાં છાલનુ બારીક ચૂર્ણ સાકર સાથે રોજ લેવુ, તેના ચૂર્ણમાં મધ મેળવી બનાવેલી સોગઠી યોનીમાં ધારણ કરવી. લોહીના જાડામાં ચૂર્ણ દૂધમાં નાંખી મધ મેળવી પીવુ. વ્રણમાં, ઝખમ રૂઝવવા છાલના ઉકાળાથી ઝખમ રોજ સાફ કરવું.

પાન: વાત ગુલ્મ-ઉદાવર્તમાં પાન, ફળનો સૂપ મરી, સંચળ નાખી પીવો. માથાના ખોડામાં પાનનો ઉકાળો માથામાં ભરી ધોઈ નાખવુ. રક્તવામાં કુણા પાન અને લીલી છાલ સારી રીતે વાટી તેમા ઘી મેળવી રક્તવાળા ભાગે લેપ કરવો. પાનનો કાઢો પીવો. રક્તપિતમાં કૂણા પાનની ભાજી ઘી-જીરામાં વઘારીને સાત્વિક ખોરાક સાથે લેવી.

ફળ: ફળનું ચૂર્ણ કૃમિમાં ગોળ સાથે રોજ લેવુ.

**ફૂલ:** ફેબ્રુઆરી-માર્ચ. **ફળ:** એપ્રિલ-મે.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: બધે જોવા મળે છે.

વિશ્વ: ભારત, મધ્ય ભારત, બંગાળ અને હિમાલય.

**વૃક્ષ ઉછેરની રીત:** રોપ, કલમ અને ડાળી વાવીને.

**"પર્યાવરણનું રોકવા પ્રદુષણ, કરવું પડશે ખૂબ વૃક્ષારોપણ,**
**વૃક્ષ ધરાનાં છે આભૂષણ, વૃક્ષો વાવી દૂર કરો પ્રદુષણ."**

**"વૃક્ષો વાવી વાવી વાડી બનાવીએ, વૃક્ષો કાપી કાપી રણને બોલાવીએ,**
**વૃક્ષોનું નિકંદન છે જગતનું પતન, બેસીએ જે ડાળ પર તેને ન કાપીએ."**

**નામઃ**

**ગુજરાતીઃ પીપળો**

**શાસ્ત્રીયઃ *Ficus religiosa***

# ૭૦. ખડ પીપર

**વર્ગ:** **Moraceae**

**વર્ણન:** ૧૦ થી ૨૦ મીટર ઉંચુ વૃક્ષ થાય છે.

શાખા: લાંબી, જાડી અને ઉંચી ચઢતી તથા કોમળ શાખાઓ કેટલીકવાર નીચી ઝુકેલી હોય છે.

પાન: પાનમાં આઠ-આઠ, સામ-સામી નસો આવેલી હોય છે. પાન બંને સપાટીએ લીસા, ચળકતા, પહોળા અને ત્રિકોણ દેખાય છે. પાનની કુપળ પ્રથમ રાતી કે પીળી દેખાય છે. ઉપપાન વડની જેમ તળીયે પહોળા અને મથાળે સાકડા થતા અણીવાળા હોય છે. જે તુરંત ખરી જાય છે.

ફળ: પુષ્પધારણ કરનાર પુષ્પધાર કર્ણિકાને પેપડી/પેપડા કહે છે. જે બારીક હોય છે. બે-બે પાસે પાસે અડોઅડ શાખાને ચોટડુક થયેલી હોય છે. પેપડી લીસીને સહેજ ચળકતી હોય છે. જે ગોળ અને મથાળે સુક્ષ્મ અણી વાળી હોય છે. પેપડા કાચા હોય ત્યારે લીલાશ લેતા રંગના પાકે ત્યારે રતાશ લેતા ધોળા રંગના અને જાંબુડા રંગની છાંટણી કે છાયા હોય છે, જે નરમ ને ગળ્યા હોય છે.

**ઉપયોગ:**

લાકડુ: કોશના પૈડા બનાવવામાં અને સમિધ તરીકે નવરાત્રીમાં બાળવામાં આવે છે.

મૂળ: દમ, ખાંસી, આર્યઔષધમાં 'પંચવલ્કલમા' પાંચ વૃક્ષોના મૂળની છાલ વપરાય છે. તે ચાંદા ધોવામાં, ખાટલા ભરવાનુ વાણ અને દોરી બનાવવામા.

છાલ: રંગકામમાં, છાલનો ઉકાળો પ્રમેહ અને પ્રદર રોગમાં પીચકારી મારવામાં, વાટીને સોજા પર ચોપડવામાં, ચામડીના દર્દમાં ચોપડવામાં, નહી રૂઝાતા ચાંદા અને ગુંબડા ધોવામાં, નાસુર અને ભગંદરમાં અને લોહીવિકાર, ખસવાળને છાલનો ઉકાળો પવાય છે.

પાન: પાનને એરંડયુતેલ લગાવી ગરમ કરી વાળાના સોજા ઉપર, પાનનો ઉકાળો પીપર, સૂંઠ અને ગરમાળાનો માવો ભેળવી મરકીવાળા દર્દીને અપાય છે. પાન ઢોરના ચારા તરીકે.

ફળ: પેપડી ખાવાથી પિત, લોહીવિકાર, વિષ, બળતરા, ઉલટી, તરસ, અરૂચી એ સર્વે રોગને મટાડે છે. પાકા પેપડા પક્ષીઓ ખાય છે.

**ફૂલ:** ફેબ્રુઆરી-માર્ચ. **ફળ:** એપ્રિલ-મે.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર.

ભારત: ગુજરાત, હિમાલય, મહારાષ્ટ્ર, પંજાબ, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન.

વિશ્વ: ભારત, શ્રીલંકા, મ્યાનમાર અને મલાયા.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ, રોપ, કલમ, સ્ટમ્પ અને ડાળખીઓથી.

**નામઃ**
**ગુજરાતીઃ પ્રાંસ, ઝાવ**
**હિન્દીઃ ઝાડ • મરાઠીઃ લઈ, ઝાડ**
**સંસ્કૃતઃ ઝાવુક, શાવક**
**શાસ્ત્રીયઃ *Tamarix gallica***



# ૭૧. પ્રાંસ

**વર્ગ:** **Tamaricaceae**

**વર્ણન:** ૩ થી ૬ મીટરનું થતુ મધ્યમ કદનું સદા હરિત વૃક્ષ થાય છે.

શાખા: ડાંડી ઉપરની છાલ ફીકા ધોળા રંગની તેની ઉપર ચીરા પડેલા હોય છે. ડાંડીની છાલ ઉપર શાખાઓ પડી ગયાના ડાઘ રહેલ હોય છે. કોમળ શાખાનો રંગ લીલાશ પડતો રાતો હોય છે. ડાંડીની અંદરની છાલનો રંગ પીળાશ પડતો લીલા રંગનો હોય છે.

પાન: ઘણા સુક્ષ્મ કોમળ શાખાઓ ઉપર પાસે-પાસે આવેલ શાખાઓ ગુંથાયેલી હોય / પાનની ગુંથણીની ભુંગળી વાળી હોય તેવુ દેખાય છે. પાન નીચેથી પહોળા થઈ એકબાજુથી અણી થતા હોય છે. પાનનો આટો શાખાની બીજી બાજુ સહેજ છુટો હોય છે અને પાન પર ચળકતા સુંદર છાંટણા હોય છે.

ફૂલ: ફૂલનો રંગ ફીકો જાંબુડી હોય છે. પુષ્પધારણ કરનારી સળીપર નીચેથી પહોળુ, ટેરવે સાંકડુ એવુ એક એક પુષ્પ પત્ર આંતરે આવેલુ હોય છે. આ પત્રની પાસેથી ફળની સુક્ષ્મ ડીટડી નીકળેલી હોય છે.

ફળ: ત્રણ ધારવાળા, રાતા, ચળકતા, નીચેથી પહોળા અને ઉપર સાકડી અણી થતા હોય છે, બીજ સુક્ષ્મ ભુરા રંગના હોય છે. ટેરવે બહુ ચળકતા રૂપેરી મૃ દુવાળની પીછી હોય છે.

**ઉપયોગ:**

લાકડુ: લાકડાની રાખ મીઠા તેલમા મેળવીને ચાંદા, ભાઠા, ખરજવા વગેરે ઉપર ચોપડે છે. સંઘેડીઆ લાકડા માંથી રૂલ, ખીલીઓ, ઢીચણીયા, વેલણા બનાવી તેના પર રંગ ચડાવી વેચે છે. લાકડુ સારુ પોલીશ થાય છે.

મુળ: મુળમા અગડગઠી ગાઠો બંધાય છે, તેને ખેડુત અમૂલ ઓસડ સમજે છે, ગાંઠોનો ઘરમા સંગ્રહ કરે છે, અને પાણીમા વાટી સંગ્રહણી, ઝાડા અને ઘચરકા તથા સોજા પર પીએ છે. ગાંઠો ગ્રાહિ તરીકે અને રંગકામમાં વપરાય છે.

છાલ: રંગકામમાં વપરાય છે.

શાખા: કોમળ શાખાઓ ઝાપો જાળવી તરીકે, છાપરાઓ ઢાકવા માટે, કોમળ શાખાઓ ઉકાળીને પાણીથી માથાનો ખોડો અને ચાંદાઓ ધોવામાં, રંગકામમાં અને સુંડલીઓ ઘણા ખેડૂત બનાવે છે. હાથમાં રાખવાની લાકડીઓ બનાવે છે અને વિશેષ બળતણ તરીકે ઉપયોગી છે.

ફૂલ/ફળ: ફૂલ/ફળ નો પાણીનો ઉકાળો ખોડો અને ચાંદાઓ ધોવામાં વપરાય છે.

**ફૂલ:** ફેબ્રુઆરી-માર્ચ. **ફળ:** માર્ચ -એપ્રિલ.

**જોવા મળતા પ્રદેશ:**

ગુજરાત: સૌરાષ્ટ, દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને કચ્છ.

ભારત: આખા ભારતમાં થાય છે.

વિશ્વ: ભારત.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજથી.

**નામઃ**

**ગુજરાતીઃ ફણસ**

**હિન્દીઃ કટહલ**

**સંસ્કૃતઃ પનસ, કંટકી ફલ • અંગ્રેજીઃ Jack fruit**

**શાસ્ત્રીયઃ *Artocarpus heterophyllus***



## ૭૨. ફણસ

**વર્ગ:** **Moraceae**

**વર્ણન:** ૭ થી ૧૨ મીટર ઉંચુ થતુ સદાહરિત વૃક્ષ છે.

થડ: છાલ આછી કાળી સહેજ લીલાશ પડતી કથ્થાઇ રંગની હોય છે.

પાન: ૫ થી ૧૨ સે.મી. લાંબા, લંબગોળ, અંડાકૃતિના, લંબચોરસ, આડાઅવળા ચામડા જેવા કડક, ઉપરથી શ્યામ રંગના, ચીકણા અને નીચેથી રૂક્ષ હોય છે.

ફૂલ: લાઇટ ક્રીમ લીલાશ પડતા લંબગોળ જે અદશ્ય રહે છે.

ફળ: લંબગોળ ભુખરા રંગની રૂંવાટીવાળા, ફળની ઉપરની છાલ બહુ જ ઝાડી તથા અસંખ્ય અણીદાર, કોમળ કાંટાવાળી હોય છે. ફળની અંદર માવાદાર ગોટલી આછા પીળા રંગની અને લાંબી હોય છે. એક ફણસમાં આવી ૫૦ થી ૬૦ ગોટલી હોય છે જે પાકે ત્યારે મીઠી હોય છે. દરેક ગોટલીમાં ચીકણા ૧" લાંબા ત્રિકોણાકાર બીજ હોય છે. ફળ પર કાપો મૂકતાં અંદરથી ચીકણું સફેદ દુધ નીકળે છે, જેમાથી રબ્બર બને. ડીટડી લીલા રંગની હોય છે, ફળ મોટા થાય છે.

**ઉપયોગ:**

લાકડું: ફર્નિચર બનાવવામાં વપરાય છે.

છાલ: લોહીના ઝાડા, કોલેરામાં, ફણસની છાલ તથા આંબાની છાલ કે ચુનાના કાઢામાં ચુનાનું નીતર્યુ પાણી મેળવી પીવુ.

મૂળ: મૂળને ઉકાળી તે ગાળીને નાકમાં નસ્ય લેવાથી મસ્તક પીડા મટે છે.

ફળ: ફળનું શાક બનાવવામાં, કાચુ ફણસ મધુર, જડ, કફકર, મેદકર અને વાયુ, પિત અને રકતપિતનો નાશ કરે છે. તે હળવુ, રેચક, રકતસ્તંભક અને રકતપિત, વાયુ, વ્રણ, વીંર્યની નબળાઇનો નાશ કરે છે. ફણસનો ગર્ભ વાતપિત, કફદોષહર, વીર્યવર્ધક, મધુર હોય છે.

**ફૂલ:** નવેમ્બર-જાન્યુઆરી. **ફળ:** ફેબ્રુઆરી-મે.

**જોવા મળતા પ્રદેશ:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાત.

ભારત: ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન.

વિશ્વ: ભારત, પૂર્વ એશિયા, પાકીસ્તાન, મ્યાનમાર, બાંગ્લાદેશ અને શ્રીલંકા.

**વૃક્ષ ઉછેર:** બીજ અને રોપથી.

**નામઃ**

**ગુજરાતીઃ ભમરછાલ, પરીની, રોગન, લુનયો, મધમહુડો, પરયાની**

**હિન્દીઃ મૌલન, મોંવાર • મરાઠીઃ મૌરછાલ**

**સંસ્કૃતઃ ભ્રમરછલ્લી**

**શાસ્ત્રીયઃ *Hymenodictyon orixense***





## ૭૩. ભમ્મર છાલ

**વર્ગ:** **Rubiaceae**

**વર્ણન:** ૯ થી ૧૫ મીટર ઉંચુ વૃક્ષ થાય છે.

શાખા: જાડી શાખાઓ ઉંચી ચઢતી, કોમળ શાખાઓ આડીઅવળી અને નીચી ઝુકતી હોય છે. છાલ જાડી. પોચી ઉપરથી લીસી કે ખરબચડી, ભૂરાશ પડતી લીલા રંગની, અંદરથી ફીકા રાતા રંગની અને કડવી હોય છે.

પાન: સામ-સામા ૪ થી ૧૦ ઈંચ લાંબા, ૩ થી ૪ ઈંચ પહોળા તથા ઉપપાન પહોળાને દાંતાવાળા હોય છે.

ફૂલ: પુષ્પધારણ કરનારી સળીઓ વિભાગીત હોય તેના પર ભુરાવાળની રૂવાટ આવેલી હોય છે. ફૂલ ધોળા રંગના હોય છે.

ફળ: ૨/૩ ઈંચ લાંબાને ઘણા બીજવાળા હોય છે. જાડને જખ્મી કરતા તેમાંથી એકજાતનું પ્રવાહી ઝરે છે. જે ચીકણો ભુરા રંગનું હોય છે. તેની વાસ મદ્ય જેવી અને સ્વાદ કડવો હોય છે.

**ઉપયોગ:**

લાકડુ: રમકડા, કાસકી, દાતીયા, તલવારના મ્યાન વગેરે બનાવવામાં આવે છે.

છાલ: મુળની છાલ રંગકામમાં, અંતરછાલનો ઉકાળો તાવ ઉપર અપાય છે.

પાન: ઢોરનો ચારો, રસવિકારના સોજા અને ગડગુંબડા ઉપર બાંધવામા આવે છે.

**ફૂલ:** જુલાઈ- ઓગષ્ટ. **ફળ:** સપ્ટેમ્બર-ઓક્ટોબર.

**જોવા મળતા પ્રદેશ:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાત.

ભારત: ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન.

વિશ્વ: નેપાલ, હિમાલય, બાંગ્લાદેશ અને જાવા.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**"વૃક્ષ વાવવું-વૃક્ષ બચાવવું, છે આપણા સૌનું કામ,**
**વૃક્ષોની રક્ષા-જીવન સુરક્ષા, વૃક્ષ આપણો જીવન આધાર."**

**"પ્રકૃતિએ દીધી આપણને વનસૃષ્ટિની શોભા અપાર,**
**દુનિયાના લોકો સમજી લો વૃક્ષનો આ મહા ઉપકાર."**

**નામઃ**


**ગુજરાતીઃ મોલેડી, મોદડ, મોયણો**

**હિન્દીઃ મીનીયો, મોથ, મુ, મોય, મોવેડો, મોવેડી • મરાઠીઃ શીમટી, મોય**

**શાસ્ત્રીયઃ *Lannea coromandelica***









# ૭૪. મોલેડી

**વર્ગ:** **Anacardiaceae**

**વર્ણનઃ** ૧૦ થી ૧૫ મીટર ઉંચુ થતુ પાનખર વૃક્ષ છે.

થડઃ આછા પીળાશ પડતા સફેદ રંગનુ, થડમાં ભૂખરા રંગના ધાબા જેવુ હોય છે.

પાનઃ લીંબડાના પાનની જેમ પણ તેનાથી ઘણા મોટા હોય છે. એક તીરખીમાં ૧૦ થી ૧૨ પાન હોય છે. જે આગળથી અણીવાળા વચ્ચેથી પહોળા હોય છે.

ફળઃ લીંબોળીના જેમજ લીંબોળી કરતા નાના લંબગોળ હોય છે. કાચા હોય ત્યારે લીલા અને પાકે ત્યારે રાતા ગુલાબી રંગના થાય છે. ફળ પાકે ત્યારે અંદરનો માવો છુટો પડી બીજ નીકળી જાય છે.

**ઉપયોગઃ**

લાકડુંઃ બોક્સ, પેકિંગ, ફર્નિચર બનાવવામાં અને કોતરકામમાં વપરાય છે.

ફળઃ પક્ષીઓ ખાય છે.

ગુંદરઃ ખાસ ઉપયોગી સુતરાઉ કાપડમાં છાપણી માટે.

પાનઃ પશુનો તથા વન્યપ્રાણીનો ખોરાક તથા કોમળ શાખાઓ હાથીનો મુખ્ય ખોરાક છે.

**ફૂલઃ** જાન્યુઆરી- જૂન. **ફળઃ** ફેબ્રુઆરી- જુલાઈ.

**જોવા મળતા પ્રદેશોઃ**

ગુજરાતઃ સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાત.

ભારતઃ ગુજરાત, હિમાલય, આન્દામાન, મહારાષ્ટ્ર, ભોપાલ, મધ્ય પ્રદેશ, કેરાલા અને રાજસ્થાન,

વિશ્વઃ ભારત, મ્યાનમાર, શ્રીલંકા, પાકીસ્તાન, બાંગ્લાદેશ અને મલેશીયા.

**વૃક્ષ ઉછેરની રીતઃ** રોપ, બીજથી અને કુદરતી રીતે.

**"વૃક્ષ બને ધરતીનાં ભૂષણ, દૂર કરે સઘળાં પ્રદુષણ,**
**ભાઈ ચારાનો સંદેશ આપે, પર્યાવરણનું કરતાં રક્ષણ."**


**"હિન્દુ મુસ્લીમ શીખ ઈસાઈ, વૃક્ષને સૌથી પ્રેમ સગાઈ,**
**વૃક્ષો વાવો વન બચાવો, તેમાં જ સૌની ભલાઈ."**

**નામઃ**

**ગુજરાતીઃ મહુડો, મહુડી, માવડો**

**હિન્દીઃ • મરાઠીઃ મૌડો**

**શાસ્ત્રીયઃ *Madhuca indica***







# ૭૫. મહુડો

**વર્ગ:** **Sapotaceae**

**વર્ણન:** ૨૫ થી ૩૦ મીટર ઉંચુ થાય છે. ૨.૫૦ મી. થી વધુ ઘેરાવો હોય છે.

થડ: એક મોટુ ઝાડ જેનું થડ વામણું પરંતુ છત્ર પહોળુ અને પ્રસરેલુ હોય છે. ઉભા ચીરાવાળી ઘેરા કથ્થાઈ રંગની જાડી છાલ હોય છે.

પાન: વિશાળ કદ વડ જેવા મોટા લંબગોળ પર્ણ હોય છે.

ફૂલ: ઝુમખાદાર ફૂલો થાય છે.

ફળ: લંબગોળ ફળ પરથી ઓળખી શકાય છે. ૧૦થી ૯૦ વર્ષની ઉમર સુધી ફળ-ફૂલ આપે છે.

**ઉપયોગ:**

લાકડુ: લાકડા પણ ખુબ જ ઉપયોગી છે, ઘરકામ તથા ફર્નીચરમાં વપરાય છે.

ફૂલ: મીઠા, મજેદાર ફળ-ફૂલ પૌષ્ટિક પીણા તથા ઢોરને ખોરાક આપે છે. ફૂલો લાંબા ગાળા સુધી રાખી શકાય અને દારૂ બને છે.

ફળ: ફળોમાંથી કિંમતી તેલ બને છે. જે રસોઈમાં, દવામાં, એકલુ ખાવામાં, દીવા કરવામાં અને સાબુ બનાવવામાં વપરાય છે. ડોળીયામાં તળેલ વસ્તુઓ લાંબા સમ સુધી સ્વાદિષ્ટ અને સારી રહે છે. ખોરી થતી નથી.

**ફૂલ:** જાન્યુઆરી- એપ્રિલ. **ફળ:** એપ્રિલ-જુલાઈ.

**જોવા મળતા પ્રદેશ:**

ગુજરાત: દ. ગુજરાત, ઉ. ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર.

ભારત: બંગાળ, ગુજરાત, કેનારા, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન.

વિશ્વ: ભારત અને દક્ષિણ જાવા.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**"કાળીયાર, નીલગાય, ચૌશિંગા ને વળી ચિંકારાં,**
**જંગલની શોભા છે જંગલમાં વસતા મૃગલાં."**

**"નીજ કસ્તુરીની શોધમાં, વન વન ભટકતાં મૃગલ,**
**મૃગજળને જોઈ પ્યાસ બુઝાવવા, રણ રણ દોડે મૃગલા."**

**નામઃ**

**ગુજરાતીઃ માલણ, ડીકામારી**

**હિન્દીઃ ડીકામાલી, કમરી • મરાઠીઃ ડેકામારી**

**સંસ્કૃતઃ નાડીહિંગ, હિંગપત્રી • અંગ્રેજીઃ Gummy gardenia**

**શાસ્ત્રીયઃ *Gardenia resinifera***





# ૭૬. માલણ

**વર્ગ:** **Rubiaceae**

**વર્ણન:** ૩ થી ૬ મીટર ઉંચા વૃક્ષ થાય છે.

શાખા: ફીકી, ધોળા/ભસ્મી રંગની તેના પર ધોળા છાપા હોય છે. શાખા સામ-સામી, સીધી, ચઢતી ઘણી શાખાઓ નીકળે છે. એમના મથાળે પીળાશ પડતો ગુંદર જેવો રસ/સોનાકળી જેવા ચળકતા રસના બિંદુઓ આવેલા હોય છે.

પાન: સામ-સામા, ટૂંકી ડીંટડીવાળા લંબગોળ, બંને છેડે સાંકડા થતા, ટેરવે બુઠીઅણી વાળા, બંને બાજુ કાચ જેવા ચળકતા હોય છે. ડીંટડીની વચમાં બે ઉપપાન હોય છે.

ફૂલ: સળી પત્રકોણમાંથી એક નીકળે છે જે ગોળ, લીસી, મથાળે ફૂલની અમળાયેલી કળી આવે છે. ફૂલ સાંજે ખીલે સુગંધ નેવરીના ફૂલની સુગંધને મળતી મધુરી આવે. જે સફેદ રંગના પાછળથી પીળા થઈ જાય. સૂકાય પછી કાળા પડી જાય છે. કરમાયા પછી તેની પાંખડી નળીના જેવી ઉંઘી વળી જાય છે.

ફળ: જામફળ જેવા, તેનાથી નાના, લંબગોળ, ચળકતા, લીસા અને સહેજ પીળાશ પડતા લીલા, સૂકાય પછી ભૂરારંગનું મુંગટવાળુ. તેમાં ઘણા બીજ હોય છે. અનિયમિત આકારના હોય છે.

**ઉપયોગ:**

પાન: ઢોરના ભાઠા પર પાન વાટીને મુકે છે અને ઝખમ ઉપર મુકવાથી જખમ રૂઝાય જાય છે.

ફળ: કાચા ફળ ખવાય છે.

ગુંદર: ગુંદરને "ડેકામારે, ડેકામાળી, ડીકામાળી, ડીકામારી" કહે છે. પેટના દુખાવામાં, ઉલટી, ચુક, બદહજમ વાયુ, હિસ્ટીરીયા, આચકીમાં ગુંદર પાણીમાં વાટી પવાય છે. ઝખમ કે ચાંદા પરથી માખી દુર રાખવા તેના ઉપર લગાવે છે. ગરમ છે, કફ, વા, ઝાડા, કબજીયાત, આફરો મટાડે. મનના મોહને ટાળે, છાતીના દર્દમાં, ઉલટી બંધ કરવા, તે પેશાબને વધારે છે. ડીકામારી હળવી, લૂખી, તીક્ષ્ણ, કડવી, તીખી, ગરમ, રુચીકર, ભૂખવર્ધક, પાચક, વાતશામક, અનુલોમ સંકોચક, પરસેવો જન્માવનાર, આમનાશક, હ્રદયોતેજક, કફ કાઢનાર, કોઠાનો વાયુ શાંત કર્તા અને ખાંસી, શ્વાસ, પ્લીહાવૃધ્ધિ, અરુચિ, મંદાગ્નિ, અર્જીણ કબજીયાત, હરસ, આફરો, ગુલ્મ, ઉદરશૂળ, હ્રદય દુર્બળતા, હેડકી, મેદ એ સર્વે રોગને મટાડે છે. ચૂર્ણ બાળકોના કૃમિમાં ૧ થી ૩ રતીની માત્રામાં બાળકને ડીકામારીચૂર્ણ દૂધ સાથે રોજ સવાર-સાંજ પાવાથી કૃમિ નાશ પામે છે. ઉદરશૂળમાં આદુ લીંબુના રસમાં ૧ ગ્રામ ડીકામારી નાખી પીવાથી લાભ થાય, આફરામાં ૧ થી ૨ ગ્રામ ડીકામારી સંચળ સાથે ગરમ પાણીમાં ફાકવાથી લાભ થાય છે. પીડા કે ખુજલીવાળા હરસમાં પાણીમાં ઘસીને હરસ પર બે વખત લેપ કરવો. ત્વચાવિકારમાં ૧ ગ્રામ ચૂર્ણ પાણી સાથે સવાર-સાંજ સેવન કરવું.

**ફૂલ:** માર્ચ - ઓગષ્ટ. **ફળ:** સપ્ટેમ્બર- ઓક્ટોબર.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: સૌરાષ્ટ, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાત.

ભારત: ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન.

વિશ્વ: ભારત અને મ્યાનમાર.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

નામઃ

ગુજરાતીઃ આટેડી, આંટેડ, મરડાશીંગ

હિન્દીઃ મરીરફલી • મરાઠીઃ મુરડશેંગ, કીવન

સંસ્કૃતઃ મૃગશીંગી, આવર્તની, આવર્તકી, સિદી

શાસ્ત્રીયઃ *Helicteres isora*





# ૭૭. મરડાશીંગ

**વર્ગ:** **Sterculiaceae**

**વર્ણન:** ૨ થી ૩ મીટરનું થતુ નાનુ વૃક્ષ છે.

શાખાઃ ભુરો કે ભસ્મી રંગની, સીધી ઘણી શાખાઓ પાસે-પાસે નીકળેલી, તેના ઉપર ઉભા ચીરા અને ભુરા છાંટણા આવેલા હોય છે. છાલ ચીવટ, મજબુત અને રેસાવાળી હોય છે. કોમળ શાખાઓ ઉપર ગીચોગીચ રૂવાટી આવેલી હોય છે.

પાનઃ આંતરે આવેલા, ટેરવા અણીવાળા કે બુઠા, કોર કાંગરી વાળી, ડીટડી પાસે કોર જરા વાંકલેતી દ્વિભાજીત થયેલ હોય છે. પાન લંબગોળ, ડીટડી પાસે સહેજ સાંકડા અને ઉપર જતા પહોળા કોઈવાર બે કે ત્રણ ખુણાવાળા હોય છે. ઉપપાન દોરા જેવા ઝીણા હોય છે.

ફૂલઃ પત્રકોણમાંથી પુષ્પધારણ કરનારી ટુંકી સળી નીકળી દરેક સળી પર એક થી ચાર ફૂલો પાસે પાસે આવેલા પ્રથમ રાતારંગના ફીકા પછી આસમાની રંગના થઈ જાય છે.

ફળઃ શીંગો પ્રથમ લીલા રંગની અને પાકે ત્યારે ભુરા રંગની થઈ જાય, તે પર ચળકતા વાળની રૂંવાટી હોય છે. પાતળી સળી ડીટી અને ટેરવે અણી હોય છે. શીંગમાં પાંચેય વીભાગ લાંબા સાકડા અને વળદાર હોય છે જે અમળાઇ ને એકબીજા ઉપર ચડેલા હોય છે. સુકાયા પછી પાંચેય વીભાગો ઉભા ચીરાય તેમાથી બીજ બહાર આવે છે, જેનો આકાર અને રંગ કાળા તલ જેવો હોય છે.

**ઉપયોગ:**

મુળઃ પ્રમેહ અને ગરમીમાં તાવ આવતો હોય ત્યારે ઉકાળા સાથે ફુલાવેલો ખારો નાખી અપાય છે.

છાલઃ દોરી બનાવવા, બળદની રાશ અને ખાટલા ભરવાનુ વાણ બનાવાના કામમાં આવે છે.

ફળઃ ફળને "મરડાશીંગ" કહે છે જે ઝાડા અને સંગ્રહિણીમાં અપાય છે. શીંગ વર કન્યાને લગન વખતે તથા બીજી કેટલીક ધાર્મિક ક્રીયા કરતી વખતે હાથે બાંધવામા આવે છે. મધુપ્રમેહમાં ઉપયોગી છે.

પાનઃ પાન ઢોરના ચારા તરીકે છે. "વાયુને કોપાવનાર, કાસ, શ્વાસ, નેત્રશૂળ, વ્રણ, કોઢ, પ્રમેહ, કૃમિ અને ઝેરનો નાશ કરનાર છે''.

**ફૂલ:** ઓગષ્ટ-સપ્ટેમ્બર. **ફળ:** ઓક્ટોબર-નવેમ્બર.

**જોવા મળતા પ્રદેશ:**

ગુજરાતઃ સૌરાષ્ટ્ર, રતનમહાલ, નારાયણ સરોવર, છોટા ઉદેપુર, ગાંધીનગર, બનાસકાઠા, સાબરકાંઠા અને કચ્છ.


ભારતઃ ગુજરાત, મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્ર.

વિશ્વઃ પાકીસ્તાન, શ્રીલંકા, નેપાલ, ભુતાન, બાંગ્લાદેશ, ઓસ્ટ્રેલિયા અને ચીન.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**નામઃ**
**ગુજરાતીઃ મીંઢળ, મીંઢોળ**
**હિન્દીઃ મૈનફલ, મદનફલ • મરાઠીઃ ગેલ ચદન**
**સંસ્કૃતઃ ધારાફલ, ગાલ • અંગ્રેજીઃ Emetic nut**
**શાસ્ત્રીયઃ *Catunaregam spinosa***







# ૭૮. મીંઢળ

**વર્ગઃ** **Rubiaceae**

**વર્ણનઃ** ૩ થી ૫ મીટર ઉંચુ વૃક્ષ થાય છે.

થડઃ છાલ ખરબચડી, ઉપરની છાલ ઉખડતી દેખાય છે, અંતરછાલ લીલા રંગની ને તુટી જાય તેવી હોય છે.

શાખાઃ આડી કાપતા તેમા ચાર ચક્ર દેખાય છે, કાટા પાનના સાંધાથી ઉપર એક આંતરે આવેલ છે.

પાનઃ પહોળા, ચળકતા, લીલા કે ઘેરા લીલા રંગના, ટુંકી શાખાઓ પર પાસે -પાસે, છ, ચાર-પાંચ શાખાઓના છેડે ઝુમખામાં નીકળેલા હોય છે, પાનમાં કેટલાક લાંબા કેટલાક ટુંકા તે શિયાળે ખરી ઉનાળે ફરી નવા આવે છે.

ફૂલઃ લીલાશ પડતા પીળા કે ધોળા મધુરી સુગંધવાળા હોય છે.

ફળઃ સોગઠા જેવા કાચા હોય ત્યારે લીસા, ચળકતા અને લીલા રંગનાં હોય છે, પાકે ત્યારે પીળા કે રતાશ પડતા ભુરા હોય છે, બીજ રતાશ પડતા ભુરા રંગનાં હોય છે.

**ઉપયોગઃ**

છાલઃ સંધિવાના સાંધા ઉપર, પીડાહારક, ખીલમાં, મૂળની છાલ જંતુનાશક અને હાડકાના દુખાવામાં.

ફળઃ આગંતુક ઉદરશુળમાં, શીઘ્રપ્રસવ માટે સ્ત્રીની યોનીને મીંઢળની ધ્રુણી આપવી, આધાશીશી, કફ્દોષમાં, મીંઢળનુ ચૂર્ણ સિંઘવામાં આપવાથી ઉલટી દવારા કફ બહાર નીકળે છે, મીંઢળ, અનાજ સુરક્ષા માટે અનાજની કોઠીમાં વચ્ચે થોડાક સુકા મીંઢળ રાખી દેવા. રક્તપિત, ઝાડા કે પેશાબ વાટે લોહી જતુ હોય તો મીંઢળના બીજ દૂધમાં પકાવી પછી તે દુધમાં ચોખા નાખી રાબ બનાવી પીવુ. ચહેરાના ખીલમાં મીંઢળ પાણીમાં ઘસીને રોજ ખીલ પર લગાવવુ. વંધત્વમાં મીંઢળના બીજનું ચૂર્ણ ગ્રામ જેટલુ લઈ. તે સાકર અને કેસર નાખી ગરમ કરેલા દુધમાં નાખી પીય જવુ.

**ફૂલઃ** જુલાઈ-સપ્ટેમ્બર. **ફળઃ** સેપ્બર-ડિસેમ્બર.

**જોવા મળતા પ્રદેશોઃ**

ગુજરાતઃ સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાત.

ભારતઃ ગુજરાત, જમ્મુ, સિક્કીમ, છતીસગઢ, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન.

વિશ્વઃ ભારત, હિમાલય, મ્યાનમાર, શ્રીલંકા, દક્ષિણ જાવા, સુમાત્રા, ચીન અને આફ્રિકા.

**વૃક્ષ ઉછેરની રીતઃ** બીજ અને રોપથી.

**નામઃ**

**ગુજરાતીઃ મીઠો સરગવો, સરગવો**

**શાસ્ત્રીયઃ *Moringa oleifera***



# ૭૯. મીઠો સરગવો

**વર્ગ:** **Moringaceae**

**વર્ણન:** ૮ થી ૧૦ મીટર ઉંચા થાય છે.

લાકડું: લાકડું પોચુ, હલકુ, ધોળુ કે ફીકા ભૂરા રંગનુ બટકણુ હોય છે.

શાખા: ઝાડી, થોડી નાની ભૂરા કે ભસ્મી રંગની, કોમળ શાખાઓનો રંગ રતાશ કે પીળાશ પડતો ભૂરા તે પર વખતે રજ, રૂવાટી કે સુક્ષ્મ દાણા જેવા છાંટણા હોય છે.

છાલ: છાલ ઝાડી, પોચી તે પર ઉંડા ચીરા પડેલા હોય છે.

પાન: લાંબા, લીમડાના પાનની પેઠે સળી પર ત્રિભગ્ન હોય છે, જે શિયાળે ખરી જાય છે.

ફૂલ: પીળાશ પડતા, લાલજાંચવાળા, ધોળા રંગના હોય છે.

ફળ: લાંબી, નળાકાર શીંગો, કાચી હોય ત્યારે લીલી અને પાકે ત્યારે ભૂખરા પીળાશ પડતા રંગની, બીજ લીલાશ પડતા પીળારંગના, તેના પર ત્રણ પાતળા છેડા હોય છે. શીંગમા એકબીજાના છેડા ઉપર તળે આવી થોડા દબાયેલા હોય છે, બીજ નરમ અને પોચા હોય છે.

**ઉપયોગ:**

છાલ: ગરમ છે. વાના સોજામાં, વાચે જલાયેલા ભાગ પર લગાડવાથી ફોલા ઉઠે છે, ચટાઈ, કાગળ કે દોરડા બનાવવામાં, યકૃતોદર અને પ્લીહોદરમાં, પિતનો સ્ત્રાવ વધારે, પેશાબમાં પડતી રેતીમાં, વાળામાં, બરોલમાં, કળતા દાંત અને અવાળુ બેસારવામાં, ઘોડાઓની ખસ ઉપર લગાડવામાં.

મૂળ: પેશાબ વધારવામાં, મૂળીયાનું ચૂર્ણ ૧ થી ૩ વાલ સૂધી લક્વો, તાવ, વાઈ તથા હિસ્ટીરીયામાં, શિરોવિરેચનમાં, છાલ પાણીમાં વાટીને 'કેન્થારીડીસ' દવાની જગ્યાએ વપરાય છે.

ગુંદર: દુખતી ડાઢમાં રખાય છે, કર્ણશૂલમાં, ગુંદરને દૂધમા વાટી માથા પર ચોપડવાથ માથાનો દુખાવો મટે છે.

પાન: શાક, કઢી વા વાળા દર્દીને ખવરાવાય છે. સંધિવાના સોજામાં, વાના દુ:ખાવામાં કુતરાના કરડવા ઉપર અને ચારામાં વપરાય છે.

ફૂલ: ફૂલનુ શાક થાય છે. કઢીમાં નખાય છે. ગુણ પાન અને શીંગ જેવા જ છે. ફુલ ગરમ, તીખા અને કૃમિનો નાશ કરનાર છે, ફૂલથી શરદીના દર્દ મટે. સોજા ઉતરે અને પાચન શકિત વધે.

ફળ: શાક, કઢી બને છે. શાક સંધિવા, જળોદર, અર્જીણ અને આફરામા ગુણકારી છે. બીજમાથી નીકળતા ઓઈલને 'બર્નઓઈલ' કહે છે. બી મરી સાથે વાટી સુંઘવાથી છીંકો આવે છે તે માથાના રોગને મટાડે છે.

**ફૂલ:** જાન્યુઆરી - ફેબ્રુઆરી. **ફળ:** એપ્રિલ - જૂન.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત.

ભારત: ગુજરાત, બંગાળ, આન્દામાન, હિમાલય, ઉત્તર પ્રદેશ,મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને જમ્મુ કાશ્મીર.

વિશ્વ: ભારત, બાંગ્લાદેશ, મ્યાનમાર, ફીલીપાઈન્સ અને પાકીસ્તાન.

**વૃક્ષ ઉછેરની રીત:** કટીંગ, કલમ અને બીજથી.

નામઃ
ગુજરાતીઃ મોરઢુંઢીયુ, મરૂઢ, કોલૈ, કુન્ડાલી, વેલાન્ટરો
હિન્દીઃ ખેરી, વરતુલી • મરાઠીઃ સિગમ, કાટી
શાસ્ત્રીયઃ *Dichrostachys cinerea*



# ૮૦. મોરઢુંઢીયુ

**વર્ગ:** **Fabaceae/Leguminosae**

**વર્ણન:** ૬ મીટર ઉંચુ વૃક્ષ થાય છે.

થડ: છાલ પર ભુરારંગની રૂંવાટી આવેલ હોય છે. અંદરની છાલ લીલાશ પડતા પીળા રંગની મજબુત રેસાવાળી હોય છે. છાલની વાસ ખરાબ અને સ્વાદ તુરો હોય છે.

શાખા: ચારેતરફ ફેલાતી કેટલીક શાખા નીકળેલી હોય છે. નાની શાખાઓના છેડા લાંબા તીક્ષ્ણ કાંટા જેવા હોય છે.

પાન: સુક્ષ્મદળ વાળા ખેર કે ગોરડનાં પાન જેવા જ હોવાથી ઝાડનો દેખાવ હરમો/ગોરડ કે ખેર બાવળ જેવો લાગે છે.

ફૂલ: ફૂલની કલગી પાછળના ભાગના ગુલાબી કે જાંબુડા રંગની આાગળના ભાગમાં પીળા રંગની હોય છે.

ફળ: શીંગો પાતળી અને આડી અવળી વળેલી હોય છે. કોમળ ભાગ પર ભુરાવાળની રૂંવાટી ગીચોગીચ આવેલી હોય છે.

**ઉપયોગ:**

લાકડું: કઠણ હોવાથી ઢોરને બાંધવાના અને તંબુ ખોડવાના ખીલાઓ બનાવવામાં, ખેત ઓજારના હાથાઓ બનાવવામાં.

થડ: રસવીકાર, સંધિવાના સોજા પર અને દોરી બનાવવામાં.

પાન: ગડગુંબડા તથા આંખના દુઃખાવા પર બાંધવામાં. પાન ચણા સાથે ઘોડાને આપવાથી ઘોડાના પેટમાં જીવાંત હોય તે નીકળી જાય છે. પાન, ફૂલ, શીંગો, લાખ અને કોમળ શાખાઓ ચામડા રંગવામાં.

**ફૂલ:** જુલાઈ- ડીસેમ્બર. **ફળ:** જાન્યુઆરી-જૂન.

**જોવા મળતા પ્રદેશ:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાત.

ભારત: ગુજરાત, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર.

વિશ્વ: ભારત, ઉ. આફ્રિકા, દ. થાઈલેન્ડ, મલેશીયા, ઉ. ઓસ્ટ્રેલિયા અને દ. અમેરીકા.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**"વૃક્ષ કાપીને માનવ બને છે પાપી,**
**તેણે વૃક્ષની મહાનતા નથી માપી."**

**નામઃ**
**ગુજરાતીઃ મોટી આવળ, મીઢીં, ઝાડ આવળ**
**મરાઠીઃ ડોમરી, મોઠીતરવડ**
**શાસ્ત્રીયઃ *Cassia montana***





# ૮૧. મોટી આવળ

**વર્ગ:** **Fabaceae/Leguminosae**

**વર્ણન:** ૩ થી ૫ મીટરનું થતુ નાનુ વૃક્ષ છે.

શાખા: સીધી, નાની, વળી જેવી અને ભસ્મી રંગની હોય છે. તેના ઉપરની છાલ સુકાયા પછી ઝડપ્રી ઉખડી પડે. કોમળ શાખાઓ સુકાય ત્યારે ભુરાશ પડતા ધોળા રંગની થઈ જાય છે.

પાન: આંતરે આવેલા, સુક્ષ્મ પાનની પ્રથમની બે ત્રણ જોડીની વચમાં ઉભી એક રસ કુપી હોય છે. પાન આઠ થી બાર આવેલા હોય છે, પાનની જોડી તળીયેથી ઉપર જતા ઉતરોત્તર જરા મોટી થતી હોય છે. પાન લંબગોળ હોય છે. પાનની મુખ્ય ડીટડીના થડમાં બંને બાજુ એક સુક્ષ્મ ઝીણુ ઉપપાન હોય છે.

ફૂલ: શાખાઓના છેડા પાસે ઘણુકરી પત્રકોણમાથી ફૂલના ગુચ્છા નીકળેલા હોય છે જે ફીકાશ પડતા પીળા રંગના હોય છે.

ફળ: શીંગો લાંબી ચપટી ૩" થી ૬" લાંબી પ્રથમ ભુરાવાળની રૂંવાટી હોય છે. પાછળથી ખરી જાય છે, સુકાય પછી કાળા રંગની થાય છે.

**ઉપયોગ:**

લાકડુ: સાધરણ ઘરનુ વેરણ, બાંધકામ તેમજ બળતણ તરીકે સારા ગણાય છે.

મુળ: પાણીમાં ઘસીને વીંછી અને ઝેરી જનાવરોના ડંખ ઉપર ચોપડવામાં આવે છે.

છાલ: છાલનો ઉકાળો ગળતા કોઢ ઉપર આપવામાં આવે છે.

પાન: પાનની લેપડી ગડગુંબડા ઉપર મુકવામાં. આવળના પાનની માફક રંગકામમાં. સુકા પાન ઢોરના ચારામાં વપરાય છે.

**ફૂલ:** જુલાઈ - ઓક્ટોબર. **ફળ:** શિયાળામા.

**જોવા મળતા પ્રદેશ:**

ગુજરાત: સૌરાષ્ટ્ર (જુનાગઢ, બરડા).

ભારત: ગુજરાત અને મહારાષ્ટ્ર.

વિશ્વ: ભારત.

**વૃક્ષ ઉછેરની રીત:** રોપ અને બીજથી.

**નામઃ**

**ગુજરાતીઃ રગતરોહીડો, રોહીડો, રાકતા, લોહેરો**

**હિન્દીઃ રોહેડા, રકતરોરા • મરાઠીઃ રગતરોહીડા**

**સંસ્કૃતઃ રોહતીક, દાડમીપુષ્પ, દાડમીછદ**

**શાસ્ત્રીયઃ *Tecomella undulata***





# ૮૨. રગતરોહીડો

**વર્ગઃ** **Bignoniaceae**

**વર્ણનઃ** ૫ થી ૭ મી.નુ ઉંચુ થતુ નાનુ વૃક્ષ છે.

શાખાઃ ઝાડી શાખાઓ થોડી, ઝીણી ઝીણી શાખાઓ વધારે જોવા મળે છે, શાખાઓ સીધી ઉંચી ચઢતી, ભસ્મી રંગની, ખરબચડી, નાની શાખાઓ નીચે ઝુકેલી ભુરાશ લેતા રાતા રંગની હોય છે.

પાનઃ લાંબા દાડમીના પાન જેવા સામ-સામે આવેલા હોય છે. કોઈ વાર આંતરે આવેલા હોય. કોર પર મોજા કે લહેરીયા હોય છે અને ટેરવે બુઠા હોય છે.

ફૂલઃ શાખાના છેડે કેસરીયા રંગના ફૂલોના ગુચ્છા આવે છે. સહેજ મધુરી સુગંધ હોય છે.

ફળઃ શીંગો ૬ થી ૮ ઈંચ લાંબી, જરાવાંક વળતી, ચપટી, વચ્ચોવચ એક નીક હોય છે. તે ભુરા રંગની, લીસી ઉનાળે પાકે છે, શીંગના પડ પાતળા તેમાં ઘણા બીંજ હોય છે, બીજ પાતળા ભુરા કે ધોળા રંગના, પાંખ સાકડી અને ટેરવે ગોળાઈ લેતા હોય છે.

**ઉપયોગઃ**

લાકડુઃ કઠણ, ખેતીના ઓઝારો બનાવવાના કામમાં આવે છે.

મુળ/ઃ છાલનો ઉકાળો દુધ સાથે મુંઢ ઘા, હાડકાની ઈજાવાળાને પીવામાં.

છાલઃ ભુકી સંધીવા, ક્ષયરોગ, અશક્તિમાં દુધમાં ઉકાળી પવાય, દમ અને વિસ્ફોટકના દર્દીને અપાય, છાલ પાણીમાં ઘસીને ચોપડવામાં આવે છે.

પાનઃ પાનનો કાઢો દુધ સાથે સુવાવડ પછી સ્ત્રીનું શરીર જલાયુ હોય ત્યારે, આંતરડાનો જુનો રોગ હોય ત્યારે, હરસમાં, મુંજારો અને કોઈપણ રોગમાં શરીર તવાય નબળુ થઈ ગયુ હોય તે ઉપર પાનનો ઉકાળો, છાલ કે ભુકી અપાય છે. રગતરોહીડો, બરલ, મુંજારો, ગુલમ, ઉદર રોગ, કૃમી, ગુમડા, નેત્રના રોગ, કાનના રોગ, મેદરોગ, શુળ, આફરો એ સર્વ રોગને મટાડે છે અને વિષ ને ટાળે છે.

**ફૂલઃ** ડિસેમ્બર-એપ્રિલ. **ફળ :** ફેબ્રુઆરી-એપ્રિલ.

**જોવા મળતા પ્રદેશોઃ**

ગુજરાતઃ રાજપીપળા, કચ્છ, ઉ. ગુજરાત અને સૌરાષ્ટ્ર.

ભારતઃ ગુજરાત, પંજાબ, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશ.

વિશ્વઃ ભારત, પાકીસ્તાન અને અરબ્યા.

**વૃક્ષ ઉછેરની રીતઃ** બીજ અને રોપથી.

**નામઃ**
**ગુજરાતીઃ રોણ, રોચન, રોહન, રોહણી**
**હિન્દીઃ રોહન • મરાઠીઃ રુહીણ, પોટાર**
**સંસ્કૃતઃ રોહણી**
**શાસ્ત્રીયઃ *Soymida febrifuga***







# ૮૩. રોયણ

**વર્ગ:** Meliaceae

**વર્ણન:** ૫ થી ૧૫ મીટર ઉંચા વૃક્ષ થાય છે.

થડ: લાંબુ, સીધુ અને ગોળ હોય છે. ઘાટુ ભૂખરૂ દેખાય છે.

શાખા: ટુંકી ટુંકી હોય છે. ડાંડીનુ લાકડું રાતશ પડતુ, પોચી, અંદરની રાતી, વાસ કડવી, સ્વાદ તૂરો અને કડવો, શાખાની છાલભૂરા ધોળા રંગની તે પર અનિયમીત સુક્ષ્મ છાંટણા હોય છે.

પાન: લીંમડાના પાનની જેમ લાંબી સળી પર આવેલા ૬ થી ૨૦ પાન સામ-સામા જોડીમાં, આંતરે આવેલા શાખાઓના છેડે ક્રીમ રંગના હોય છે, ડીટડી રાતારંગની હોય છે, ઉપરની સપાટી પીળાશ પડતા લીલા કે ઘેરાલીલા રંગની, સપાટી ફીકી ધોળા રંગની, કોમળ પાદડા રાતા રંગના હોય છે, ટેરવા અંદરબેસતા બુઠા હોય છે, પાન લંબગોળ હોય છે.

ફૂલ: હોળીમાં આવે છે, જે આંબાના મોરની પેઠે સુક્ષ્મ હોય છે.

ફળ: મૃદગાકૃતિના, રાતારંગના ચોમાસાના અંતમા પાકે. ફળ વચ્ચેથી પહોળા, બન્ને છેડે સાંકડા થતા, લીસા, ચળકતા પીળાશ પડતા, લીલા રંગના, સૂકાય ત્યારે કાળા રંગના, ફળની બહાર પાંચ ઉભી નીક હોય છે. ફળ પાકયા પછી તેમાંથી બીજ બહાર આવે. બીજની અંદરનો ભાગ ધોળો, વાસ સફરજન જેવી, સ્વાદ કડવો, બીજની ઉપર કરોળીયાના પડની જેવુ ધોળુ પડ હોય છે.

**ઉપયોગ:**

લાકડુ: ફર્નિચર બનાવવામાં, ટકાઉ અને મજબુત હોય છે. નાના ઓજારો, ખાટલાના પાયા, વરોણના વળા, કુબાના થાંભલા અને પરચૂરણ સામાન બનાવવામાં, લાકડાનો સાર રતાશ પડતા કાળારંગનો, તેમાથી નાના ડબા અને પેટીઓ બનાવવામાં આવે છે.

છાલ: સંગ્રહણી, ઝાડા અને તાવમાં, મોઢુ પાકયુ હોય ત્યારે, ભારે રોણની છાલના ઉકાળીને કોગળા કરવામાં, સંધિવા, નબળાઈ, રંગકામમાં, દોરડા, ખાટલાનુ વાણ બનાવવામાં.

પાન: પાનને ગરમ કરી સંધિવાના સોજા પર બાંધવામાં, પાન ઢોરનો ચારો.

ફૂલ: ફૂલનો ગુલકંદ સંગ્રહણી અને લોહીવાળા દુત્તા મસા પર ખવરાવવામાં, ફૂલ મરી અને મીઠા સાથે અજીર્ણ અને તાવ ઉપર પવાય.

ગુંદર: લીંમડાના ગુંદરની જગ્યાએ વપરાય છે. રોણ ટાઢી, કૃમિ, વાત, ઉધરસ, દમ અને સર્વ રોગને મટાડે છે. પુષ્ટિ કરે અને કંઠને સાફ કરે છે.

**ફૂલ:** જાન્યુઆરી-માર્ચ. **ફળ:** મે-ઓગષ્ટ.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર.

ભારત: તામિલનાડુ, ગુજરાત, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, બિહાર, ઓરીસા, આંધ્ર પ્રદેશ, કર્ણાટક, કેરાલા, રાજસ્થાન અને મધ્ય પ્રદેશ.

વિશ્વ: ભારત અને શ્રીલંકા.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**નામઃ**

**ગુજરાતીઃ રાયણ, રાન, રાનકોકડી**

**હિન્દીઃ ખીરી, ખીરની, રાંજન • મરાઠીઃ રાયન, રાંજન, ખીરણી**

**સંસ્કૃતઃ રાજાદની, ક્ષીરણી**

**શાસ્ત્રીયઃ** ***Manilkara hexandra***





## ૮૪ રાયણ

**વર્ગ:** **Sapotaceae**

**વર્ણન:** ૧૦ થી ૧૫ મીટર ઉંચુ વૃક્ષ થાય છે.

થડ: ઝાડાં, વાંકાચુકુ અને ગાઠા ગડબાઓવાળુ, છાલ રાતાશ પડતી ભૂરા રંગની, ખરબચડી અને અંદરની છાલ લીલી, રાતા રંગની હોય છે, તે પોચી, બટકણી, સ્વાદે તૂરી અને કડવી હોય છે.

શાખા: ગાઠા ગડબાઓવાળી ઘણી નીકળેલી હોય છે.

પાન: નેવરીના પાનને મળતા લીસા, ચળકતા, બહુધા શાખાઓના છેડે પાસે-પાસે આવેલા હોય છે.

ફૂલ: ધોળા રંગના હોય છે.

ફળ: કાચા હોય ત્યારે લીલા અને પાકે ત્યારે પીળા લંબગોળ હોય છે, સૂકા ફળને રાણકોકડી કહે છે. ઝાડ ને જખ્મી કરતા તેમાથી દૂધ જેવુ પ્રવાહી નીકળે છે, જે થોડીવારમાં ચીકણુ થઈ તેના તાર બંધાય જાય છે, કોઈવાર ચોમાસે/ શિયાળે બે વાર ફાલ આવે છે, ચોમાસાનો ફાલ કાચોજ ખરીજાય છે, મોટ ઝાડમાંથી ક્યારેક રતાશ પડતો ગુંદર નીકળતો જોવા મળે છે.

**ઉપયોગ:**

લાકડું: મજબુત, તેલ પીલવાની ઘાણી, શેરડી પીલવાના શીશોડામાં, ખત્રી, ભાવસાર અને ધોબી લોકો કપડાની કુંદી કરવાનો મોદારો આડી રાણ લાકડાના બનાવે છે, કપાસીયા કાઢવાના લાઠીયા બનાવામાં, લાકડી, ખેતીના ઓજારો, કરવામા માંચ ઉતારવામાં, છાલ ગ્રાહી છે, તે વાટી લગાવાથી ગુંબડા મટે છે.

પાન: ઢોરનો ચારામા, પાન ગ્રાહી છે.

ફૂલ: પૌષ્ટિક છે.

ફળ: બીજ ઝેરી જનાવરોના ડંખ ઉપર ચોપડવામા, ફળનું દુધ ડાઢ દુખતી હોય, સુકવી મેવા તરીકે, ધ્રાતગૃષ્ટિ કરે છે, ગરમીને ટાળે છે, ભારે, તૃપ્તિ કરે છે, શરીરને સ્થૂળ કરે છે, હૃદય સ્નિગ્ધ કરે છે, પ્રમેહ, તરસ, મૂર્છા, મદ, ભ્રમ, ક્ષય, ત્રિદોષ, રક્તવિકાર એ સર્વે રોગને મટાડે છે, બીનું તેલ ખાવામાં, દીવે બાળવામાં, ઠળીયો ઘસી ચોપડવાથી વીછીંનું ઝેર ઉતરી જાય છે.

**ફૂલ:** જૂન-ફેબ્રુઆરી. **ફળ:** માર્ચ-મે.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાત.


ભારત: ગુજરાત, મહારાષ્ટ્ર, પુના, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન.

વિશ્વ: ભારત અને શ્રીલંકા.


**વૃક્ષ ઉછેરની રીત:** બીજ, રોપ અને કટીંગથી.

**નામઃ**
**ગુજરાતીઃ રૂખડો, ઘેલુઝાડ, ગોરખ આંબલી, ચોર આંબલી**
**હિન્દીઃ ગોરખ ઇમલી • મરાઠીઃ ગોરખચીંચ**
**સંસ્કૃતઃ મહાવૃક્ષ, પંચપર્ણી, કલ્પવૃક્ષ, ગોરક્ષી**
**શાસ્ત્રીયઃ *Adasonia digitata***









# ૮૫. રુખડો

**વર્ગઃ** **Bombacaceae**

**વર્ણનઃ** ૧૦ થી ૨૦ મી. ઉંચા વૃક્ષ થાય છે.

થડ: પીરામીડ આકારનું અંદરથી પોલુ, લીસુ, સહેજ ચળકતી છાલ ધરાવતુ ખૂબ જાડુ, થોડી ઉંચાઈ પર જતા સાકડુ થઈ જાય છે. છાલમાંથી ધોળો ગુંદર નીકળે છે. વર્ષમાં લગભગ પાન વગર રહે છે,

શાખા: ચારેતરફ ફેલાયેલી હોય છે. સારા ઘેરાવાવાળુ હોય છે.

પાન: મુખ્ય ડીંટડી પર પાંચ-પાંચ પાન ભેગા આવે છે, તે શિયાળે ખરી જાય.

ફૂલ: સફેદ રંગના મોટા ફૂલો આવે છે. પુષ્પધારણ કરનારી સળી લાંબી અને જાડી હોય છે. ફૂલને “સંપુડી” કહે અને તે રાત્રીના જ ખીલે છે.

ફળ: લંબગોળ, સપાટી પર ભૂરાવાળની રૂવાટી હોય છે. ફળમાં ખટાશલેતો તૂરો ગળ હોય છે. ઘણા બીજ આવેલા હોય છે.

**ઉપયોગઃ**

છાલ: છાલમાંથી “એડિનસોનીસ” નામનુ કડવુ તત્વ ઉકાળી એંકાતરા આવતા તાવમાં, દોરી દોરડા બનાવવામાં, છાલમાંથી નીકળતો ગુંદર મોઢુ પાક્યુ હોય ત્યારે મોઢામાં રાખવાથી રાહત થાય. છાલની પોટીસ ગડગુંબડા ઉપર બાંધવામાં આવે છે.

પાન: વન્યપ્રાણી ખાય છે. ઢોરનો ચારો છે.

ફૂલ: રાત્રી દરમ્યાન પક્ષીઓ દ્વારા પરાગ નયન પામે છે.

ફળ: ઝાડા, વ્યાધીમાં કામ આવે છે. ગર ચર્મરોગમાં ઉપયોગી છે. ફળના ગર્ભનુ શરબત દવામાં વપરાય છે.

**ફૂલઃ** એપ્રિલ-મેં. **ફળઃ** જુલાઈ-ડિસેમ્બર.

**જોવા મળતા પ્રદેશોઃ**

ગુજરાત: સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાત.

ભારત: ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, આંધ્ર પ્રદેશ, કર્ણાટક અને તામિલનાડુ.

વિશ્વ: ભારત, શ્રીલંકા અને આફ્રીકા.

**વૃક્ષ ઉછેરની રીતઃ** બીજ અને રોપથી.

**“બોડા ડુંગરો, આપણા અવિચારી કૃત્યની નિશાની છે.”**

**નામઃ**

**ગુજરાતીઃ રામફળ**


**હિન્દીઃ રામફલ, લવનીનૌના**

**સંસ્કૃતઃ રામફલમ, અગ્રિમા, લવની • અંગ્રેજીઃ Bullock's heart**

**શાસ્ત્રીયઃ *Annona raticulata***









## ૮૬. રામફળ

**વર્ગ:** **Annonaceae**

**વર્ણન:** ઘણા નાના વૃક્ષ થાય છે.

પાન: અશોકના પાન જેવા લાંબા, ૫ થી ૮ ઈંચ લાંબા અને ૧/૨ થી ૨ ઈંચ પહોળા હોય છે. તાજા પાનમાંથી ગળી જેવો રંગ નીકળે છે.

ફળ: સીતાફળ જેવુ જ, અનેક પીળા બીયાવાળુ પણ કદમાં સીતાફળ કરતા મોટુ, ગોળાકાર, રાતા-પીળા રંગનું, તેમા સીતાફળમાં થાય તેવા બીયા પણ પીળા રંગના અને કારેલાના બીજ જેવા થાય છે. સ્વાદ સીતાફળને મળતો તેથી ઓછો મધુર અને ગુણે ઓછા ઠંડા હોય છે.

**ઉપયોગ:**

મૂળ: વાઈ (ફેફરુ,અપસ્માર), પેટના કૃમિમાં ઉકાળો રોજ પીવો.

છાલ: ઝાડા, મરડામાં છાલનું ચૂર્ણ ૫ ગ્રામ પાણી સાથે લેવુ.

ફળ: તૃષા, અરૂચિ, શ્રમ અને થાકમાં તાજુ ફળ ખવાય છે. ફળ મધૂર, ખાટુ, તુરુ, સંકોચક, રકતદોષહર, કફ, વાતદોષવર્ધક, ગ્રાહી, પિત, શ્રમ, કૃમિ, મરડો અને વાઈ મટાડે છે. આથી વધુ ખવાય તો ભૂખ ઓછી કરે છે.

**"સૃષ્ટિ અને વૃષ્ટિ, વૃક્ષોથી રીજે**
**વૃક્ષ છેદાતાં બંને ખીજે."**

**નામઃ**

**ગુજરાતીઃ લોદરી**

**હિન્દીઃ કઇ • મરાઠીઃ અતરન**

**શાસ્ત્રીયઃ *Flacourtia indica***





# ૮૭. લોદરી

**વર્ગ:** **Flacourtiaceae**

**વર્ણન:** ૫ થી ૮ મીટર ઉંચા વૃક્ષ થાય છે.

થડ: ભુખરા રંગનું થાય છે.

શાખા: નાની નાની ઘણી શાખાઓ નીકળે, તેમા તીક્ષ્ણ અણીવાળા લાંબા કાંટા હોય છે.

પાન: આંતરે આવેલા, ઝાડા, લીસા કે ચળકતા અને કોર પર કાંગરી વાળા, ડીટડી તરફ સાંકડા થતા અને ટેરવા તરફ પહોળા, ટેરવુ સહેજ સાંકડુ થતુ હોય છે. ટેરવુ ગોળાઈ લેતુ અંદર બેસતી આંચ કે અણીવાળા હોય છે.

ફૂલ: નર અને માદા અલગ અલગ ઝાડ પર આવે છે.

નર ફૂલ: પુ. બા. કોષના પત્રો, લીલા ચાર થી પાંચ તે પહોળા, બુઠા તેની અંદર ઘણા પુકેસરોની ગચ્છીઓ ધોળા રંગની આવેલી હોય છે.

માદા ફૂલ: પુ. બા. કોષના પત્રો ગોળાઈ લેતા હોય છે. તેના સ્ત્રીકેસર નલિકાઓ ટુંકી અને મુખના ત્રણ થી ચાર ફાટાઓ દેખાતા હોય છે.

ફળ: પ્રથમ લીલા અને પાકે ત્યારે જાંબુડા રંગના ગોળ, ચણીયા બોર જેવા, અંદરનો માવો પીળાશ પડતા રંગનો હોય છે. બીજ ધોળા રંગના એક છેડે એક અને બીજા છેડે ત્રણ ખાંચ હોય છે.

**ઉપયોગ:**

લાકડુ: મજબુત હોવાથી ખેતીના ઓજારો બનાવવામા વપરાય છે.

મુળ: મુળનો રસ સર્પદંશ ઉપર વાપરવાથી ઝેરનું નીવારણ થાય છે.

છાલ/પાન: ઢોરનો ઘાસચારો, પાનનો ઉકાળો સર્પદંશ ઉપર વાપરવાથી ઝેરનુ નીવારણ કરે છે. પાનની લુગદી મીઠા તેલમા ઉકાળી તેલ સંધિવા અને ચામડીના બીજા દર્દ ઉપર ચોપડવામા આવે છે.

**ફૂલ:** ફેબ્રુઆરી- માર્ચ. **ફળ:** માર્ચ-એપ્રિલ.

**જોવા મળતા પ્રદેશ:**

ગુજરાત: સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત.

ભારત: ગુજરાત.

વિશ્વ: ભારત અને બંગાળ.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**"જયાં વૃક્ષ, ત્યાં જીવન."**

નામઃ

ગુજરાતીઃ વારંગ, મોટી હીરવાણી, લોણી, પોટારી

મરાઠીઃ પોલા, પુલા

શાસ્ત્રીયઃ *Kydia calycina*



# ૮૮. વારંગ

**વર્ગઃ** **Malvaceae**

**વર્ણનઃ** ૧૩ થી ૨૦ મી.ઉંચુ વૃક્ષ થાય છે.

થડઃ ધામણના થડને મળતુ આવે છે.

શાખાઃ ઉપર ચઢતી હોય છે.

પાનઃ ૪ થી ૬ ઈંચ લાંબા, ૩ થી ૫ ઈંચ પહોળા, ગોળાઈ લેતા, તળિયે હદયાકૃતિના, કોર પર ખૂણિયાઓવાળા, ૫ થી ૭ મુખ્ય નસોવાળા તેમની ઉપરની સપાટી લીસી કે આછી રૂંવાટીવાળી અને નીચે રૂછાળથી ગીચ ભરેલ હોય છે.

ફૂલઃ ધોળા ગુલાબી, ફીકા પીળા રંગના ચોમાસામાં આવે છે.

ફળઃ મરી જેવડા, કાચા હોય ત્યારે લીલા અને પાકે ત્યારે રાખોડી રંગના થાય છે.

**ઉપયોગઃ**

મૂળઃ મૂળની છાલનો ઉકાળો પેશાબની બળતરા ઉપર અપાય છે, છાલ દોરી દોરડા બનાવવામાં.

પાનઃ પાન પોટીસની જગ્યાએ વપરાય છે

ફૂલઃ પ્રમેહવાળાને અપાય છે.

ફળઃ કાચા ફળ પ્રમેહવાળાને અપાય છે.

**ફૂલઃ** ઓક્ટોબર-નવેમ્બર. **ફળઃ** નવેમ્બર-જાન્યુઆરી.

**જોવા મળતા પ્રદેશોઃ**

ગુજરાતઃ સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત.

ભારતઃ ગુજરાત.

વિશ્વઃ ભારત.

**વૃક્ષ ઉછેરની રીતઃ** બીજ અને રોપથી.

**"ઉજ્જડ જમીન હવે રહે ના ખાલી,**
**વૃક્ષ વાવીને કરી દો હરિયાલી."**

**નામઃ**

**ગુજરાતીઃ પારૂલ, વોક**

**શાસ્ત્રીયઃ *Stereospermum chelenoides***





# ૮૯. પારૂલ/વોક

**વર્ગ:** **Bignoniaceae**

**વર્ણન:** ૮ થી ૧૩ મી. ઉંચુ વૃક્ષ થાય છે, પાનખર ઝાડ છે.

થડ: રાખોડી કથ્થાઈ રંગની છાલ વાળુ.

પાન: ૧૩-૩૦ સે.મી.લાંબા, એક સળી ઉપર ૯ થી ૧૧ પાન આવે છે, જે સામ-સામે આવેલા, નીચેની ડીંટડી પાસે નાના પાન ઉપર જતા મોટા થતા જાય છે. પાન ડીટડી પાસે સાંકડા, વચ્ચે પહોળા ટોચ પર સાંકડા નાની અણીવાળા અને સૌથી ઉપરનું પાન મોટુ હોય છે.

ફળ: શીંગ ૨૦ થી ૨૩ સે.મી.લાંબી, આછા કથ્થાઈ રંગની, અંદરની સફેદ ક્રીમ પીળા રંગની હોય છે. શીંગ ઝાડ ઉપર જ ખુલ્લી જાય ઉપરની છાલ ઝાડ ઉપર રહે અંદરનો ગોળ ક્રીમ માવો નીચે પડી જાય છે.

**ઉપયોગ:**

**ફૂલ:** માર્ચ-એપ્રિલ. **ફળ :** મે-ઓગસ્ટ.

**જોવા મળતા પ્રદેશ:**

ગુજરાત: દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર.

ભારત: ગુજરાત, રાજસ્થાન, ઈરાન અને કેનેડા.

વિશ્વ: ભારત, શ્રીલંકા અને મ્યાનમાર.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**“પાંદડે પાંદડે પુલકિત થાય મન,**
**ડાળીએ ડાળીએ ડોલે રે પવન,**
**એવા ઉછેરવા મારે લીલાં લીલાં વન.”**

**“ વૃક્ષથી સોહામણા ડુંગરા, વૃક્ષોથી સોહામમણું ગામ,**
**વૃક્ષ લાવે મેહૂલો, વૃક્ષ એક દેવદૂત સમાન.”**

**નામઃ**

**ગુજરાતીઃ વાયવરણા, વાયુવરણો, વર્ણો**
**હિન્દીઃ બરના, વરુન, બિદાસી • મરાઠીઃ હાડવર્ણ**
**સંસ્કૃતઃ વરુણ, તિક્તશાક, અશ્મરીન્ઘ**
**શાસ્ત્રીયઃ *Crataeva religiosa***



# ૯૦. વાયવરણો

**વર્ગ:** **Capparaceae**

**વર્ણન:** ૩ થી ૧૦ મીટરનુ મધ્યમ કદનુ વૃક્ષ થાય છે.

થડ: ભૂરા કે ધોળા રંગના ઉભા ચીરા પડેલા હોય છે.

શાખા: નાની શાખાઓ ઘણી ફેલાતી હોય છે. કોમળ શાખાઓ લીલા કે ભૂરારંગની હોય.

પાન: આંતરે આવેલા ત્રિપર્ણ, બિલીપત્રની માફક ત્રેખડો આવેલા હોય, ત્રણેય પાન અધવચ ઉપરથી સહેજ સાંકડા થતા અને ટેરવે લાંબી અણીવાળા હોય છે.

ફૂલ: શાખાઓના છેડે પ્રથમ ધોળા રંગના, પાછળથી પીળાશ પડતા ભૂરા રંગના થાય છે. પાંખડીઓ લંબગોળ અને ટેરવે બુઠી/અણીદાર હોય છે, તળિયે લાંબી ડાંડી હોય છે.

ફળ: કાચુ હોય ત્યારે ઘેરા લીલુ અને સખત, તે પાકે ત્યારે રાતા રંગનુ નરમ, ચળકતુ, ઉપરની છાલ પાતળી, અંદરછાલ અને માવો કેસરીરંગનો, ફળનો આકાર ગોળ, ડીંટડી સ્લેટપેન જેટલી ઝાડી હોય છે.

**ઉપયોગ:**

લાકડુ: રમકડા બનાવવામાં, આર્યઔષધમાં તથા વરણાની ચાર બનાવટો (૧)વરૂણાદિ ક્વાથ (૨) વરૂણાદિ ચૂર્ણ (૩) વરૂણાદી ધૃત અને (૪) વરૂણાદી તેલમાં ઉપયોગી છે.

મૂળ: ઉકાળો પ્રારી અને રેતીના દર્દ ઉપર.

છાલ: અંગમાં વાયુ ભરાઈ અંગમા વાયુ સ્થિર થયો હોય તેમાં, ત્રિદોષ ગુલ્મમાં, ગડ ગુંબડા ઉપર, ચામડી ઉપરના કાળા ડાઘ દૂર કરવા છાલને દહિમાં ઘસી ચોપડવી.

ડાંડી: કાઢો, પ્રારી અને રેતીના દર્દ ઉપર.

પાન: ઉકાળો અજીર્ણ અને અજીર્ણના ઝાડામાં, ભૂખ વધારવા, તાવની અશક્તિમાં, બરેલની ગાંઠમાં, હાથની હથેળી તળીયા પર પાન થોડીવાર બાંધવામાં/ઘસવાથી હાથ, પગનો દાહ ઓછો થાય છે. મરકીની ગાંઠમાં, ઉદરરોગમાં, નાકનુ હાડકુ ચડે ત્યારે પાનની બીડીનો ધુમાડો દેવાથી નાક સ્વચ્છ થાય. તેનો ઉકાળો મધ સાથે લેવાથી ગંડમાળ બેસી રૂજાય છે. પાનનો ભૂકો, વિષમજવરમાં, બેભાનવસ્થામાં વાયવરણાના પાંદડા વાટી સાધારણ ગરમ કરી તેનો પાટો માથા ઉપર બાંધવો.

ફૂલ: સુકા ફૂલનો ઉકાળો મધની સાથે લોહીવિકારના દર્દમાં, ફૂલ તુરા અને ગ્રાહી છે. જે રક્તવિકારને ટાળે છે.

ફળ: કાચા ફળ ગડ ગુંબડામાં, દસ્તલાવે, કફને મટાડે છે. ફળો સ્નિગ્ધ, સારક, ગુરૂ, સ્વાદુ, ઉષ્ણ અને પાક કાળે મધુર છે, તે વાયુ, કફ તથા પિતનો નાશ કરે છે. તાવ, વ્રણશોથ, ગડગૂમડ, મંદાગ્નિ, શૂળ અને નબળાઈ દૂર કરે છે. વાયવર્ણો વાતહરતા છે. જે તીખો, ઉષ્ણ, સ્નિગ્ધ, દીપન, મધુર, કડવો, લઘ, પિતલ તથા ભેદક છે અને વિદ્રધિ, વાયુ, કફ, વા, અશ્મરી, પાણવી, મૂત્રકૃચ્છ, વાતરક્ત, ગુલ્મ, લોહીવિકાર, કૃમિ, માથાના રોગ, મૂત્રાઘાત, છાતીના રોગ, યોનીશૂળ એ સર્વ રોગને મટાડે છે.

**ફૂલ:** માર્ચ - જૂન. **ફળ:** મે - સપ્ટેમ્બર.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અનુ ઉત્તર ગુજરાત.

ભારત: ગુજરાત, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મણીપુર.

વિશ્વ: ભારત, બાંગ્લાદેશ, મ્યાનમાર, ચીન, શ્રીલંકા, મલેશીયા અને ઈન્ડોનેશીયા

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**નામઃ**
**ગુજરાતીઃ વઢવારડી, વેઢીગાળો**
**હિન્દીઃ ચમરાર • મરાઠીઃ દાત્રાંગ**
**સંસ્કૃતઃ ક્લેશકારીક**
**શાસ્ત્રીયઃ *Ehretia laevis***





# ૯૧. વઢવેડીયો

**વર્ગ:** **Boraginaceae**

**વર્ણન:** ૫ થી ૧૨ મીટરનું વૃક્ષ થાય છે.

થડ: રાખોડી રંગનું, છાલ રેલાવાળી, ચીવટ અને મજબુત, લાકડું કઠણ હોય છે.

શાખા: નાની ઘણી નીકળેલી હોય છે, લીલા રંગની તેના ઉપર ભૂરા કે તપખીરીયા રંગની રૂછાળ અને રજ આવેલ હોય છે.

પાન: આંતરે આવેલા, ડીંટડી પાસે સાકડા, વિષમ કોરવાળા ઉપર જતા ટેરવા પાસે પહોળા હોય છે. ટેરવા ગોળાઈ લેતા બુઠી અણી/અંદર બેસતી ખાંચવાળા હોય છે.

ફૂલ: ફીકા, જાંબુડી રંગના ઝુમખીમાં હોય છે.

ફળ: ગોળ, મરીના દાણા જેવડા હોય છે.

**ઉપયોગ:**

લાકડું: મજબુત અને ટકાઉ હોવાથી ખેતીના ઓજારોમાં, ઘરના વરણ બનાવવામાં, લાકડું ઘરમાં રાખવાથી ઝઘડો થાય તેવી માન્યતા છે.

મૂળ: છાલનો ઉકાળો સંધિવા અને વિસ્ફોટકમાં.

છાલ: અંતરછાલમાંથી રેસા નીકળે તે દોરી બનાવવાના કામમાં આવે છે.

પાન: ઉકાળો સાકર સાથે પ્રમેહવાળાને પાય છે. ઢોરના ચારામાં.

ફૂલ: રંગકામમાં કામ આવે, છોકરાઓ અને પક્ષીઓ ખાય છે.

**ફૂલ/ફળ:** ડિસેમ્બર-મે.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાત.

ભારત: ગુજરાત, નાગપુર, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન.

વિશ્વ: ભારત, ચીન અને ઓસ્ટ્રેલીયા.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**નામઃ**
**ગુજરાતીઃ વીકળો, વીકો, વીગો, બાયકલ**
**હિન્દીઃ વીકલો, કીંગના • મરાઠીઃ ચેકર, ચેકક**
**સંસ્કૃતઃ વૈકંકત, વિકંકત**
**શાસ્ત્રીયઃ *Maytenus senegalensis***



## ૯૨. વીકળો

**વર્ગ:** **Celastraceae**

**વર્ણન:** ૬ થી ૧૯ ફુટનું થતુ નાનુ વૃક્ષ છે.

થડ: ભૂરા રંગનું, છાલ પર ઉભા અને આડા ચીરા પડેલા હોય છે. થડ પાતળુ હોય છે.

શાખા: પેન્સીલ જેવી ઝાડી તેના પર કાંટા. કોમળ હોય ત્યાં સુધી તેનો કલર પીળાશ પડતો લીલો/જાંબુડી, પછી ભૂરો થઈ જાય છે.

પાન: આંતરે આવેલા કોઈવાર કાંટા અને ડાળો પર એક જ જગ્યાએથી ઘણા પાન પાસે નીકળેલા હોય છે, મથાળે પહોળા, ડીટડી તરફ સાકડા થતા, ટેરવા પહોળા અને અંદર બેસતી ખાંચવાળા, કોર કાંગરીદાર હોય છે. બંને સપાટીએ લીસા એકસરખા ફીકા લીલા રંગના હોય છે.

ફૂલ: કાંટાઓ ઉપર/પત્રકોણમાંથી સુક્ષ્મ ફૂલોની નાની ઝુમખીઓ નીકળે છે. જે પીળાશ પડતા લીલા/જાંબુડી રંગની હોય છે.

ફળ: પ્રથમ પીળાશ પડતા લીલા કે જાંબુડી રંગના અને પાછળથી કાળાશ પડતા રંગના, મરીના દાણા જેવા અને તેવા આકારના, પાકે ત્યારે માલકાંકણાની પેઠે ચીરાયને તેની બે ત્રણ ફાંક નીચીવળી જાય છે, તેમાં લીલાશ પડતા પીળા રંગનો માવો અને બે થી ત્રણ બીજ હોય છે. સ્વાદ તેલીયો, તૂરો અને પાછળથી કડવો લાગે છે.

**ઉપયોગ:**

લાકડુ: લાકડી બનાવે છે. લાકડુ સુંઠની સાથે ઘસીને સોજા, વીકાર તથા ગડગુંબડા પર ચોપડાય છે.

મૂળ: પાણીમાં ઘસીને વીછીંના ડંખ ઉપર ચોપડવામાં, સંધિવા અને વાળાના સોજા પર તેનો લેપ કરવામાં, મૂળની છાલ પાણીમાં ઘસીને આધાશીશી પર ચોપડવામાં, છાલને લસોટી રાયના તેલમા મેળવી માથે લગાવવાથી ઝુ નો નાશ થાય છે.

પાન: પાનની રાખ ઘીનું મિશ્રણ ચામડીના ચીરા અને વાઢીયામાં, વન્યપ્રાણીનો ખોરાક, દાંતના દુઃખાવામાં, પાનવાટી તેના રસની સાથે જરા મીઠુ/સાકર મેળવી કમળાવાળાને પવાય છે. તાવમાં, ધતૂરાના પાન સાથે વાટીને મરકીની ગાંઠ પર બાંધે છે. પેશાબ બંધ થયો હોય તો રાખ પાણીમાં ઘોળીને પીવડાવે છે. પાનને વાટી તેની પોટીસ આંખ દુઃખતી હોય તેના પર મુકાય છે. પાનનો રસ પાંડુરોગવાળા ને અપાય છે. પાનનો રસ આંખમા આંજવાથી ફુલ્લુ મટી જાય છે.

ફળ: કાચા, વાયુ કરે પાકા મીઠા હોય છે, તે ત્રિદોષ, સોજા, લોહીવીકાર, બળતરા સર્વે રોગને મટાડે છે.

**ફૂલ:** નવેમ્બર-ફ્રેબ્રુઆરી. **ફળ:** માર્ચ-એપ્રિલ.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાત.

ભારત: ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્ર.

વિશ્વ: ભારત, એશિયા, અફ્ઘાનીસ્તાન, પાકીસ્તાન અને આફ્રિકા,

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**નામઃ**

**ગુજરાતીઃ વડ, વડલો**

**હિન્દીઃ બરગા, બડ**

**સંસ્કૃતઃ વટ, ન્યગ્રોધ**

**શાસ્ત્રીયઃ *Ficus benghalensis***



## ૯૩. વડ

**વર્ગઃ** **Moraceae**

**વર્ણનઃ** ૧૨ થી ૧૮ મીટર ઉંચા થતુ સદાહરીત વૃક્ષ થાય છે. વધુ વર્ષ જીવે છે.

શાખાઃ ચારે તરફ ઘણી લાંબી નીકળે છે. અગ્રભાગે અસંખ્ય નાની-નાની ઘણી ઉભી આડી અવળી, નીચી નમતી પ્રતિશાખાઓ આવે છે. લાંબી શાખાઓમાંથી મૂળીયા જેવી ઘણી શાખાઓ ફુટે છે તે વડવાઈ કહેવાય છે. જે જમીન સુધી આડી ઉતરે છે. જે આધાર તરીકે થઈ રહે છે. સ્વતંત્ર ઝાડ બને છે.

પાનઃ પાન પહોળા અને તળીયે ગોળાઈ લેતા ખાંચવાળા, ટેરવે નાની બુઠી પાતળી અણી હોય છે. પાનની ઉપરની સપાટીનો રંગ ઘેરો લીલો અને નીચે ફીકો હોય છે.

ફૂલ/ફળઃ ફૂલ બારીક. તળીયે પહોળી અને નીચેથી ઉપર ગોળ વળેલી કર્ણીકા પુષ્પધાર પર આવેલા હોય છે. જે મથાળે સુક્ષ્મ છીદ્ર હોય છે. જેને વડના ટેટા કહે છે. તેમની અંદર ફૂલ અને ફળ રહેલા હોય છ. ટેટા કાચા હોય ત્યારે લીલા અને પાકે ત્યારે રાતા થાય. કોઈ પણ ભાગ જખ્મી કરતા તેમાંથી દુધ જેવો ધોળો ચીકણો રસ નીકળે છે.

**ઉપયોગઃ**

લાકડુઃ ખેતીના ઓજારોમાં, ઢોર પુરવાના ઢોરવાડીયા, કુબામાં અને બળતણમાં ઉપયોગી છે.

મૂળઃ છાલ આર્યઔષધમાં ‘પંચવલ્કલ’ માની એક છે. દોરી, દોરડામાં, છાલનો ઉકાળો ચિરગુણકારી અને પૌષ્ટિક, ડાયાબીટીસ, બહુમૂત્રના રોગમાં પીચકારી દેવામાં, મોઢુ પાકયુ હોય તો તેના કોગળા કરવામાં, ખાટલાના પાયા, ઘરની થાંભલીઓ બનાવવામાં ઉપયોગી છે.

છાલઃ છાલનો ઉકાળો ગડગુંબડા અને ચાંદા ધોવામાં.

કુપળઃ કુપળ સંગ્રહણી, ઝાડા, દમ, ઉધરસ અને પ્રમેહ પર સાકર કે પીપરની સાથે અપાય છે.

વડવાઈઃ સાકર સાથે પ્રમેહવાળાને અપાય છે.

પાનઃ પાન ગરમ કરી પેટ અને માથાના દુખાવા પર, પતરાળી બનાવવામાં, ઢોરનાં ચારામાં.

ટેટાઃ શાક, અથાણુ, સૂકા ટેટા કવાથ, ચિરગુણકારી, પૌષ્ટીક છે. પશુ અને પક્ષીઓ ખાય છે. વડ રતવા, તરસ, બળતરા, તાવ, મોહ, સોજા, કફ, પિત, ઉલટી, મૂર્છા વગેરે રોગને મટાડે છે. વડવાઈનું દાતણ દુખતા દાંત કે હલતા દાંત બંધ કરવા, વડનુ દુધ સંધિવા બીજા રોગથી દુખતા ભાગ પર ચોપડવામાં, પગના તળીયા કે આંગળામાં ફાટ પડી હોય ત્યા, પ્રમેહ અને પેશાબની ગરમીમાં, ચીરની ગોળી ગોળમા વાળી ઉધરસ, દમવાળાને અપાય છે.

**ફૂલ/ફળઃ** જુલાઈ-માર્ચ.

**જોવા મળતા પ્રદેશોઃ**

ગુજરાતઃ સૌરાષ્ટ્ર, કચ્છ, દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાત.


ભારતઃ ગુજરાત, હિમાલય, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન.

વિશ્વઃ ભારત, શ્રીલંકા, મ્યાનમાર, મલેશીયા, ચીન અને થાઈલેન્ડ.

**વૃક્ષ ઉછેરની રીતઃ** બીજ, રોપ, સ્ટમ્પ, ડાળખી વાવી અને કલમથી.

**નામઃ**
**ગુજરાતીઃ શેમળો**
**હિન્દીઃ શેમુલા, સેમર, રલશેમલ • મરાઠીઃ સામરી, કાટેસામર**
**સંસ્કૃતઃ મોચા, શાલમલી, રકતશા**
**શાસ્ત્રીયઃ *Bombax ceiba***







## ૯૪. શીમળો

**વર્ગ:** **Bombacaceae**

**વર્ણન:** ૪૦ મી. થી ઉંચુ વૃક્ષ થાય છે, ૩ થી ૫ મી. નો ઘેરાવો થાય છે.

થડ: ઉંચુ વધતુ, બધી બાજુ ફેલાતુ, થડમાં કાંટા, આડા ડાળા અને ભીત જેવા ટેકા મુળીયાવાળુ વૃક્ષ છે.

પાન: એક સાથે પાંચ કે સાત, એક ઝુમખા જેવુ દેખાય છે. ચોમાસામાં નવા પાન આવે છે.

ફૂલ: લાલ ચળકતા ફૂલો આવે છે, જેનો ઘાટ નાના પ્યાલા કે વાટકા જેવો હોય છે.

ફળ: કાચા હોય ત્યારે લીલા અને પાકે ત્યારે ભુરા કાળા રંગના, લંબગોળ, કઠણ હોય છે. ફળમાં પાંચ ઉભી નીકો, સફેદ અસ્તરવાળા હોય. ફળમાંથી સફેદ રંગનું રૂ નીકળે છે.

**ઉપયોગ:**

મુળ: ચીરગુણકારી અને પૌષ્ટિક છે. તાજા મુળ ગુરદા અને કુકણાના દર્દમાં, પેશાબની ગરમીમાં સાકર સાથે ઠંડા માટે, સંગ્રહણી અને ઝાડામાં સાકર સાથે ગ્રાહી છે. છાલમાંથી જે ગુંદર જેવો રસ બહાર આવે છે તેને “મોચરસ” કહે છે, મોચરસ પોષ્ટિક કવાથમાં, પાકોમાં, સંગ્રહીણી, ઝાડા અને સ્ત્રીઓના રક્તસ્ત્રાવ ઉપર વપરાય છે. તેનો ચીકણો લુવાબ સાકર મેળવી પ્રમેહ, ઉનવા તથા ધાનુપુષ્ટિને માટે અપાય છે. મોચરસ બહુ મુત્ર પર અપાય છે. મોચરસની બનાવટ “વૃધ્ધગંગાધરચુર્ણ” .

કાંટા: શેમળાના કાંટા ખીલરોગમાં ઉપયોગી થાય છે.

ફળ: સફેદ રંગનું રૂ નીકળે. જે સુવાળ, પોચુ અને મજબુત હોય છે. “ઈન્ડીયન કપોક”/ “શીમળાનું રૂ” નામે વિશ્વ વિખ્યાત છે. ગાદલા-તકીયા વગેરે ભરવામાં વપરાય છે. લાઈફ બેલ્ટ એટલે કે પાણીમાં તરવામાં અનેક જાતના પટટાઓ બનાવવામાં વપરાય છે.

પાન: ઢોરનો ઘાસચારો, વાળાના સોજામાં, પાનને વાટી લેપડી ગડગુમડાં અને બળતરા પર મુકવામાં .

ફૂલ: તાજા ફૂલનો રસ નવસેકા પાણીમાં/ દુધમાં નાખી પીવાથી ઝાડા બંધ થાય. રક્તસ્ત્રા બંધ કરવા, ફૂલ બાફી ફૂલમાથી પાણી કાઢી રાત્રીભર રાખી મહુડાના ચુર્ણમાં નાખી પીવાથી પ્લીહોદર પોચુ પડે છે.

લાકડુ: નરમ અને પોચુ હોવાથી બળતણ તરીકે હલ્કા રમકડા બનાવવામાં.

છાલ: દોરી બનાવવામાં, છાલનો રસ હળદરના ચુર્ણમાં મધની સાથે ખાવા પ્રમેહ મટે. દાહ શાંત થાય છે.

**ફૂલ:** જાન્યુઆરી-ફેબ્રુઆરી. **ફળ:** ફેબ્રુઆરી-માર્ચ.

**જોવા મળતા પ્રદેશ:**

ગુજરાત: દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર.

ભારત: હિમાલય, ગુજરાત, મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્ર

વિશ્વ: આફ્રિકા, ભારત, મ્યાનમાર, શ્રીલંકા, જાવા, હિમાલય અને ઓસ્ટ્રેલીયા.


**વૃક્ષ ઉછેરની રીત:** રોપ અને સ્ટમ્પથી.


**નામઃ**

**ગુજરાતીઃ સીસુ**

**હિન્દીઃ શીશમ, સીસુ**

**શાસ્ત્રીયઃ *Dalbergia sissoo***









## ૯૫. સીસુ

**વર્ગઃ** **Fabaceae/Leguminosae**

**વર્ણનઃ** ૧૫ થી ૨૫ મી. સુધીની ઉંચાઈના વૃક્ષો થાય છે.

થડઃ મોટાભાગે થડ બહુ સીધુ થતુ નથી. છાલ જાડી અને ભુખરા રંગની હોય છે, તેમાં આછી ઉભી તીરાડો હોય છે. લાકડું ઘેરાબદામી રંગનું હોય છે, તેમાં કાળી લીટીઓ હોય છે.

પાનઃ પાન એક સાથે ત્રણથી પાંચ હોય છે, સીસમની જેવા જ પરંતુ આગળથી અણી કાઢતા હોય છે.

ફળઃ પાપડી કાચી હોય ત્યારે લીલી અને પાકે ત્યારે કથ્થાઈ રંગની થાય.

**ઉપયોગઃ**

લાકડુઃ લાકડુ કઠણ, મજબુત અને ટકાઉ હોય છે. સુંદર પોલીશ કામ થાય છે, મકાન, ફર્નીચર, રેલ્વેના સલેપાટ બનાવવા તેનું લાકડુ ખાસ વપરાય છે.

પાનઃ સારા ચારા તરીકે ઉપયોગમાં આવે છે.

**ફૂલઃ** માર્ચ - મે. **ફળઃ** જુલાઈ-ડિસેમ્બર.

**જોવા મળતા પ્રદેશઃ**

ગુજરાતઃ ગુજરાતમાં સીસુના વૃક્ષ નથી. પરંતુ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર, આણંદ, અમદાવાદ, કાકરીયા, તેમજ બાગ અને રસ્તા પર, રેલ્વે કોલોનીમાં વાવેતર કરવામાં આવે છે.

ભારતમાંઃ ગુજરાત, હિમાલય, આસામ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન.

વિશ્વમાંઃ ભારત, અફ્ઘાનીસ્તાન,(દક્ષીણ-ઉત્તર) પાકીસ્તાન અને ઈરાન.

**વૃક્ષ ઉછેરની રીતઃ** બીજ, રોપ અને સ્ટમ્પથી.

**"વન હૈ સોના, ઈસે ન ખોના."**

**"પ્રકૃતિનો અવરોધ પણ મનુષ્ય છે**
**અને સમજણ પણ મનુષ્ય છે."**

**નામઃ**

**ગુજરાતીઃ શીસમ, સીસમ, બીટી**

**હિન્દીઃ શાસુ • મરાઠીઃ સીસમ**

**સંસ્કૃતઃ શીશપા**

**શાસ્ત્રીયઃ *Dalbergia latifolia***





# ૯૬. સીસમ

**વર્ગ:** **Fabrceae/ Leguminosae.**

**વર્ણન:** ૧૫ થી ૨૦ મી. સુધીની ઉંચાઈના વૃક્ષ થાય છે.

થડ: મોટુ અને જાડા થડવાળુ ઝાડ છે. છાલ જાડી અને ભુખરા રંગની હોય છે, તેમાં આછી ઉભી તીરાડ હોય છે. થડ/પાકી ડાળ ખરબચડી, ભુરા રંગની હોય છે.

પાન: સીસમના પાનમાં આગળની અણીથી અંદર તરફ ખાચો હોય છે. પાન એક સાથે ત્રણથી સાત હોય છે.

ફળ: પાતળા, ભુરા રંગની ચપટી પટી જેવા અને ચળકતા હોય છે.

**ઉપયોગ:**

લાકડું: લાકડું કિંમતી, પ્લાયવુડને માફક લાકડું આપે, લાકડુ ઘેરા બદામી રંગનું અને તેમા કાળી લીટીઓ હોય છે. સુંદર પોલીશકામ થાય છે. મકાન, ફર્નિચર, રેલ્વેના ડબ્બા અને ગાડા બનાવવામાં તેનું લાકડુ ખાસ વપરાય છે.

પાન: ઢોરના ચારામાં, પાન વાટી ગડગુંબડામાં, સોજા ઉપર લગાવાય છે.

**ફૂલ:** માર્ચ-ઓગષ્ટ. **ફળ:** મે-નવેમ્બર.

**જોવા મળતા પ્રદેશ:**

ગુજરાત: દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર.


ભારત: ગુજરાત, સિક્કીમ, બિહાર, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન.

વિશ્વં: ભારત.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ, રૂટ સકર અને સ્ટમ્પથી.

**નામઃ**
**ગુજરાતીઃ સાગ**
**હિન્દીઃ સાગુન • મરાઠીઃ સાગવન**
**સંસ્કૃતઃ શાક • અંગ્રેજીઃ Teak**
**શાસ્ત્રીયઃ *Tectona grandis***







## ૯૭. સાગ

**વર્ગ:** **Verbenaceae**

**વર્ણન:** પાનખર વૃક્ષ છે, જેની ઉંચાઈ ૫ મી. થી ૫૦ મી. હોય છે.

થડ: થડ લાંબુ, ગોળ, બટ્રેસ ભાગ્યે જોવા મળે છે. મથાળાનો ઘેરાવો સામાન્ય રીતે ગોળ. છાલનો રંગ ફીકો સફેદ અને તેમા છાલમાં ઉભા ચીરા હોય છે. જે પાતળા પડોમાં ઉખડે છે.

લાકડુ: લાકડુ પીળુ અને નકશીદાર, ટકાઉ, મજબુત ખુબજ કિંમતી હોય છે. લાકડુ સહેજ કઠણ અને તાજુ હોય ત્યારે પીળાશ પડતું હોય છે.

શાખા: શાખાઓ ઝાડી અને પ્રતિ શાખાઓ ફીકા ધોળા રંગની હોય છે.

પાન: સામ-સામા, લાંબા, ખુબ પહોળા અને ખરબચડા હોય છે.

ફૂલ: ઝુમખાઓમાં સફેદ રંગના હોય છે.

ફળ: કાચા હોય ત્યારે લીલા અને પાકે ત્યારે આછા બદામી રંગના. એક ફળમાં બે થી ત્રણ બીજ હોય છે. પ્રકાશની ખુબ જ જરૂરીયાત રહે છે. ૫૦ થી ૬૦ વર્ષે કાપવામાં આવે છે.

**ઉપયોગ:**

લાકડુ: સૌથી કિંમતી અને ઉપયોગી છે. વહાણ, રેલ્વેના ડબ્બા, મકાનો અને ફર્નીચર બનાવવામાં, પોલીશ થયા પછી સુંદર લાગે છે. લાકડુ અજીર્ણ અને સંધીવામાં ઉપયોગી છે.

છાલ: મુળ અને થડની છાલ કફ અને ઉદરસ ઉપર અપાય છે.

પાન: પતરાળી અને પડીયા બનાવવામાં અને પીતવિકારમાં અપાય છે.

ફૂલ: સાકર સાથે પ્રમેહ ઉપર ખવરાવવામાં આવે છે.

બીજ: બીજનું તેલ માથાના ખરતા વાળ બંધ કરવા, બીજને પેડુ પર બંધાણ કરવાથી બંધ પેશાબ ખુલ્લી જાય છે.

**ફૂલ:** જુલાઈ-ઓગષ્ટ. **ફળ:** નવેમ્બર-ડિસેમ્બર.

**જોવા મળતા પ્રદેશ:**


ગુજરાત: બનાસકાંઠા, કચ્છ, મહેસાણા સિવાયના સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાત.

ભારત: ગુજરાત, ઓરિસ્સા, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન

વિશ્વમાં: ભારત, મલાયા, અને જાવા.


**વૃક્ષ ઉછેરની રીત:** બીજ, રોપ અને સ્ટમ્પથી.

**નામઃ**
**ગુજરાતીઃ સવન, શિવન**
**હિન્દીઃ ગંહાર, કલહાર, શિવન, ગામભર, કંભારી**
**મરાઠીઃ ગભાર, શિવન, કમાર**
**સંસ્કૃતઃ શ્રીપર્ણિ, કંભારી, ગંભારી, કાશ્મરી, ભદ્રપર્ણી**
**શાસ્ત્રીયઃ *Gmelina arborea***









## ૯૮. સવન

**વર્ગ:** **Verbenaceae**

**વર્ણન:** ૧૫ થી ૨૦ મી.ઉંચુ વૃક્ષ થાય છે.

થડ: સાગના વૃક્ષને મળતુ આવે છે, લાકડુ પીળાશ પડતુ, હલકુ, સરખા રેસાવાળુ અને ટકાઉ હોય છે.

પાન: સાગના પાનથી નાના, પીપળના પાન જેવા આકારના સામ-સામા હોય છે. ડીંટડી પાસે સાકડા, વચમાં પહોળા અને ટેરવે લાંબી અણીવાળા હોય છે. પાનની ઉપરની સપાટી લીલા રંગની નીચેની આછી લીલી હોય છે.

ફૂલ: ભૂરાશલેતા પીળા રંગના હોય છે.

ફળ: લંબગોળ, જાંબુ જેવડા, કાચા હોય ત્યારે લીલા અને પાકે ત્યારે પીળા રંગના રસદાર, ચળકતા અને લીસા હોય છે.

**ઉપયોગ:**

લાકડુ: લાકડામાંથી પાટીયા સારા પડે, પોલીશ સારુ થાય છે, રેલ્વેના ડબ્બા, ફર્નિચર, પેટીઓ અને દિવાસળી બનાવવામાં તથા વિવિધ સુથારી કામોમાં વપરાય છે.

મૂળ: મૂળનો કાઢો સાકર અને જેઠીમધ સાથે ખાવાથી સ્ત્રીના દૂધની વૃધ્ધિ થાય છે. સંધિવા, વિસ્ફોટક, ખરજવા, રકતપિત, સંગ્રહણિ, અર્જીણ અને ઉલટીમાં મૂળનો કવાથ મરી સાથે અપાય છે.

પાન: પાનનુ બંધારણ રસવિકાર અને સંધિવાના સોજા પર, ઢોરનો ચારો, પાનનો રસ પ્રમેહ અને પેશાબની ગરમી ઉપર અપાય છે.

ફૂલ: રંગકામમાં.

ફળ: રંગકામમાં, રસાયન છે, મૂત્રકૃચ્છ, રકતપિત, રકતદોષ, આમવાત, તરસ, ક્ષય, દાહ, વાત, પ્રદર વગેરે રોગને મટાડે છે.

**ફૂલ:** ફેબ્રુઆરી થી એપ્રિલ. **ફળ:** મે-જૂન.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાત.

ભારત: ગુજરાત, હિમાલય, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન.

વિશ્વ: ભારત, પાકિસ્તાન, હિમાલય, શ્રીલંકા, બાંગ્લાદેશ અને ફીલીપાઈન્સ.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ, રોપ અને સ્ટમ્પથી.

**"વૃક્ષનો વૈભવ એ જીવનનો વૈભવ છે."**

**નામઃ**

**ગુજરાતીઃ સાદડ**

**હિન્દીઃ કૌહ**

**શાસ્ત્રીયઃ *Terminalia elliptica***





## ૯૯. સાદડ

**વર્ગઃ** **Combretaceae**

**વર્ણનઃ** ૧૫ થી ૨૦ ઉંચુ વૃક્ષ થાય છે.

થડઃ સફેદ ભૂરા રંગનુ, મગરની ચામડી જેવા ભીંગડાવાળુ, ખરબચડુ હોય છે. થડ સીધુ અને લાકડુ સખત હોય છે.

પાનઃ અર્જૂન સાદડના પાનથી નાના થાય છે. પાન ટીમરૂના પાનને મળતા આવે.

ફૂલઃ ધોળા, આછા ક્રીમ, પીળા, ૧૦-૨૫ સે.મી લાંબા હોય છે.

ફળઃ કાચા હોય ત્યારે લીલા અને પાકે ત્યારે આછા કાળાશ પડતા ભૂખરારંગના જેયણી જેવા હોય છે.

**ઉપયોગઃ**

લાકડુઃ મકાન બાંધકામમાં, બળતણ તરીકે ઉપયોગી છે. પાણીની અંદર વપરાય તો પણ ટકી રહે છે.

છાલઃ ચામડા પકવવા, સૂકી છાલ અને કુમળી ડાળીમાથી ૧૮ થી ૨૪ ટકા સુધી ટેનીન નીકળે છે.

**ફૂલઃ** ફેબ્રુઆરી-મેં. **ફળઃ** એપ્રિલ- ડિસેમ્બર.

**જોવા મળતા પ્રદેશોઃ**

ગુજરાતઃ સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાત.

ભારતઃ ગુજરાત, મધ્ય પ્રદેશ, હિમાલય, સિક્કીમ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન.

વિશ્વઃ ભારત, શ્રીલંકા અને નેપાળ.

**વૃક્ષ ઉછેરની રીતઃ** બીજ, રોપ અને સ્ટમ્પથી.

**"વન એ પ્રકૃતિનો પ્રગટ ચહેરો છે."**

**"નિજ પુત્રો એ જ ચીર લીલા માતાનાં હણ્યાં,**
**પૂછે છે ધરતી પ્રેમભાવ મારા કયાં ખૂટયા."**

**નામઃ**

**ગુજરાતીઃ સલાઇ, ધુપીલો, ગુગળ, સાલેડી**

**શાસ્ત્રીયઃ *Boswellia serrata***

## ૧૦૦. સાલેડી

**વર્ગ:** **Burseraceae**

**વર્ણન:** ૧૦ થી ૧૫ મીટર ઉંચુ વૃક્ષ થાય છે. સમૂહમાં જોવા મળે છે.

થડ: પીળાશ પડતા સફેદ રંગનું તેના ઉપરથી ફોતરા ઉખડતા જોવા મળે છે.

શાખા: ૧૫ થી ૨૫ સે.મી. લાંબી વાંકીચુકી નીકળેલી હોય છે.

ફૂલ: સફેદ રંગના આવે છે. ઝાડમાંથી ગુંદર નીકળે છે, જે 'ગમરેઝિન' પ્રકારનો હોય છે.

**ઉપયોગ:**

લાકડુ: બોક્સ, પેપરો અને પેકિંગ બનાવવામા આવે છે.

ગુંદર: 'ગમરેઝીન' ગુંદર ધૂપ અને અગરબતીમાં ઉપયોગી છે. તેનો ધૂમાડો જંતુનાશક ગણાય છે. લીંબુનો રસ અને ટોપરાના તેલ સાથે ગુંદર મેળવી બનાવેલ મલમ ચામડીના ગુપ્તરોગો પર ઉપયોગી છે. ઝેરી જનાવરોના ડંખ પર લગાવવામાં આવે છે.

**ફૂલ:** ડિસેમ્બર-એપ્રિલ. **ફળ:** મે-જુલાઈ.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાત.

ભારત: ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, હિમાચલ પ્રદેશ, કર્ણાટક, તામિલનાડુ, હિમાલય, બિહાર અને રાજસ્થાન.

વિશ્વ: ભારત.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ, રોપ અને સ્ટમ્પથી.

**"નિરોગી હવાને નિર્મળ જળ પામવા વૃક્ષો વાવીએ."**

**"પ્રકૃતિ વિશેની ચર્ચા જ મનુષ્યનો સૌથી મોટો દંભ છે.<br>પ્રકૃતિ આપણાથી જળવાય તેટલી તે રાંક નથી."**

**નામઃ**
**ગુજરાતીઃ સપ્તપર્ણી, સાતવન**
**હિન્દીઃ છીતવન, સતૌના**
**સંસ્કૃતઃ સપ્તપર્ણી, વિશાલત્વક • અંગ્રેજીઃ** Dita
**શાસ્ત્રીયઃ** *Alstonia scholaris*







# ૧૦૧. સપ્તપર્ણી

**વર્ગ:** **Apocynaceae**

**વર્ણન:** મોટુ વૃક્ષ થાય છે, દેખાવમાં ખુબ જ સુંદર લાગે છે.

થડ: ખરબચડી અને ઘેરી રાખોડી હોય છે.

શાખા: ચારેબાજુથી નીકળેલી હોય છે. જેથી વૃક્ષ ભરેલુ છત્રીના ઘુમ્મટ જેવું દેખાય છે.

પાન: ૫ થી ૭ કોઈ વાર ૮ પાન જોડીમાં સુંદર રીતે ગોઠવાયેલા. શીમળાના પાનને મળતા આવે છે. પાંદડામાં સફેદ દૂધ જેવો કડવો રસ નીકળે છે.

ફૂલ: લીલાશ પડતા. ધોળા રંગના ગુચ્છાદાર આવે છે.

ફળ: ઈન્દ્રજવની જેમ પાતળી અને એક ફૂટ લાંબી શીંગો આવે છે.

**ઉપયોગ:**

છાલ: સૂકવેલી છાલ અતિસાર, મરડા તથા મેલેરીયાના તાવમાં ઉપયોગી છે. ચામડીના રોગો માટે પણ લાભદાયક છે.

ફૂલ: ખાંસી અને દમમાં થોડી પીપર સાથે અને મધ સાથે ચાટવું.

ફળ: હેડકી તથા શ્વાસાં સપ્તપર્ણીનો રસ અરડુસીનો રસ, પીપળ અને આદુનો રસ, મધ સાથે પીવો. સપ્તપર્ણી તીખી, તૂરી, કડવી, ઉષ્ણ અને હળવી છે. જે રકતદોષો, કૃમિ, પ્રમેહ, મેલેરીયા, શ્વાસ, દમ, ઉધરસ, કફ, પિત, સતિકાજવર તેમજ હેડકીનો નાશ કરે.

**ફૂલ:** સપ્ટેમ્બર અને નવેમ્બર માસમાં આવે છે.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાત.

ભારત: ગુજરાત, હિમાચલ પ્રદેશ અને કેરાલા.

વિશ્વ: ભારત, બંગાળ, દક્ષિણભારત, આસામ, કોંકણા અને બર્મા.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**“વૃક્ષ છે તો વિશ્વાસ છે,**
**વિશ્વાસ છે તો વરસાદ.”**

**નામઃ**

**ગુજરાતીઃ સીતાફલ**

**હિન્દીઃ શરીફા, સીતાફલ**

**સંસ્કૃતઃ સીતાફલ, બહુબીજક • અંગ્રેજીઃ Sugar apple**

**શાસ્ત્રીયઃ *Annona squamosa***





## ૧૦૨. સીતાફળ

**વર્ગઃ** **Annonaceae**

**વર્ણનઃ** ૧૦ થી ૧૫ ફુટના વૃક્ષ થાય છે.

થડઃ ભૂખરા કથ્થાઈ રંગનુ, ખરબચડી છાલવાળુ હોય છે. છાલ પર ઉભા ચીરા પડેલા હોય.

પાનઃ આસોપાલવના પાન કરતા થોડા નાના તેના જેવા હોય છે. પાન ઝેરી લીલા રંગના હોય છે. કુમળા પાન આછાલીલા રંગના હોય છે.

ફૂલઃ સફેદ ક્રીમ રંગના, ત્રણ પાંદડીઓમા હોય છે. ફૂલની પાંદડીનો અંદરનો રંગ પીળાશ પડતો ક્રીમ અને બહારનો રંગ આછો લીલાશ પડતો ક્રીમ હોય છે.

ફળઃ સહેજ લંબગોળ, રામફળ જેવા પરંતુ મગરની પૂછડીના ભીંગડા જેવી ફળની છાલ હોય છે. અંદરનો ગર્ભ સફેદ મલાઈ જેવો એક ફળમાંથી ઘણા બધા કાળા રંગના બીજ નીકળે છે.

**ઉપયોગઃ**

પાનઃ પાનવાટી રસ માથામાં ઝુ પડી હોય ત્યારે ઉપયોગી છે, ઢોરને પડેલા ભાઠામાં જીવાત મારવા રસ નખાય છે.

ફળઃ સ્વાદીષ્ટ અને ખૂબ મીઠો ગર્ભ હોય છે. ફળ વન્ય પ્રાણી, પક્ષીઓ તથા મનુષ્ય ખાય છે. બી માથામાં પડેલ ઝુ તથા લીખો મારવામાં વપરાય.

**ફૂલઃ** ઓગષ્ટ- ઓક્ટોબર. **ફળઃ** ઓક્ટોબર-નવેમ્બર.

**જોવા મળતા પ્રદેશોઃ** સર્વત્ર જોવા મળે છે.

**વૃક્ષ ઉછેરની રીતઃ** બીજ અને રોપથી.

**“વનન, વૃક્ષો, વેલીઓ, ખીણો ને પર્વતોને,**
**રાની પશુઓ, પ્રાણીઓ, અને પક્ષીઓને,**
**સહભાગી વન જીવનનાં છે ખરાં જે સાથી,**
**વનવાસી અને વન રક્ષક સૌ વનપ્રેમીઓને.”**


**નામઃ**


**ગુજરાતીઃ હરડે**

**શાસ્ત્રીયઃ *Terminalia chebula***









## ૧૦૩. હરડે

**વર્ગ:** **Combretaceae**

**વર્ણન:** ૯ થી ૨૦ મી. ઉંચુ વૃક્ષ થાય છે.

થડ: થડ ભુરા કાળા રંગનું, ખરબચડી છાલ વાળુ હોય છે.

શાખા: શાખાઓ અનેક હોય છે, ડાળીઓ નીચે ઢળકતી હોય છે.

પાન: વચ્ચે લીલાશ પડતા સફેદ રંગની નસ હોય છે. સાદડના પાનથી નાના તેના જેવા હોય છે. કુમળા પાન રાતાશ પડતા રંગના સુક્ષ્મ રૂંવાટી વાળા હોય છે.

ફૂલ: ફૂલ ક્રીમ -સફેદ આછા પીળા રંગના હોય છે.

ફળ: કાચી હરડે ખરી સુકાય તે હિમેજ કહેવાયે. મોટી પરીપક્વ હરડે સુરવારી કહેવાય. હરડેને માતા તુલ્ય કહી છે. ફળ કાચા હોય ત્યારે લીલા અને પાકે ત્યારે ભુરા કાળાશ પડતા રંગના થાય છે. ફળ લાંબા, આગળથી સહેજ અણીવાળા અને પાછળથી ડીટડીવાળા હોય છે.

**ઉપયોગ:**

લાકડુ: ફર્નીચર બનાવવામાં, મકાન બાંધવા, ખેતીના ઓજારો બનાવવામાં.

ફળ: હરડેના સેવનથી તંદુરસ્તી મળે છે. ફળ વિરેચનમાં, ઝાડા સાફ લાવવામાં, વિરેચક બધી દવાઓમાં શ્રેષ્ઠ છે. તેનો ગ્રાહી ગુણ હોવા છતા વિરેચનનું કાર્ય અદભુત છે. જેથી વિરેચન સિવાય આતરડાને બળવાન બનાવે છે. મરેલા પશુના ચામડાને નરમ, મજબુત બનાવવામાં તેનુ પાણી વપરાય છે.

**ફૂલ:** માર્ચ- મે. **ફળ:** જૂન-ડિસેમ્બર

**જોવા મળતા પ્રદેશ:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, ડાંગ, .ઉ ગુજરાત, દ. ગુજરાત અને મધ્ય ગુજરાત.

ભારત: ગુજરાત, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન.

વિશ્વમાં: ભારત, શ્રીલંકા, મ્યાનમાર અને મલાયા.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.

**"સુખ સમૃધ્ધિની જેને હોય ચાહના,**
**રાખવી એણે વૃક્ષારોપણી ભાવના."**

**નામઃ**

**ગુજરાતીઃ હરમો બાવળ, પીળો બાવળ**

**હિન્દીઃ સફેદફીકર, સફેદબબુલ**

**મરાઠીઃ હીચર, નીમ્બર, પાન્ઢરીબાબુલ**

**સંસ્કૃતઃ સ્વેતબરબુર, અરિમેદ**

**શાસ્ત્રીયઃ** ***Acacia leucophloea***







## ૧૦૪. હરમો બાવળ

**વર્ગ:** **Fabaceae/ Leguminosae**

**વર્ણન:** ૫ થી ૭ મીટર ઉંચુ વૃક્ષ થાય છે.

થડ: બહારથી પીળાશ પડતા ભૂરા રંગની લીસી છાલ, અંદરથી રાતી હોય છે. તે પોચી બટકણીને દાણાદાર હોય છે. ધોળા રંગના કાંટા આવેલા હોય છે. અંતર છાલ મજબુત રેસાવાળી, સુકાય ત્યારે રાતી વાસ ઉગ્ર અને સ્વાદ તુરો હોય છે.

પાન: આંતરે આવેલા એક જ જગ્યાએથી બબ્બે, છ, ચાર, પાસે-પાસે નીકળેલા હોય છે. પાન પર બે હારે ૩૦ થી ૪૫ સુક્ષ્મ, લીસા, ઝાડા અને લીલા રંગના પાન આવેલા હોય છે.

ફૂલ: નાની દડી આવે છે.

ફળ: પાતળી, ચપટી અને લાંબી, વાંકીચુકી ભૂરા રંગની થાય છે.

**ઉપયોગ:**

લાકડું: મજબુત ખેતીના ઓજારો બનાવામા, બળદગાડાના પૈડા બનાવામા, બળતણ તરીકે.

મૂળ: પાણીમાં ઘસી વાળાના સોજા પર ચોપડાય છે.

છાલ: રંગકામ, નહી રૂજાતા ચાંદા ધોવામાં, દારૂ બનાવવામાં, છાલમાંથી નીકળતા રેસા માછીમારો જાળની દોરી બનાવે છે. ચામડું પકવવામાં.

પાન: રંગકામમાં, વન્યપ્રાણીના ખોરાક તરીકે.

ફૂલ: રંગકામમાં.

ફળ: વન્યપ્રાણીના ખોરાક તરીકે.

ગુંદર: વાળાના ઉપર ચોપડાય છે.

**ફૂલ:** જૂન- નવેમ્બર. **ફળ:** જુલાઈ-જાન્યુઆરી.

**જોવા મળતા પ્રદેશો:**

ગુજરાત: સૌરાષ્ટ્ર, કચ્છ, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાત.

ભારત: ગુજરાત, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન.

વિશ્વ: ભારત, પાકીસ્તાન, શ્રીલંકા અને ટીમોર.

**વૃક્ષ ઉછેરની રીત:** બીજ અને રોપથી.



**"વૃક્ષોથી સોહામણાા ડુંગરા, વૃક્ષોથી સોહામણું ગામ,**
**વૃક્ષો લાવે મેહુલો, વૃક્ષ એક દેવદૂત સમાન."**

**નામઃ**
**ગુજરાતીઃ હલદુ, હળદરવો**
**હિન્દીઃ હરદા, હરદુ, હલદવા**
**સંસ્કૃતઃ હરિદ્રુમ**
**શાસ્ત્રીયઃ *Haldina cordifolia***







# ૧૦૫. હળદરવો

**વર્ગ:** **Rubiaceae**

**વર્ણન:** ૮ થી ૨૦ મી. ઉંચુ થતુ પાનખર વૃક્ષ છે.

થડ: ઉંચુ ને ઝાડુ થાય છ. લાકડુ પીળુ, મધ્મ ઘનતાવાળુ તથા લીસુ હોય છે. રાખોડી રંગના ચીરા પડેલા હોય છે.

શાખા: સીધી જાય છે. ઘુમ્મટ પહોળુ હોય છે. રાખોડી રંગની, કોમળ શાખા રતાશ પડતા ભૂરા રંગની તે પર ભૂરાવાળની રૂવાટી હોય છે.

પાન: હદય આકારના હોય છે.

ફૂલ/ફળ: કલમના ફૂલ/ફળ ની જેવા તેનાથી થોડા લીસા હોય છે. દર વર્ષ મોર આવી ડોડવા બેસે છે.

**ઉપયોગ:**

લાકડું: મકાન, ફર્નિચર, બોબીન, રમકડા તથા ઘરશૃંગારની નાની ચીજવસ્તુઓ બનાવામા. થડની છાલ ન રૂઝાતા ગડગુંબડા પર અને લાકડામાંથી રમકડા બને છે.

મૂળ: છાલ ઝેરી જનાવરોના ડંખ ઉપર.

પાન: પતરાળી, ઢોરને ખવરાવામાં.

ફૂલ: ફૂલ સુંઘવાથી માથાનો દુ:ખાવો ઓછો થાય છે, લાંબો સમય સુંઘવાથી નશો ચડે છે. હળદરવો કફ, ઉલટી ને મટાડે, પિતને ટાળે અને શરીરની ક્રાંતિને વધારે છે.

**ફૂલ:** એપ્રિલ-સપ્ટેમ્બર. **ફળ:** ઓકટોબર-મે.

**જોવા મળતા પ્રદેશો:**

**ગુજરાત:** સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાત.

**ભારત:** ગુજરાત, સિક્કીમ, હિમાલય, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન.

**વિશ્વ:** ભારત, મ્યાનમાર, બાંગ્લાદેશ અને શ્રીલંકા.

**વૃક્ષ ઉછેરની રીત:** રોપથી.

**"દંશકૂપા સમા વાણી, દસવાણી સમો હૃદ ।**
**દશહૃદસમઃ પુત્રઃ, દશ પુત્ર સમો દ્રૂમઃ ॥"**